આઈપીએલ આજની મેચ
રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર VS રાજસ્થાન રોયલ્સ
સાંજે ૭:૩૦ કલાકે

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ    પાના: ૧૪
તા. ૨૪-૪-૨૦૨૫, ગુરૂવાર
વર્ષ: ૧૪, અંક : ૩૯

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4  ABATAK-RAJKOT  0281- 2461234, 2460999  94266 72303  abataknews@gmail.com  @abtakmedia







# “ના-પાક” લોકોના દાણા-પાણી અને આવન-જાવન બંધ કરતું ભારત!!

## પાક.ની ‘ફાઈવસ્ટાર’ સર્જરી

- પાકિસ્તાન સાથેનો સિંધુ જળ કરાર સ્થગિત
- અટારી-વાઘા બોર્ડર બંધ
- પાકિસ્તાની નાગરિકોને વિઝા નહીં અપાય
- લશ્કરી સલાહકારોને પરત મોકલાયા
- પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકમાં ભારત દેશ છોડી દેવા આદેશ

**અબતક, નવી દિલ્હી**

ધરતી પરના સ્વર્ગ જમ્મુ કાશ્મીર પર સમયાંતરે થતા નાપાકોના હુમલાઓ અવગણી શકાય નહીં. ખાસ કરીને તાજેતરમાં પહેલગામમાં ૨૨ એપ્રિલના રોજ થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ પ્રવાસીઓના મૃત્યુ બાદ, પાકિસ્તાનને જડબાતોડ જવાબ દેવો જરૂરી બન્યો છે. ત્યારે ભારતે પાકિસ્તાન સામે કડક પગલાં લીધા છે. કેબિનેટ કમિટી ઓન સિક્યુરિટી (સીસીએસ) એ ૧૯૬૦ની ઐતિહાસિક સિંધુ જળ સંધિને તાત્કાલિક અસરથી સ્થગિત કરી દીધી છે. હુમલાની તપાસમાં પાકિસ્તાનના જોડાણો સામે આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.



સિંધુ જળ સંધિ સ્થગિત થવાથી ભારત હવે સિંધુ નદી અને તેની ઉપનદીઓમાંથી પાકિસ્તાન તરફ જતા પાણીનો પ્રવાહ રોકી દેશે. આ નદીઓ પાકિસ્તાનમાં ખેતી માટે અત્યંત મહત્વની છે અને લાખો લોકોના જીવન પર તેની અસર પડશે.

આ ઉપરાંત, ભારતે અટારી-વાઘા ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ પણ તાત્કાલિક બંધ કરી દીધી છે. ભારતમાં માન્ય વિઝા ધરાવતા તમામ પાકિસ્તાની નાગરિકોને ૧ મે, ૨૦૨૫ સુધીમાં આ સરહદ પાર કરીને ભારત છોડવા માટે કહેવામાં આવ્યું છે. ત્યારબાદ આ પોસ્ટ સંપૂર્ણપણે બંધ રહેશે.

ભારત સરકારે પાકિસ્તાની નાગરિકોને જારી કરાયેલા તમામ સાર્ક વિઝા એક્ઝેમ્શન સ્કીમ વિઝા પણ રદ કરી દીધા છે. આ યોજના હેઠળ ભારતમાં હાજર પાકિસ્તાની નાગરિકોને ૪૮ કલાકની અંદર દેશ છોડી દેવાનો આદેશ આપવામાં આવ્યો છે.

રાજદ્વારી સ્તરે પણ ભારતે કડક પગલાં લીધા છે. નવી દિલ્હીમાં પાકિસ્તાની હાઈ કમિશનના લશ્કરી સલાહકારો (નૌકાદળ અને હવાઈ અધિકારીઓ સહિત) ને એક અઠવાડિયાની અંદર ભારત છોડવા માટે કહેવામાં આવ્યું

(અનુ. આઠમા પાને)

## સ્થાનિક લોકો સાથે ૬૦ જેટલા આતંકવાદીઓ “હરામીવેળા” કરવા સક્રિય

### સક્રિય આતંકીઓમાં ૩૫ લશ્કર-એ-તોયબા, ૨૧ જૈશ-એ-મોહમ્મદ અને ૪ હિઝબુલ મુજાહિદ્દીનના સભ્યો

સુરક્ષા એજન્સીઓના તાજેતરના મૂલ્યાંકન અનુસાર, જમ્મુ અને કાશ્મીરમાં હાલમાં લગભગ ૬૦ જેટલા વિદેશી આતંકવાદીઓ સક્રિય છે, જેમાં સ્થાનિક સ્તરે આ આંકડો ૨૦ની આસપાસ છે. પહેલગામમાં થયેલા પ્રવાસીઓ પરના હુમલામાં સ્થાનિક અને વિદેશી આતંકવાદીઓની સંડોવણીની આશંકાને પગલે, સુરક્ષા એજન્સીઓ હવે તમામ

(અનુ. આઠમા પાને)

## સમતા-સહનશીલતા-સહૃદયતાના ત્રિવેણી સંગમના તીર્થ સ્વરૂપા શ્રીજશવંતીબાને છઠ્ઠી પૂણ્યતિથિએ આદરભીની અંજલી!

### “મોઢે બોલુ માઁ ત્યાં સાચે જ બાળપણ સાંભરે પછી મોટપની મજા મને કડવી લાગે કાગડા”



“માઁ” શબ્દનો ઉદગાર થતાની સાથે જ સાતેય કોઠે આહલાદક ટાઢકનો અનુભવ થાય છે. “માઁ” એક શબ્દ નથી પરંતુ સંપૂર્ણ સંસાર છે. માતાની હયાતી ગમે તે સ્થાન પર પહોચી ચૂકેલી વ્યક્તિ માટે હુંફ આપનારી રહે છે. જ્યારે માતાની સદેહ હયાતી નથી હોતી ત્યારે જીવનમાં કયારેય ન પુરી શકાય તેવો ખાલીપો સર્જાય જાય છે.

મહેતા પરિવાર પ્રેમનું શિતળ ઝરણુ સદાકાળ વરસાવનાર શ્રી જશવંતી બાની આજે છઠ્ઠી પૂણ્યતિથી છે. છ-છ વર્ષના વહાણા વિતી ગયા હોવા છતા આજે પણ પૂ. જશવંતી બા પરિવારના તમામ સભ્યો પર પ્રેમ અને અવિરત કૃપા વરસાવી રહ્યા હોય તેઓ અહોભાવ થઈ રહ્યો છે.

ખરેખર-દુષ્પ્રતિકારૌ માતા-પિતરૌ અર્થાત માતાપિતાનાં ઉપકારનો બદલો વાળવો દુષ્કર જ નહિ પણ અશકય છે. માતા એ જન્મ આપી આ દુનિયા બતાવી, પિતાએ લાડકોડથી ઉછેર કર્યો, સંસ્કારનું સિંચન કર્યું ને પા.પા. પગલી ભરતા અહીં સુધી પહોંચાડયા.

દેહમાંથી દેહ, જીવમાંથી જીવ અને અપેક્ષા વિના પારાવાર સ્નેહ આપ્યો. માત્ર જન્મદાત્રી જ નહિ, પણ જીવનદાત્રી ને સંસ્કારદાત્રી હતા (૧) કરૂણામૂતિ (૨) સમતા મૂર્તિ (૩) સહન શીલતાની મૂર્તિ હતા શ્રી જશવંતી બા !

માદરેવતન ખોરાણા પૂણ્યશાળી પિતાશ્રી દૂર્લભજીભાઈ તથા મમતાળુ માતુશ્રી દેવકુંવરબેન-વખારીયા પરિવારમાં આ પૂણ્યશાળી આત્માએ જન્મ ધારણ કર્યો. હસતુ ખીલતું પ્રભાવશાળી મુખડું જોઈ બાલિકાનું નામ રાખ્યું જશવંતી ! યથા નામ તથા ગુણા... જાણે જશવંતી નામ પ્રમાણે જશે....જશ....ને જશ જ... યશનામ કર્મનો ઉદય... પનોતી પુત્રીના પગલે લક્ષ્મીનું પણ આગમન થયું. પાંચ ભાઈઓ અને પાંચ બહેનોમાં સૌથી મોટા માતા પિતાનું પ્રથમ સંતાન હતું તેથી ખૂબ જ લાડ કોડથી ઉછેર થયો. એ સમયે પણ માતા જયારે સ્નાન કરાવે ત્યારે પાણીમાં અતર નાંખતા... નિત નવા દાગીના પહેરાવે, વાંકાનેર મોસાળમાં છ ધોરણનો અભ્યાસ કર્યો. યુવાનીના ઉંબરે પહોંચતા પડધરી શ્રી શાંતિભાઈ ઓધવજી મહેતાની સાથે લગ્નગ્રંથિથી જોડાયા. સાસરે પણ બહોળો પરિવાર પણ પાણીમાં સાકરની જેમ સહુ સાથે મીઠાશપૂર્વક ભળી ગયા.

સમજણ-સહનશીલતાને જતું કરવું તેમનો જન્મસિધ્ધ મંત્ર હતો અને ગમે તેવા કપરા સંયોગોમાં પણ હસતુ રહેવું, ખમી ખાવું તેમના જીવનનો ટ્રેડમાર્ક હતો.

જાણે સમત્વયોગના ધારક. નાના મોટા દરેકનું જતું કરવું ને સમજણનો દીપક જીવનઘરમાં અખંડ જલતો હતો, તે દીપકનો પ્રકાશ માત્ર મહેતા કે વખારીયા જ પરિવારમાં નહિ પરંતુ જે તેના સહવાસમાં આવતા તે દરેકના જીવનમાં ઉજાસ ફેલાવતો હતો.

*દિવ્યાત્મા-દિવ્ય પ્રેમલતાનો મૂર્તિ જશવંતી બા ને મહેતા પરિવારની દિવ્યાંજલી... ભાવાંજલી... સ્મરણાંજલી... આપશ્રી દિવ્યલોકથી અમારા ઉપર સદા આશિષવૃષ્ટિ વરસાવતા રહેશોજી એજ પુણ્યતિથિએ મંગલભાવના !*

## સરહદની અંદર રહેલા “હરામીઓ”નો વીણી-વીણીને સફાયો કરાશે

જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં આતંકવાદીઓના ભયાનક હુમલા બાદ સુરક્ષા દળોએ મોટું ઓપરેશન શરૂ કરી દીધું છે. મળતા અહેવાલો મુજબ હુમલા બાદ ખીણમાંથી ૧૫૦૦થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. જવાનો દ્વારા ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ તેમજ આતંકી પ્રવૃત્તિઓમાં સામેલ લોકોને શોધી શોધીને પકડવામાં આવી રહ્યા છે. સુરક્ષા દળના જવાનો એક પછી એક વિસ્તારો અને જંગલોમાં મોટાપાયે સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. આ સાથે શંકાસ્પદ લોકોની અટકાયત પણ કરવામાં આવી રહી છે. ખીણમાં ચોતરફ બંદોબસ્તની સાથે તમામ પોઈન્ટો પર વાહનોની પણ તપાસ કરવામાં આવી રહી છે.

સુરક્ષા દળોનો રિપોર્ટ કહે છે કે, જમ્મુ-કાશ્મીરમાં ૧૭ સ્થાનિક આતંકવાદીઓ પણ છે. ‘રાષ્ટ્રીય તપાસ એજન્સી’ (- ધ નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી) આ મુદ્દે તપાસ હાથ ધરે તેવી શક્યતા છે.

હુમલાખોરો પાકિસ્તાનથી જમ્મુ-કાશ્મીરમાં પ્રવેશ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં હાલમાં ઓછામાં ઓછા ૫૬ વિદેશી આતંકવાદીઓ સક્રિય હોવાનો અંદાજ છે. એમાંના ૧૮ ‘જૈશ-એ-મોહમ્મદ’ ના, ૩ હિઝબુલ મુજાહિદ્દીનના અને ૩૫ ‘લશ્કર-એ-તૈયબા’ના હોવાનું કહેવાઈ રહ્યું છે. આ આંકડા સુરક્ષા દળો દ્વારા જાળવવામાં આવેલા રેકોર્ડમાં દર્શાવાયા છે.

## “ના-પાક“ લોકો વચ્ચે પણ “પાક”ને સલામ!!!

### ગોળીઓના વરસાદ વચ્ચે સ્થાનિક મુસ્લિમે ગનઝુટમાં શહીદી વહોરી!!!

#### પ્રવાસીઓને ઘોડેસવારી કરાવતો સૈયદ આદિલ હુસૈન શાહ તેની બહેનોના લગ્ન માટે બચત કરી રહ્યો હતો

એક તરફ “ના-પાકો“ ગોળીઓનો વરસાદ કરી રહ્યા હતા. ત્યારે કાશ્મીરના પાક મુસ્લિમ યુવકે આંતકવાદીની ગોળીઓને રોકવા માટે પોતાના જીવનું બલિદાન આપી દીધું. આતંકવાદીની બંદૂક છીનવવા પ્રયાસો કરતા એકમાત્ર મુસ્લિમ યુવકે પણ પ્રવાસીઓની સાથે જીવ ગુમાવ્યો. ત્યારે જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા ગઈ કાલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા કાશ્મીરી મુસ્લિમ પોની હેન્ડલર સૈયદ આદિલ હુસૈન શાહના અંતિમ સંસ્કારમાં હજારો સ્થાનિક લોકો સાથે જોડાયા હતા. ઓમરે આદિલના હિંમતભર્યા પ્રયાસોને સલામ કરી હતી,

(અનુ. આઠમા પાને)

## “હરામી” લોકોને ભરી પીવા ૧૦૦થી વધુ ઉપગ્રહ “બાજ નજર” રાખશે

જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં આતંકવાદીઓના ભયાનક હુમલા બાદ સુરક્ષા દળોએ મોટું ઓપરેશન શરૂ કરી દીધું છે. આ વચ્ચે ઈશરોના અધ્યક્ષે મોટી જાહેરાત કરતા જણાવ્યુ છે કે, ભારત આગામી ત્રણ વર્ષમાં ૧૦૦ થી ૧૫૦ જેટલા નવા ઉપગ્રહ લોન્ચ કરશે અને તેમનો મુખ્ય ઉદેશ સરહદ સુરક્ષા અને દરિયાકાંઠાના વિસ્તારોની દેખરેખને વધુ મજબૂત બનાવવાનો છે. તેમને વધુમાં જણાવ્યુ કે, હાલમાં દેશમાં ઘણા ઉપગ્રહો છે, પરંતુ વિશાલ દરિયાકિનારો અને લાંબી સરહદ ધરાવતા દેશ માટે પૂરતા નથી તેથી હવે ભારતને વધુ ઉપગ્રહની જરૂર છે. એટલે કે હવે હરામી લોકોને ભરી પીવા ૧૦૦થી વધુ ઉપગ્રહ બાજ નજર રાખશે.

## બાંડીપોરમાં લશ્કર-એ-તૈયબાના ૪ સહયોગીની ધરપકડ

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકી હુમલા બાદ સેનાના જવાન એલર્ટ થઈ ગયા છે. સેનાના જાવન આતંકીઓને પકડવા માટે સર્ચ ઓપરેશન ચલાવી રહ્યાં છે.પહેલગામ આતંકી હુમલામાં સામેલ ૫ આતંકીઓની ઓળખ કરવામાં આવી છે જેમાં ૩ પાકિસ્તાની અને ૨ કાશ્મીરી નાગરિક સામેલ છે. બાંડીપોરમાં સુરક્ષાદળોએ લશ્કર-એ-તૈયબાના ચાર ઓવર ગ્રાઉન્ડ વર્કરની ધરપકડ કરી છે. ભારતીય સેના દ્વારા જમ્મુ કાશ્મીરના કેટલાક જિલ્લામાં તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

## પાગલ કુત્તે કો ‘પાની’ દેના બંધ...

# ભારતમાંથી પસાર થતી ૩ નદીઓના વહેણ બંધ કરી ૩૬ લાખ એકર ફૂટ પાણી સ્ટોરેજ કરવાની કેપેસિટી વિકસવાશે

સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો ભારતનો નિર્ણય પાકિસ્તાન સામેના સૌથી કઠોર પગલાંઓમાંનો એક છે કારણ કે ૧૯૬૦ ની સંધિ ત્રણ યુદ્ધો - ૧૯૬૫, ૧૯૭૧ અને કારગિલ - અને અનેક આતંકવાદી હુમલાઓ છતાં યથાવત રહી હતી. માનવતાવાદી ધોરણે આજ સુધી આ સંધિ યથાવત રાખવામાં આવી છે. પણ હવે સરકાર આક્રમક મૂડમાં છે. અત્યાર સુધીમાં પાકિસ્તાન સામે આ સૌથી મોટું પગલું લેવામાં આવ્યું છે.

આ નિર્ણયનો અર્થ એ છે કે પશ્ચિમી નદીઓ - સિંધુ, ઝેલમ અને ચિનાબ અને તેમની ઉપનદીઓ - ના પાણીના પ્રવાહને ભારતમાં આ નદીઓ પર બંધ અથવા નાના બાંધકામો દ્વારા જ્યાં પણ નિયંત્રિત કરવામાં આવશે ત્યાં તાત્કાલિક બંધ કરવામાં આવશે. કુદરતી ચેનલોમાંથી પાણીનો પ્રવાહ ચાલુ રહેશે, પરંતુ ભારતના આ પગલાથી ઉનાળાની ચરમસીમા દરમિયાન પાકિસ્તાનના ચાર પ્રાંતોમાંથી બે પ્રાંતોમાં સિંચાઈ અને પીવાના પાણીના પુરવઠા પર અમુક અંશે અસર પડશે, જ્યારે તેને પાણીની સૌથી વધુ જરૂર હોય છે.

આગળ, ભારતે તેની પાણી સંગ્રહ ક્ષમતા વધારવી પડશે અને કિશનગંગા અને રાતલે જળવિદ્યુત પ્રોજેક્ટ્સ પર કામ કરવું પડશે. તો જ લાંબા ગાળે ભારત પાણી

(અનુ. આઠમા પાને)

# અટારી બોર્ડર સિલ કરી ભારત ૪ હજાર કરોડનો “વેપલો” અટકાવશે



પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા ઘાતક આતંકવાદી હુમલા બાદ, ભારતે અટારી ખાતેની ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ તાત્કાલિક બંધ કરવાની જાહેરાત કરી છે, જે પાકિસ્તાનને મોટો આર્થિક ફટકો છે. આ નિર્ણય સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિ દ્વારા લેવામાં આવ્યો હતો અને બુધવારે વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ તેની જાહેરાત કરી હતી. “જેઓ માન્ય મંજૂરી સાથે સરહદ પાર કરી ચૂક્યા છે તેઓ ૧ મે, ૨૦૨૫ પહેલા તે માર્ગે પાછા આવી શકે છે,“ મિસ્રીએ જણાવ્યું. તેમણે સ્પષ્ટતા કરી કે આ માર્ગ ફક્ત મર્યાદિત સમય માટે પરત ફરનારાઓ માટે ખુલ્લો રહેશે.

અમૃતસરથી માત્ર ૨૮ કિલોમીટર દૂર આવેલું, અટારી ભારતનું પ્રથમ ભૂમિ બંદર છે અને પાકિસ્તાન સાથે વેપાર માટે એકમાત્ર માન્ય જમીન માર્ગ છે. ૧૨૦ એકરમાં ફેલાયેલ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૧ સાથે સીધો જોડાયેલો, આ ચેકપોસ્ટ સરહદપાર વેપારમાં, ખાસ કરીને અફઘાનિસ્તાનથી થતી આયાતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

અટારી-વાઘા કોરિડોરમાં વર્ષોથી વેપાર અને મુસાફરોની અવરજવરના આંકડામાં ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. ૨૦૨૩-૨૪માં, જમીન બંદરે ૬,૮૭૧ કાર્ગો હેરફેર અને ૭૧,૫૬૩ પેસેન્જર ક્રોસિંગ સાથે રૂ. ૩,૮૮૬.૫૩ કરોડનો વેપાર નોંધાવ્યો હતો.

અટારી ભૂમિ બંદર લાંબા સમયથી ભારત અને પાકિસ્તાન વચ્ચે એક મહત્વપૂર્ણ વેપાર માર્ગ તરીકે સેવા આપે છે, જે વિવિધ પ્રકારના માલનું

(અનુ. આઠમા પાને)

## ભૂલથી પાક. સરહદ ઘુસી ગયેલ બીએસએફ જવાનને પાકિસ્તાને પકડી લીધો

પહેલગામ હુમલા બાદ અત્યારે ભારત અને પાકિસ્તાનના સંબંધો વધારે ખરાબ થયા છે. ભારત પાંચ મહત્વના નિર્ણયો લીધા છે, જેના કારણે પાકિસ્તાનની હાલત વધારે બત્તર થવાની છે. આ દરમિયાન એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યાં છે. પંજાબના ફિરોજપુરમાં ભારત પાકિસ્તાનની સરહદ પર તૈનાત એક ઈજાક્ષ સૈનિક ભૂલથી ઝીરો લાઈન પાર કરી પાકિસ્તાન પહોંચી ગયો હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ઝીરો લાઈન એ સરહદનો તે ભાગ છે જ્યાં બંને દેશોની સરહદો મળે છે. અહીં ખેડૂતોને ખેતી કરવા માટે ખાસ મંજૂરી આપવામાં આવે છે.


રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com
૭૧ સોના ધિરાણ પૈસા
માસિક વ્યાજ*
30 મિનિટમાં જ ધિરાણ
કોઈ છુપો ચાર્જ નહીં
રૂા. 1 કરોડ સુધી ધિરાણની સુવિધા
પ્રતિ ગ્રામે મહત્તમ રકમનું ધિરાણ
8.49% વાર્ષિક વ્યાજ*
ત્વરિત પેમેન્ટ
નાના માણસની મોટી બેંક
સહકારથી સમૃદ્ધિ

# કોઠારિયામાં રાધે ચોક પાસે રૂ.૩૨.૫૪ કરોડના ખર્ચે બનશે “સાઉથ ઝોન” કચેરી

## બેઝમેન્ટ પાર્કિંગ, આધાર કાર્ડ કેન્દ્ર, સિવિક સેન્ટર, સ્ટોર રૂમ, નાયબ કમિશનર કચેરી, સિટી એન્જીનિયર ઓફિસ, કોન્ફરન્સ હોલ સહિતની સુવિધાઓ હશે: વોર્ડ નં.૧૫, ૧૬, ૧૭ અને ૧૮નો સમાવેશ “સાઉથ ઝોન” કચેરીમાં કરાશે

### પારડી રોડ પર નિર્માણ પામશે સ્પોર્ટ્સ સંકુલ

શહેરના યુવાનોને રમત-ગમતની પ્રવૃત્તિઓ માટે યોગ્ય પ્લેટફોર્મ મળી રહે તે માટે કોર્પોરેશન દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં સ્પોર્ટ્સ ફેસેલીટી વિકસાવવામાં આવી રહી છે. શહેરના વોર્ડ નં.૧૭માં પારડી રોડ (બોલબાલા માર્ગ) પર રૂ.૨૬.૭૨ કરોડના ખર્ચે નવું સ્પોર્ટ્સ સંકુલ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં બોલબાલા માર્ગ પર રણછોડદાસજી બાપુ કોમ્યુનિટી હોલની બાજુમાં આવેલા કોર્પોરેશનની માલિકીના ટીપી સ્કિમ નં.૫ના અંતિમ ખંડ નં.૨૪૩માં સ્પોર્ટ્સ સંકુલ બનાવવા માટે રૂ.૨૮.૫૬ કરોડનું એસ્ટીમેન્ટ મંજૂર કરવામાં આવ્યું હતું. જેમાં ૮૧૦૨ ચોરસ મીટર એરિયામાં ગ્રાઉન્ડ ફ્લોરમાં કબડ્ડી, ટેબલ ટેનિસ, બેડમિન્ટન, જીમ, ફિઝીયોથેરાપી રૂમ, એડમીન ઓફિસ, બોક્સિંગ રીંગ, જનરલ લોબી, વેઈટીંગ એરિયા, સર્વિસ રૂમ, ફર્સ્ટ ફ્લોર પર કોમ્બેટ ગેમ્સ, ટોયલેટ, લીફ્ટ, જીમ, બેડમીન્ટન, ડબલ હાઈટ્સ ગાર્ડન, કુસ્તિ સ્પર્ધા, ફિઝીયોથેરાપી રૂમ સહિતની વિવિધ સુવિધાઓ હશે. ટેન્ડર પ્રક્રિયા દરમિયાન અલગ-અલગ ચાર એજન્સીઓએ ઓફર આપી હતી. એલ-૧ આશિષ કન્સ્ટ્રકશન કંપની દ્વારા આ કામ ૨.૨૭ ટકા ઓછા ભાવે જીએસટી સાથે ૨૬.૭૨ કરોડમાં કરી આપવાની ઓફર આપી છે. જેને કામ સોંપવા માટે સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

### કાલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ૩૨ દરખાસ્તો અંગે લેવાશે નિર્ણય

આવતીકાલે ચેરમેન જયમીનભાઈ ઠાકરના અધ્યક્ષસ્થાને સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળશે. જેમાં અલગ-અલગ ૩૨ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે. શહેરના વોર્ડ નં.૭માં રામનાથ મંદિર પાસે પાર્કિંગ માટે રિટેનીંગ હોલ બનાવવા માટે ૭૭ લાખનો ખર્ચ મંજૂર કરવા ઉપરાંત સર્વેશ્વર ચોકથી યાજ્ઞિક રોડને જોડતા વોંકળાના હયાત કામ માટે રૂ.૧.૭૭ કરોડનો ખર્ચ મંજૂર કરવા અંગેની દરખાસ્ત પર નિર્ણય લેવામાં આવશે. પ્રદ્યુમન પાર્ક પાસે બની રહેલા લાયન સફારી પાર્કમાં પાણી પુરૂં પાડવા જીએસઆર બનાવવામાં આવશે. આ ઉપરાંત અલગ-અલગ સોસાયટીઓમાં જનભાગીદારીથી ડીઆઈ પાઈપલાઈન માટેનો ખર્ચ મંજૂર કરવા, સેન્ટ્રલ ઝોનના અલગ-અલગ વિસ્તારોમાં રોડ-રસ્તાના કામોનો ખર્ચ મંજૂર કરવા અંગેની દરખાસ્તો પર નિર્ણય લેવામાં આવશે.

**અબતક, રાજકોટ**

શહેરીજનોને રોજીંદા કામો માટે કોર્પોરેશનની મુખ્ય કચેરી સુધી ધક્કો ન ખાવો પડે તે માટે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ત્રણ ઝોન કચેરી કાર્યરત છે. રાજકોટ મહાપાલિકાનો વિસ્તાર સતત વધી રહ્યો છે. જેને ધ્યાનમાં રાખી શહેરના વોર્ડ નં.૧૮માં કોઠારિયા વિસ્તારમાં રાધે ચોક પાસે રૂ.૩૨.૫૪ કરોડના ખર્ચે સાઉથ ઝોન કચેરીનું નિર્માણ કરવામાં આવશે. નવી ઝોન કચેરી માટે ખર્ચ

મંજૂર કરવા સહિતની અલગ-અલગ ૩૨ દરખાસ્તો અંગે કાલે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં નિર્ણય લેવામાં આવશે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જયમીનભાઈ ઠાકરે વર્ષ-૨૦૨૪/૨૦૨૫ના બજેટમાં સાઉથ ઝોન બનાવવાની જાહેરાત કરી હતી. શહેરના વોર્ડ નં.૧૮માં ટીપી સ્કિમ નં.૧૨ (કોઠારિયા)ના ફાઈનલ પ્લોટ નં.૧૫/એમાં બોલબાલા માર્ગ પર રાધે સર્કલ પાસે સાઉથ ઝોન કચેરી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૭૯૮૦.૨૬ ચોરસ મીટર વિસ્તારમાં બેઝમેન્ટ પાર્કિંગ, ગ્રાઉન્ડ ફ્લોરમાં આધાર કેન્દ્ર સેન્ટર, સિવિક સેન્ટર, સિક્યુરિટી રૂમ, મેડિકલ રૂમ, સ્ટોર રૂમ, રોશની શાખા અને સોલીડ વેસ્ટ શાખાની ઓફિસો ઉપરાંત ટોયલેટ

ઓફિસ, કોન્ફરન્સ હોલ બનાવવામાં આવશે. સેકન્ડ ફ્લોર પર હેલ્થ શાખા, ટેક્સ બ્રાન્ચ, એસ્ટેટ શાખા, કોમન સ્ટોરેજ, બાંધકામ શાખા અને એએનસીડીની ઓફિસ બનશે. જ્યારે થર્ડ ફ્લોર પર ડ્રેનેજ પ્રોજેક્ટ શાખા,



બ્લોક બનાવવામાં આવશે. ફર્સ્ટ ફ્લોર પર નાયબ મ્યુનિ.કમિશનર, સિટી એન્જીનીયર, આઈસીડીએસ શાખા, ટાઉન પ્લાનિંગ શાખાની

વોટર વર્કસ શાખાની ઓફિસ અને કોન્ફરન્સ હોલ ઉપરાંત ટોયલેટ બ્લોકના બાંધકામ માટે રૂ.૩૫.૮૮ કરોડના એસ્ટીમેન્ટ સાથે ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. ટેન્ડર દરમિયાન અલગ-અલગ ત્રણ એજન્સી વિનય ઈન્ફ્રાટેક પ્રાઈવેટ લીમીટેડ, બેકબોન કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લીમીટેડ અને આનંદ એસોસિએટ્સ દ્વારા ઓફર આપવામાં આવી હતી. જેમાં એલ-૧ બિડર વિનય ઈન્ફ્રાટેક પ્રાઈવેટ લીમીટેડ દ્વારા આ કામ ૯.૩૦ ટકા ઓછા ભાવે કરી આપવાની

ઓફર આપી હતી. જીએસટી સાથે ૩૨.૫૪ કરોડનો ખર્ચ મંજૂર કરવા સ્ટેન્ડિંગ કમિટીમાં દરખાસ્ત કરવામાં આવી છે. ટેન્ડરની શરત મુજબ લેબર, સિમેન્ટ, પ્લાન્ટ મશીનરી કે અન્ય મટીરીયલ્સમાં ભાવમાં ફેરફાર થશે તો તેની ચુકવણી

અલગથી કરવામાં આવશે. સાઉથ ઝોન કચેરીમાં વોર્ડ નં.૧૫, ૧૬, ૧૭ અને ૧૮ના વિસ્તારોનો સમાવેશ કરવામાં આવશે.

કોઠારિયાના લોકોએ હાલ પોતાના રોજીંદા કામો માટે કોર્પોરેશન ઈસ્ટ ઝોન કે સેન્ટ્રલ ઝોન કચેરી સુધી ધક્કો ખાવો પડે છે. જેમાં તેઓને આગામી દિવસોમાં છૂટકારો મળી જશે. આવતીકાલે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં અલગ-અલગ ૩૨ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે.





### પહેલગામ આતંકી હુમલાને પગલે

# દરિયાઈ સરહદો અને દ્વારકા મંદિરે લોખંડી સુરક્ષા ગોઠવી દેવાનો રેન્જ આઈજીના આદેશ

## ડ્રોન કેમેરા અને પેટ્રોલિંગ મારફતે રેન્જ હસ્તકના તમામ જિલ્લામાં પોલીસની બાજ નજર: અશોક કુમાર યાદવ

**અબતક, રાજકોટ**

પહેલગામમાં થયેલ આતંકી હુમલામાં ત્રણ ગુજરાતીઓ સહીત ૨૬ નિર્દોષ લોકોના મોત થયાં હતા. જે બાદ દેશભરમાં સુરક્ષા વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી રહી છે. ત્યારે રાજકોટ રેન્જ હસ્તકના પાંચ જિલ્લાઓ પૈકી દરિયાઈ સીમા ધરાવતા જામનગર, દ્વારકા અને મોરબીમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્રઢ બનાવવા રેન્જ આઈજી અશોક કુમાર યાદવે જાતે જ કમાન સંભાળી છે. દરિયાઈ સુરક્ષા, અલગ અલગ ટાપુઓ, લેન્ડિંગ પોઈન્ટ, દ્વારકા જગતમંદિર પરિસર પર ડ્રોન કેમેરા મારફતે બાજ નજર રાખવામાં આવી રહી છે. ઉપરાંત પેટ્રોલિંગ વધારીને તમામ હિલચાલ પર પણ નજર રાખવામાં આવી રહી છે.

ગત તારીખ ૨૩ એપ્રિલને મંગળવારના રોજ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલામાં ૩ ગુજરાતી સહિત ૨૬ લોકોના મોત નીપજ્યા બાદ આતંકી હુમલાને લઈ તમામ બોર્ડર ઉપર સુરક્ષા વધારી દેવામાં આવી છે. રાજકોટ રેન્જ અંતર્ગત આવતા જામનગર, મોરબી અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવતા દરિયાઈ વિસ્તારમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે અને ડ્રોન કેમેરા મારફત પણ મોનીટરીંગ



### પ્રતિબંધિત ટાપુઓ પર એસઓજી દ્વારા ડ્રોન મારફતે પેટ્રોલિંગ શરૂ કરાયું

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ ઓખાથી દુશ્મન દેશની સરહદ ખૂબ જ નજીક છે. ત્યારે ખાસ કરીને રાજકોટ રેન્જ અંતર્ગત આવતા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રતિબંધિત ટાપુઓ ઉપર ડ્રોન મારફતે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

### જગત મંદિરની સુરક્ષા સમીક્ષા કરાઈ

જગતમંદિરની સુરક્ષાની સમીક્ષા કરવામાં આવી છે. પોલીસ દ્વારા તમામ જગ્યાએ નાકાબંધી કરી વાહન ચેકીંગ કરવામાં આવી રહ્યા છે. તેમજ તમામ જિલ્લાની એસઓજી અને એલસીબી સહીતની પોલીસ એલર્ટ કરી દેવામાં આવી છે. આ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જગત મંદિર દ્વારકાની સુરક્ષાનો પણ રિવ્યુ કરવામાં આવ્યું છે. ગઈકાલે જગત મંદિર દ્વારકા ખાતે ફરજ બજાવતા અધિકારીઓ તેમજ કર્મચારીઓને ચોક્કસ બ્રિફિંગ પણ આપવામાં આવ્યું હતું

તેમજ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે. દ્વારકા જગતમંદિર ખાતે પણ અધિકારીઓ સાથે મિટિંગ યોજી સુરક્ષાને લઈ ચર્ચા કર્યા બાદ દરિયાઈ સાથે લેન્ડિંગ પોઈન્ટ ઉપર પણ સુરક્ષા અંગે સઘન તપાસ કરવા સૂચના આપવામાં આવી છે.

મામલામાં રાજકોટ રેન્જ આઈ.જી અશોક કુમાર યાદવએ જણાવ્યું હતું કે, રાજકોટ રેન્જમાં કુલ પાંચ જિલ્લાઓનો સમાવેશ થાય છે. આતંકી હુમલાને લઈ પોલીસ દ્વારા સુરક્ષામાં વધારો કરી દેવામાં

(અનુ. આઠમા પાને)

# રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન તેજીથી આગળ વધ્યું અને હજુ વધશે: રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

## વિશ્વવિદ્યાલયના રિપોર્ટમાં અનુસાર પ્રાકૃતિક કૃષિ પાંચ આયામો સાથે કરવામાં આવે તો પ્રથમ વર્ષથી જ ઉત્પાદન રાસાયણિક ખેતી જેટલું જ આવે

**અબતક, રાજકોટ**

રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને રાજ્યના તમામ મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારીઓની સીએમ ડેસબોર્ડના માધ્યમથી વર્ચ્યુઅલ બેઠક યોજાઈ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આજે ગ્લોબલ વોર્મિંગ વિશ્વની સૌથી મોટી સમસ્યા બની છે. હાલ, વધતી જતી બીમારીઓ વચ્ચે શુદ્ધ ખોરાક, શુદ્ધ હવા અને ચોખ્ખું પાણી એ આપણી જરૂરિયાત બની છે, લોકોનું સ્વાસ્થ્ય અને પ્રકૃતિનું રક્ષણ કરવાનો એકમાત્ર ઉપાય છે પ્રાકૃતિક કૃષિ. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના આગ્રહથી રાજ્યના તમામ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીઓની ગુરૂકુળ કુરૂક્ષેત્રના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત કરાવવામાં આવી હતી. જેના પરિણામ સ્વરૂપે રાજ્યમાં પ્રાકૃતિક



કૃષિ અભિયાન તેજીથી આગળ વધ્યું. રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલની ઉપસ્થિતિમાં રાજ્યના તમામ મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારીઓની સીએમ ડેસબોર્ડના માધ્યમથી વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી.આ તકે જૈવિક ઓર્ગેનિક ખેતી અને પ્રાકૃતિક ખેતી તદ્દન અલગ છે તેમ જણાવી રાજ્યપાલશ્રીએ કહ્યું કે, ઓર્ગેનિક ખેતીમાં ખર્ચ ઘટતો નથી, મહેનત ઓછી થતી નથી તથા ઉત્પાદન પણ વધતું નથી. જ્યારે, પ્રાકૃતિક કૃષિમાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી શકાય છે અને સ્વાસ્થ્યપ્રદ ઉત્પાદન મળે છે. તાજેતરમાં ગુજરાતની ચાર કૃષિ વિશ્વવિદ્યાલય પૈકીની જુનાગઢ, આણંદ અને દાંતીવાડા કૃષિ વિશ્વવિદ્યાલયના રિપોર્ટમાં સાબિત થયું છે કે, જો પ્રાકૃતિક કૃષિ પાંચ આયામો સાથે કરવામાં આવે તો પ્રથમ વર્ષથી જ ઉત્પાદન રાસાયણિક ખેતી જેટલું જ આવે છે. રાસાયણિક ખેતીમાં ખર્ચ વધુ થાય છે, જ્યારે પ્રાકૃતિક કૃષિમાં નહીવત ખર્ચ થવાથી ખેડૂતોને વધુ લાભ થાય છે.રાજ્યપાલએ માર્ગદર્શન આપતા કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા શરૂ કરાયેલા વીજળી બચાવો અભિયાન અંતર્ગત પણ આપણે સૌ સહિયારો પ્રયાસ કરી વીજળી બચાવવામાં યોગદાન આપીએ. વિજળી બચતની ટેવ થકી પર્યાવરણ પણ બચશે અને જરૂરિયાતમંદને પૂરતી વીજળી પણ મળી શકશે. સૂર્યોદયના થોડા સમય પહેલા સ્ટ્રીટ લાઈટ બંધ કરી દઈએ અને સૂર્યોદયના થોડા સમય બાદ સ્ટ્રેટ લાઈટ શરૂ કરીને, દિવસની એક કલાક પણ વીજળી બચાવીએ તો કરોડો રૂપિયાની બચત

(અનુ. આઠમા પાને)

# ગુજરાતની સહકારી મંડળીઓમાં બગસરા શરાફી મંડળી ‘અવ્વલ’

### સંસ્થાના સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆની સુઝબુઝથી ‘પ્રથમક્રમાંક’ પહોંચી

**અબતક, રાજકોટ**

રાજકોટના જનસંથી દિંવગત સહકારી નેતા અરવિંદભાઈ મણીયારની સ્મૃતિમાં રશ્વિનભાઈ ડોડીઆ સહીતના આગેવાનો દ્વારા તા.૩૦/૦૯/૧૯૮૪ માં ૨૩૬ સભાસદો અને રૂા.૨,૩૬,૦૦ શેર ભંડોળ થી શરૂ થયેલ આ મંડળીને વર્ષ ૨૦૨૪/૨૫ ના ગુજરાત ભરની ૬૩૦૦ થી વધારે શરાફી સહકારી મંડળીઓના વાર્ષિક વહીવટ અને નફાકારત્વક અને વહિવટી બાબતો ધ્યાને રાખી સહકાર ભારતી ગુજરાત દ્વારા બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી ને ‘‘પ્રથમ ક્રમાક‘‘ ધરાવતી મંડળી મંડળી જાહેર કરવામાં આવેલ છે.

મંડળીએ વર્ષ ૨૦૨૪/૨૫ માં ચોખ્ખો નફો રૂા.૫.૬૪ કરોડ સામે કુલ પિરાણ રૂા.૧૩૭ કરોડ, ડીપોજીટ ૧૦૨ કરોડ, શેરભંડોળ ૩.૧૯ કરોડ, અનામત ભંડોળ રૂા. ૧૨.૩૯ કરોડ, રોકાણ રૂા.૩.૭૦ કરોડ, મિલ્કત રૂા.૧.૩૩ કરોડ, કાર્યશીલ મુડી ૨.૪૪ અબજ, કુલ બીજનેશ ૨.૩૭, ટર્નઓવર રૂા.૬.૧૩ અબજ સામે એન.પી.એ ૦% અને સભાસદ સંખ્યા ૨૩૧૬૦ ધરાવતી આ મંડળી ની બગસરા, ધારી, ચલાલા, લીલીયા મોટા માં સેઈફ ડીપોજીટ વોલ્ટ સુવિધા સાથે માલીકીની ઓફીસ બીલ્ડીંગ ધરાવે છે. અને



મંડળી પ્રથમથીજ ઓડીટ વર્ગ ’અ’ સાથે પારદર્શક વહીવટ અને મંડળીની હાલ શાખાઓમાં કુશળ વહીવટી તંત્ર સાથે સમગ્ર સ્ટાફ સભાસદોની જરૂરીયાત મુજબની કામગીરીથી ગુજરાત ભરની સમગ્ર ૬૩૦૦ થી વધારે સહકારી મંડળીઓ માંથી પ્રથમ ક્રમાકે પહોચેલ છે.

મંડળી દ્વારા સભાસદ લક્ષી તેમજ આપદા વિપદા સમયે સેવાકીય વિવિધ પ્રકારે પ્રવૃતિ બજાવી રહી છે.મંડળી દ્વારા બાજપાઈ સહાય નિધી યોજના હેઠળ મૃતક સભાસદ ના વારસ ને રૂા ૨૫૦૦૦/- તેમજ મંડળી સભાસદના દિકરા અને દિકરી ઉચ્ચ અભ્યાસ માટે માત્ર ૪% સાદા વ્યાજ દરે લોન સુવિધા અને સભાસદોને ૧૫% ડિવિડન્ડ ઉપરાંત દર ત્રણ વર્ષે આકર્ષક ભેટ વસ્તુ સહિત ના લાભો સભાસદો મળી રહ્યા છે

મંડળીના સ્થાપના ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆની કુશળ વહીવટી કામગીરી અને મંડળીની શાખા બગસરા એમડી મહેશભાઈ જે.વ્યાસ, ધારી એમ.ડી કેતનભાઈ એચ.ધકાણ, અમદાવાદ એમ.ડી વિનુભાઈ સી.રાદડીયા, વડોદરા એમ.ડી મનોજભાઈ સી.પટેલ, રાજકોટ એમ.ડી અરવિંદભાઈ એન.નાગ્રેચા, ચલાલા એમ.ડી, જ્યોતિકાબેન એચ.રાવલ, લીલીયા મોટા એમ.ડી પરીનભાઈ ડી.રાજપુરા અમરેલી એમ.ડી તનસુખભાઈ ડી.ઠાકર સાથે સમગ્ર ડીરેકટર બોર્ડ તથા તમામ શાખાઓના એડવાઈઝરી બોર્ડ, શાખા સેક્રેટરીઓ, કર્મચારી ગણ, અમરેલી જીલ્લાના તથા રાજયભરના રાજકીય આગેવાનો, સહકારી આગેવાનો સહીતના માર્ગદર્શન અને સુચનોને આવકારી મંડળીના તજજ્ઞ ડીરેકટર શરદભાઈ લાખાણી, કંચનબેન રાદડીયાની સલાહ સુચનો માં મંડળીની પ્રગતિમાં સિંહ ફાળો છે. તેમ મંડળીના જનરલ એમ.ડી નિતેપ ડોડીઆ તથા જનરલ સેક્રેટરી ડી.જી મહેતા એ મંડળીનો પ્રગતિની માહિતી આપી હતી.

# ‘વાળું’ પછી એક એલચીનો દાણો તબિયત ટનાટન બનાવે છે!!!

## જમ્યા પછી એક એલચીનો દાણો પાચનને સરળ બનાવે છે, મોઢામાં તાજગી લાવે છે, ભારેપણું કે ગેસની સમસ્યામાં રાહત આપી અને શ્વાસની દુર્ગંધ દૂર કરવા અસરકારક!

અબતક, રાજકોટ

દરરોજ રાત્રિભોજન પછી નિયમિત રીતે એક એલચી (ઈલાયચી) ખાવાની પ્રથા ભારતીય સંસ્કૃતિમાં વર્ષોથી ચાલી આવે છે, અને તેના કેટલાક સ્વાસ્થ્ય લાભો પણ છે. એલચી એક સુગંધિત મસાલો છે જે ફક્ત ભોજનનો સ્વાદ જ નથી વધારતો, પરંતુ પાચન પ્રક્રિયામાં પણ મદદરૂપ થાય છે. રાત્રિભોજન પછી એલચી ખાવાનો મુખ્ય ફાયદો એ છે કે તે પાચનને સરળ બનાવે છે અને મોઢામાં તાજગી લાવે છે. તે ભોજન પછી થતી ભારેપણું કે ગેસની સમસ્યામાં રાહત આપી શકે છે અને શ્વાસની દુર્ગંધ દૂર કરવામાં અસરકારક છે.



એલચીમાં રહેલા કુદરતી તેલ અને તત્વો પાચન ઉત્સેચકોના સ્રાવને ઉત્તેજીત કરે છે, જેનાથી ખોરાકનું પાચન વધુ સારી રીતે થાય છે. તે અપચો, પેટ ફૂલવું અને કબજિયાત જેવી સમસ્યાઓમાં પણ ફાયદાકારક માનવામાં આવે છે. એલચીમાં રહેલા એન્ટીઑક્સિડન્ટ ગુણધર્મો શરીરના કોષોને નુકસાનથી બચાવવામાં મદદ કરે છે. કેટલાક લોકો માટે, એલચી એસિડિટીના લક્ષણોને ઘટાડવામાં પણ થોડી મદદ કરી શકે છે, કારણ કે તે પેટમાં બનેલા એસિડને સંતુલિત કરવામાં ભૂમિકા ભજવી શકે છે.

નિયમિતપણે રાત્રિભોજન પછી એક એલચી ખાવાથી મૌખિક સ્વાસ્થ્યમાં પણ સુધારો થાય છે. તે મોઢામાંના બેક્ટેરિયા સામે લડવામાં મદદ કરે છે જે શ્વાસની દુર્ગંધનું કારણ બને છે. તેની સુગંધ તાત્કાલિક તાજગી આપે છે. આ ઉપરાંત, એલચીની સુગંધ મનને શાંત પાડનારી પણ માનવામાં આવે છે, જે રાત્રિભોજન પછી આરામદાયક અનુભવ પ્રદાન કરી શકે છે. આમ, એક નાનકડી એલચી પાચન સુધારવાથી લઈને શ્વાસની તાજગી અને સામાન્ય સુખાકારી સુધીના અનેક ફાયદાઓ પ્રદાન કરે છે, જે તેને રાત્રિભોજન પછીની એક ઉત્તમ અને સરળ આદત બનાવે છે.

### શ્વાચ્છોશ્વાસમાં દુર્ગંધ દૂર કરે છે!

તેના એન્ટીબેક્ટેરિયલ ગુણધર્મો મૌખિક બેક્ટેરિયા સામે લડે છે, તમારા શ્વાસને તાજો રાખે છે અને મોઢાની દુર્ગંધ દૂર કરે છે, જે તેને કૃત્રિમ માઉથ ફ્રેશનર અથવા ચ્યુઈંગમનો કુદરતી વિકલ્પ બનાવે છે. અને તે શરીર ને નુકશાન પણ પહોંચાડતું નથી.



### શ્વસન સમસ્યાઓ અટકાવે છે

તે લાળના સંચયને સાફ કરે છે, ગળાને શાંત કરે છે અને હવાના પ્રવાહમાં સુધારો કરે છે, જે તેને ઉધરસ, ભીડ અને શ્વાસ લેવામાં તકલીફને રોકવામાં અસરકારક બનાવે છે.



### પાચનમાં મદદ કરે છે

એલચી પાચન ઉત્સેચકોને ઉત્તેજિત કરે છે, પેટનું ફૂલવું, એસિડિટી અને ગેસ ઘટાડે છે, ભોજન પછી સરળ પાચન સુનિશ્ચિત કરે છે અને અસ્વસ્થતા અટકાવે છે, જે તેને પેટની સમસ્યાઓ માટે એક ઉત્તમ કુદરતી ઉપાય બનાવે છે.

### બ્લડ સુગરને નિયંત્રિત કરે છે

એન્ટીઑક્સિડન્ટોથી ભરપૂર, એલચી બ્લડ સુગર લેવલને નિયંત્રિત કરવામાં મદદ કરે છે, જે ડાયાબિટીસ ધરાવતા લોકો અથવા સ્થિર ગ્લુકોઝ લેવલ જાળવવા માંગતા લોકો માટે ફાયદાકારક બનાવે છે.

### ચયાપચયને વેગ આપે છે

તે ચયાપચયની પ્રવૃત્તિમાં વધારો કરે છે, કાર્યક્ષમ કેલરી બર્નિંગને પ્રોત્સાહન આપે છે, પાચનમાં સુધારો કરે છે અને શરીરમાં વધુ પડતી ચરબીના સંચયને અટકાવીને વજન નિયંત્રણમાં મદદ કરે છે.

### શરીરને ડિટોક્સિફાઈ કરે છે

એલચીના મૂત્રવર્ધક પદાર્થના ગુણધર્મો ઝેરી તત્વોને બહાર કાઢવામાં, કિડનીને શુદ્ધ કરવામાં અને એકંદરે ડિટોક્સિફિકેશનને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે, જેનાથી લીવરના કાર્ય અને સ્વસ્થ શરીરને ટેકો મળે છે.

### એસિડિટી અને હાર્ટબર્ન ઘટાડે છે

તેની આલ્કલાઈન પ્રકૃતિ પેટના એસિડને બેઅસર કરવામાં મદદ કરે છે, એસિડિટી, હાર્ટબર્ન અને અપચો ઘટાડે છે, જે ભોજન પછીની અગવડતામાંથી ઝડપી રાહત આપે છે.

### હૃદયના સ્વાસ્થ્યમાં સુધારો કરે છે

એન્ટીઑક્સિડન્ટોથી ભરપૂર, એલચી કોલેસ્ટ્રોલનું સ્તર ઘટાડીને, બ્લડ પ્રેશરને નિયંત્રિત કરીને અને હૃદયના એકંદર કાર્યમાં સુધારો કરીને હૃદયના સ્વાસ્થ્યને ટેકો આપે છે.

### સારી ઊંઘને પ્રોત્સાહન આપે છે

એલચીના શાંત ગુણધર્મો ચેતાને આરામ આપવામાં મદદ કરે છે, તણાવ અને ચિંતા ઘટાડે છે, જે ઊંઘની ગુણવત્તામાં સુધારો કરે છે અને ઊંઘને વધુ શાંત બનાવે છે. જેથી માણસ સારી ઊંઘ કરી બીજા દિવસે ફ્રેશ અનુભવે છે.



# એકરંગ સંસ્થાના સ્થાપકની પુણ્યતિથિ નિમિતે નિઃશૂલ્ક અસેસમેન્ટ કેમ્પ યોજાયો

## ૧૦૦થી વધુ દિવ્યાંગ બાળકોને યોગ્ય થેરાપીની તાલીમ અપાય



અબતક, રાજકોટ

એકરંગ સંસ્થાના સ્થાપક અને ૪૫ મનોદીવ્યાંગ દિકરીઓના પાલક પિતા સ્વ.કમલેશભાઈ પ્રજાપતિની ચોથી વાર્ષિક પુણ્યતિથી નિમિતે રાજકોટ તેમજ ગ્રામ્ય વિસ્તારની જરૂરિયાતમંદ દિવ્યાંગ (માનસિક વિકલાંગ), ડિસેબલ તથા શારીરિક રીતે વિકલાંગ અને દિવ્યાંગ હોય તેવા બાળકો અને તેના પેરેન્ટ્સ અવેરનેસ કેમ્પ વેકેશન તાલીમ ફ્રી કાઉન્સેલિંગનું આયોજન કરવામાં આવેલ હતું.

એકરંગ સંસ્થાના સ્થાપક સ્વ.કમલેશભાઈ પ્રજાપતિની ચોથી વાર્ષિક પુણ્યતિથી નિમિતે હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણ કરવા માટે એકરંગ નિઃશુલ્ક માનસિક વિકલાંગ બહેનો માટેનું તાલીમ તથા આવાસી સંકુલ ભારતનગર ચોક, ગુજરાત ફોર્જીંગ કંપની પાછળ, ૮૦ ફૂટ રોડ, અમુલ સર્કલ પાસે, રાજકોટ. સ્થળ પર એકરંગ સંસ્થા દ્વારા આયોજીત ફ્રી મેગા અસેસમેન્ટ કેમ્પ અને આ કેમ્પના માધ્યમથી દિવ્યાંગ બાળકોમાં રહેલી શારીરિક અને માનસિક સમસ્યાઓનું નિદાન કરવામાં આવેલ. જેથી આગામી સમયમાં આ દિવ્યાંગ બાળકોને યોગ્ય થેરાપી અને તાલીમ આપી તેઓને આત્મનિર્ભર બનાવી તેઓનો સર્વાંગી વિકાસ કરી શકાય.એકરંગ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વ.કમલેશભાઈ પ્રજાપતિની ચોથી વાર્ષિક પુણ્યતિથી નિમિતે હવન/પૂજન અને ભોજનપ્રસાદ તેમજ દિવ્યાંગ બાળકોના પેરેન્ટ્સ અવેરનેસ કેમ્પનું આયોજનમાં ૧૦૦થી વધુ દિવ્યાંગ બાળકો અને વાલીઓએ લાભ લીધો હતો તથા આ દિવ્યાંગ બાળકોને ભેટ અર્પણ કરવામાં આવી હતી. સેવાના આ અમુલ્ય કાર્ય થકી સ્વ.કમલેશભાઈ પ્રજાપતિને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## પહેલગામમાં આતંક હુમલામાં માર્યા ગયેલાઓને

# બાર એસોસિએશન દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ

## પ્રાર્થના સભામાં મોટી સંખ્યામાં સિનિયર - જૂનિયર વકીલો ઉપસ્થિત રહી ઘટનાને વખોડી કાઢી



અબતક, રાજકોટ

જમ્મુ કશ્મીરના પહેલગામ મુકામે આતંકવાદીઓ દ્વારા ફાયરિંગ હુમલામાં ૨૭ નિર્દોષ પ્રવાસીઓ મૃત્યુ પામ્યાની અત્યંત ભયંકર કરુણિકામાં દિવંગત આત્માઓની શાંતિ માટે રાજકોટ બાર એસોસિએશન દ્વારા શાંતિ પ્રાર્થના કરવામાં આવી હતી. તારીખ ૨૪/૪/ ૨૦૨૫ના રોજ રાજકોટ બાર એસો સીએશનના હોલ ખાતે મળેલી પ્રાર્થના સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત સિનિયર અને જુનિયર વકીલો દ્વારા આ દુઃખદ બનાવને રાજકોટ બાર એશોસીએશન દ્વારા દુઃખ વ્યક્ત કરી સખ્ત શબ્દોમા વખોડવામાં આવ્યો હતો અને સરકાર દ્વારા આતંકવાદીઓ સામે સખતમાં રાખત પગલા લેવામાં આવે તે બાબતે ઉદબોધન કરવામાં આવેલ. આ શ્રધ્ધાંજલિ અને પ્રાર્થનાસભામા બાર એશો ના પમુખ પરેશભાઈ મારૂ, ઉપ પ્રમુખ સુમીતભાઈ વોરા, સેક્રેટરી સંદીપભાઈ વેકરીયા,જોઈન્ટ સેક્રેટરી જીતુભાઈ પારેખ,ટ્રેઝરર પંકજભાઈ દોંગા, લાયબ્રેરી સેક્રેટરી કેતનભાઈ મંડ, ટ્રેઝરર પંકજભાઈ દોગા કારોબારી સભ્ય પ્રગતીબેન માકડીયા, તુષારભાઈ દવે, સંજયભાઈ ડાંગર, અશ્વીન રામાણી, કિશન રાજાણી, નીકુંજ શુકલ પરેશ પાદરીયા, મુનીશભાઈ સોનપાલ,હીરેનભાઈ ડોબરીયા, રક્ષાબેન ઉપાધ્યાય તથા જિલ્લા સરકારી વકીલ સંજયભાઈ વોરા તથા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાના સભ્ય દિલીપભાઈ કે. પટેલ, સિનિયર વકીલ લલીતસિંહ જે. શાહી, મનીષભાઈ ખખ્ખર, મુકેશભાઈ દેસાઈ, પી.સી.વ્યાસ, અર્જુનભાઈ પટેલ, રૂપરાજસિંહ પરમાર, તુષારભાઈ ગોકાણી, ધીમંતભાઈ જોષી, હિતેન્દ્રસિંહ જાડેજા, મુકેશભાઈ પંડ્યા, જીતેન્દ્રભાઈ ગોસ્વામી, સ્મીતાબેન અત્રી, અમીતાબેન સીપ્પી , બહોળી સંખ્યામાં સિનિયર અને જુનિયર વકીલ ભાઈઓ તથા બહેનો હાજર રહેલ હતા.

# દિલ્હીમાં પેરા ખેલો ઈન્ડિયા નેશનલ ટેબલ ટેનિસમાં બાલભવનના બાલસભ્યની પસંદગી

અબતક, રાજકોટ

દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડીયમ ખાતે યોજાયેલ પેરા ખેલો ઈન્ડિયા નેશનલ ટેબલ ટેનિસ માં ભાગ લેવા માટે ગુજરાત વતી બાલભવન રાજકોટના ટેબલ ટેનિશના કોચ દિપાલીબેન પંડયા પાસે કોચીંગ મેળવતા વિદ્યાર્થીની કલ્પના ગોસ્વામીની પસંદગી થતાં બાલભવન રાજકોટ, તેમજ



સમગ્ર રાજકોટ શહેર - જીલ્લાનું ગૌરવ વધારેલ જે બદલ બાલભવન રાજકોટના માનદ મંત્રી મનસુખભાઈ જોષી તેમજ ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી (હેલીબેન) અને ઓફીસ સુપ્રિ. કીરીટભાઈ વ્યાસે કુ. કલ્પના ગોસ્વામીને ખુબ ખુબ શુભેચ્છા સાથે પોતાના કાર્યક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહીત કરેલ તેમજ આશિર્વચન પાઠવ્યા હતા.

# ઓલ ઈન્ડિયા ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં બ્રોન્ઝ મેડલ મેળવતા એ.એસ.આઈ. જયરાજસિંહ રાઠોડ

## ગુજરાત પોલીસનું ગૌરવ વધારતા જયરાજસિંહને અભિનંદન પાઠવતા ડી.જી.પી. વિકાસ સહાય

અબતક,રાજકોટ

તાજેતરમાં કેરલમાં કોચી ખાતે સુરક્ષા વિભાગના ખેલાડીઓની ઓલ ઈન્ડિયા ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં પોલીસ દળ ઉપરાંત સી.આર.પી.એફ., અર્ધ લશ્કરી દળ, આઈ.બી. સહિતના વિવિધ વિભાગના મળીને ૫૦૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં મૂળ રાજકોટના વતની અને હાલ તાપી, વ્યારા ખાતે ફરજ બજાવતા એ.એસ.આઈ. જયરાજસિંહ કે. રાઠોડે ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવી રાજકોટ તેમજ ગુજરાત પોલીસનું નામ રોશન કર્યું છે. તેમને ગુજરાત પોલીસ વડા ડી.જી.પી. વિકાસ સહાયે રૂબરૂ મળી અભિનંદન આપી




ભવિષ્યમાં પણ આવી જ સિદ્ધિ પ્રાપ્ત કરે, એવી શુભકામના પાઠવી હતી જયરાજસિંહ રાઠોડ હાલ તાપી જિલ્લાના કુકરમુંડા પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવે છે. તેઓ સાત વાર નેશનલ ટુર્નામેન્ટ સહિત ટેબલ ટેનિસની અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ ચુક્યા છે. આ પૂર્વે તેઓ રાજકોટ ખાતે સ્પોટર્સ ટીચર તરીકે ફરજ બજાવેલી છે.

# એસ.ટી. બસ પોર્ટમાં મુસાફરો માટે બેસવાની ‘અવ્યવસ્થા’

## અપુરતી બેઠક વ્યવસ્થા હોવા છતાં ૭૦ થી વધુ સીટ હટાવી દેવાનો મુસાફર હિત રક્ષક સમિતિનો આક્ષેપ

અબતક,રાજકોટ

રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર સમાન શહેર છે. રાજકોટ એસ.ટી બસ પોર્ટ માં નિયમિત ૧૨૦૦ થી વધુ બસોની આવન જાવન વચ્ચે હજારો મુસાફરોની અવર જવર રહે છે. એસ. ટી બસ પોર્ટ માં આમ પણ બેઠક વ્યવસ્થા ઓછી છે મુસાફરોને ફરજિયાત ઊભું રહેવું પડે છે અથવા નીચે પલોઠી વાળીને બેસવું પડે છે. રાજ્ય સરકારે મુસાફરોને આધુનિક ઈન્સ્ફાસ્ટ્રક્ચર સાથે સારી સુવિધા આપવી એ હેતુને ધ્યાનમાં લઈને ભાડા વધારો કરવાની મંજૂરી આપી છે .



એસ.ટી ને અંદાજે વાર્ષિક ૧૫૦૦ કરોડ રૂપિયા આવક થઈ રહી છે. અને તેમ છતાં રાજકોટ એસ.ટી બસ પોર્ટમાં કોન્ટ્રાક્ટર અને અધિકારીઓના સંકલનના અભાવે જે બેઠક વ્યવસ્થા છે. તે અપુરતી હોવા છતાં ૭૦ થી વધુ બેઠક વ્યવસ્થા હટાવી દેવામાં આવતા મુસાફરોમાં રોષની લાગણી ફેલાય છે. દાહોદ, ગોધરા, પંચમહાલ, ફતેપુરા ના સૌથી વધુ એસ.ટી ને કમાઈને દેતા ગરીબ મુસાફરો માટે પ્લેટફોર્મ નંબર ૨૧ અને ૨૨ ઉપર એક પણ પંખો નથી અને કોઈ બેઠક વ્યવસ્થા પણ ન હોવાને કારણે મુસાફરોને કલાકો સુધી ભોયતળિયે બેસવું પડે છે. પ્લેટફોર્મ નંબર ૨૨ પરનું પાણીનું પરબ હટાવી ને સાઈડમાં જે રીતે પ્લેટફોર્મ નંબર પાંચ પર છે તે રીતે કરવામાં આવે તો બેઠક વ્યવસ્થા પણ વધી શકે તેમ છે જે અંગે ફરજ પરના સ્ટેન્ડ ઈન્ચાર્જ એટીઆઈનું મૌખિક ધ્યાન વારંવાર દોરવા છતાં નક્કર કામગીરી કરવામાં આવી નથી રાજકોટ બસપોર્ટના સીસી ફૂટેજ જોઈ અને કોન્ટ્રાક્ટર દ્વારા બેઠક વ્યવસ્થા હટાવી દેવામાં આવતા મુસાફરોને પડી રહેલી હાલાકી અંગે દંડનીય કાર્યવાહી થવી જોઈએ. ડેપો મેનેજર ઉપર પણ કારણદર્શક નોટિસ આપી કાર્યવાહી થવી જોઈએ અને આ અંગે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના એમ.ડીને અને રાજકોટના વિભાગીય નિયામકને લેખિત રજૂઆત કરી પ્રવાસી મુસાફરોને માટે પૂરતી બેઠક વ્યવસ્થા અને પંખાની વ્યવસ્થા કરવાની ગુજરાત એસ.ટી મુસાફર હિતરક્ષક સમિતિના સભ્યોએ માંગ ઉઠાવી છે.

# ગોબર પણ ગૌ-સેવકોને આપશે હવે આજીવીકા

## મૂર્તિ, કલાકૃતિ ચપ્પલ, મોબાઈલ કવર ચાવી રિંગ સહિતની વસ્તુઓ તેમજ ટાઈલ્સ બનાવી બની શકે છે આજીવીકાનું સાધન

અબતક,રાજકોટ

ગાયના છાણમાંથી વિવિધ વસ્તુઓ બનાવી સારી એવી આવક ઊભી થઈ શકે છે. ગામડા અને શહેરોમાં કોઈ પણ જગ્યાએ છાણમાંથી ટાઈલ્સ બનાવી તેનો ઉદ્યોગ શરૂ કરી શકાય છે. સામાન્ય રીતે ગામડાઓમાં ખેડૂતોનાં ઘરમાં ગાયનાં છાણની ઉપયોગ અનેક રીતે કરતા જોવા મળે છે, લોકો ચુલ્લા અને ઘરને લીપવા માટે પણ તેનો ઉપયોગ કરે છે. પરંતુ તેમાંથી ટાઈલ્સ બનાવી સારી એવી આવક રોજગાર પણ મેળવી શકાય છે. રસાયણો અને પ્રદૂષણમુક્ત હોવાની સાથે સાથે તેનો બીજો ફાયદો એ છે કે, ખૂબ જ ઓછા ખર્ચ સાથે આ વ્યવસાય શરૂ કરી શકાય છે. આ ઉપરાંત છાણમાંથી મૂર્તિ, કલાકૃતિ, ચપ્પલ, મોબાઈલ કવર, ચાવી રિંગ જેવી અન્ય વસ્તુઓ પણ બનાવી શકાય છે. ગાયનાં છાણમાંથી ટાઈલ્સ બનાવવા માટે છાણને બે દિવસ સુધી તડકામાં સૂકવી અને મશીનમાં તેનો ભુક્કો તૈયાર કરવામાં આવે છે.

સાથે તેમાં ચંદન પાઉડર, કમળ અને નીલગીરીનાં પાનનું મિશ્રણ કરી પેસ્ટ બનાવી અલગ અલગ આકારમાં ઢાળવામાં આવે છે.

તંત્રી લેખ

# પાકિસ્તાનીઓ ભારત છોડોઃ પાણી વીના મરો

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓ દ્વારા ધર્મ પૂછીને નિર્દોષ પ્રવાસીઓ પર કરવામાં આવેલા હુમલામાં ૨૮ નાગરિકોના મોત નીપજ્યા છે.આ ઘટનાએ સમગ્ર દેશમાં શોકનું મોજુ ફરી વળ્યું છે પાકિસ્તાન પ્રેરિત આતંકવાદના મૂળિયા ઉખેડી નાખવાની ઉગ્ર માંગ દેશવાસીઓ કરી રહ્યા છે.

કેન્દ્રની મોદી સરકારે પણ આકરી કાર્યવાહી કરી છે.પાકિસ્તાનને પાણીના એક એક ટીપા માટે તરસે મારવું પડે તેવા આકરા પગલા લેવામાં આવ્યા છે. ભારતમાં આવેલા તમામ પાકિસ્તાનીઓને માત્ર ૪૮ કલાકમાં પોતાના વતનમાં પરત ફરવાની પણ તાકીદ કરી દેવામાં આવીને ભારત આજે અનેક આકરા પગલા લેવાના મૂડમાં છે. દેશવાસીઓના દિલમાં આતંકવાદીઓ સામે ઉગ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે.

ઠેર ઠેર આતંકવાદીઓને પૂતનાનો દહન કરવામાં આવી રહ્યો છે મૌન રેલી અને કેન્ડલ માર્ચ યોજી આતંકી હુમલામાં મોતને ભેટેલા હતભાગીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે ધર્મ પૂછીને કરવામાં આવેલા આતંકી હુમલાને હવે આરપારની લડાઈ ગણવામાં આવી રહી છે.

ભારત સરકારે પણ આ આતંકી હુમલા બાદ ઈન્ડસ વોટર ટ્રીટી (૧૯૬૦)ને તાત્કાલિક અસરથી સ્થગિત કરી દેવામાં આવી છે.

આ સ્થગિતકરણ પાકિસ્તાન સીમા પાર આતંકવાદને વિશ્વસનીય અને અફરજનક રીતે સમર્થન આપે છે ત્યાં સુધી ચાલુ રહેશે.અટારી ખાતેની ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવી છે.જે વ્યક્તિઓએ માન્ય સમર્થન સાથે સરહદ પાર કરી હતી.તેઓ ૧ મે ૨૦૨૫ પહેલાં અટારી દ્વારા પરત ફરી શકે છે.

વિઝા નીતિમાં ફેરફાર કાર્યો છે. વિઝા મુક્તિ યોજના પાકિસ્તાની નાગરિકો માટે સ્થગિત કરી દેવામાં આવી છે.પાકિસ્તાની નાગરિકોને અગાઉ જારી કરાયેલા તમામ વિઝા રદ કરવામાં આવ્યા છે.

હાલ ભારતમાં એસવીએસવિઝા પર રહેલા પાકિસ્તાની નાગરિકોએ ૪૮ કલાકમાં દેશ છોડવો પડશે.

નવી દિલ્હીમાં પાકિસ્તાની હાઈ કમિશનમાં રક્ષણ, લશ્કરી, નૌકાદળ અને હવાઈ સલાહકારોને પર્સોના નોન ગ્રાટા જાહેર કરવામાં આવ્યા છે. તેઓએ એક અઠવાડિયામાં દેશ છોડવો પડશે.

# ભારતમાં આતંકવાદી હુમલા સામે વિશ્વભરના ધર્મગુરૂઓ નિર્દોષ પ્રવાસીઓ સાથે છેઃ આચાર્ય લોકેશજી

## મૃતકોના પરિવારો પ્રત્યે સર્વધર્મના સંતોએ સંવેદના વ્યક્ત કરી હતી અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી હતી



**અબતક, રાજકોટ**

અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક જૈન આચાર્ય લોકેશજી, મહર્ષિ ભૃગુ પીઠાધીશ્વર શ્રી ગોસ્વામી સુશીલજી મહારાજ, અખિલ ભારતીય ઈમામ સંગઠનના પ્રમુખ ઈમામ ઉમર અહેમદ ઈલ્યાસી, શીખ ગુરુ ધર્મ સમિતિના મુખ્ય સલાહકાર પરમજીતસિંહ ચંડોક. આચાર્ય શૈલેન્દ્ર તિવારી અને વિવિધ ધર્મોના સંતોએ પત્રકાર પરિષદમાં જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા ઘાતકી આતંકવાદી હુમલાની નિંદા કરી હતી. સર્વધર્મ સંતોએ અપીલ કરી હતી કે આઘાત અને આઘાતની આ ઘડીમાં સમગ્ર વિશ્વએ એક થવું જોઈએ અને આતંકવાદ વિશ્વમાં જ્યાં પણ હોય તેને જડમૂળથી ખતમ કરવા માટે સભાન અને સામૂહિક પગલાં લેવા જોઈએ. વિશ્વશાંતિ કેન્દ્રના સ્થાપક જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વના સંતો ભારતના કાશ્મીરમાં નિર્દોષ પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા સામે એકતામાં ઉભા છે. આચાર્ય લોકેશજીએ મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને ઘાયલોના જલદી સ્વસ્થ થવાની કામના કરી હતી. મહર્ષિ ભૃગુ પીઠાધીશ્વર ગોસ્વામી સુશીલજી મહારાજે કહ્યું કે કાશ્મીર સનાતન સંસ્કૃતિની ઓળખ છે, અનેક ઋષિ-મુનિઓએ ત્યાં તપ કરીને જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. તે ભૂમિની રક્ષા કરવી એ દરેક ભારતીયની ફરજ છે. ઓલ ઈન્ડિયા ઈમામ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ ઈમામ ઉમર અહેમદ ઈલ્યાસીએ કહ્યું કે ઈસ્લામ માનવતાવાદી ધર્મ છે. તે આપણને એકબીજા પ્રત્યે પ્રેમ અને સદભાવના રાખવાનું શીખવે છે. કોઈ સાચો મુસ્લિમ ક્યારેય નિર્દોષ લોકોની હત્યા કરી શકતો નથી. દિલ્હી શીખ ગુરુદ્વારા સમિતિના મુખ્ય સલાહકાર પરમજીતસિંહ ચંડોકે જણાવ્યું હતું કે ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે, અહીં દરેક જાતિ, ધર્મ અને સમુદાયના લોકો પોતાની વિચારધારાને અનુસરીને સુમેળમાં રહે છે. આ પ્રકારની ઘટનાઓ ભારતની સંસ્કૃતિ અને સભ્યતા વિરુદ્ધ છે. બૌદ્ધ ધર્મના ભંતે સુમેધોએ કહ્યું કે તમામ ધર્મના સંતો પહલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોને ભારે હૃદયથી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. આ અમાનવીય આતંકવાદી હુમલાના ગુનેગારોને વહેલી તકે પકડીને સજા થવી જોઈએ. આચાર્ય શૈલેન્દ્ર તિવારીએ કહ્યું કે માનવ જીવન સેવા માટે આપવામાં આવે છે પરંતુ તેનો ક્રૂર વિનાશ માટે ઉપયોગ થાય તે ખૂબ જ શરમજનક છે.

# આયાતી માલમાં ગુણવત્તા જાળવવા ગ્રેટર ચેમ્બરની માંગ

## ઈમ્પોર્ટ થતા માલની ક્વોલીટી સ્ટાન્ડર્ડ જાળવવા ટેક્ષટાઈલ્સ મંત્રાલયનાં મંત્રી ગીરીરાજસિંહને કરી રજૂઆત

**અબતક, રાજકોટ**

આપણા દેશમાં વિસ્કોર્સ યાર્ન એમએસએમઈ ક્ષેત્રે કાર્યરત યુનીટો દ્વારા ઉત્પાદન કરવામાં આવે છે, જેની ક્વોલીટી બ્યુરો ઈન્ડીયન સ્ટાન્ડર્ડ મુજબ હોય છે. આ યાર્ન લોંગ ફાઈબરવાળુ ઉત્પાદન થાય છે. એટલે આ યાર્ન વિવીંગમાં વાપરતા યુનીટોને ઘણુ જ ફાયદાકારક અને ઉત્પાદન પ્રક્રિયામાં સરળતાવાળું હોય છે. તેથી તેની કોસ્ટીંગ પણ પ્રમાણમાં વધારે થતી હોય છે.

યાર્નની માર્કેટમાં ઘરેલું ઉત્પાદીત યાર્નની ક્વોલીટી સારી હોવાને કારણે તેના બજારભાવ વધારે રહે છે. તેથી આ યાર્નના આયાતકાર વેપારીઓ ચીન, ઈન્ડોનેશીયા જેવા દેશોમાંથી નબળી ક્વોલીટી એટલે કે શોર્ટ (ટુંકા) ફાઈબરનું યાર્ન ઓછા ભાવે ઈમ્પોર્ટ કરી માર્કેટમાં ઘરેલું ઉત્પાદન કરતા એકમોની સાથે હરીફાઈમાં સસ્તા ભાવે વેચવાથી ઘરેલું ઉત્પાદન કરતા એકમોને આ હરીફાઈમાં ટકવું મુશ્કેલ થાય છે. અને ઘરેલું ઉત્પાદીત માલ માર્કેટમાં વેચાતો નથી.

નાના ઉત્પાદકોને ખુબ જ સહન કરવાનું આવે છે. આ બાબતે કેન્દ્રના ટેક્ષટાઈલ્સ મંત્રી ગીરીરાજસિંહ સમક્ષ રજુઆત કરી છે ઈમ્પોર્ટ થતા વિસ્કોર્સ યાર્નના કન્સાઈન્મેન્ટ કસ્ટમ કલીયરન્સ વખતે ક્વોલીટી કંટ્રોલ ચેક કરવાની પ્રથા નાખવા આ ક્વોલીટી કંટ્રોલમાં ક્વોલીટી સ્ટાન્ડર્ડ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડનું નક્કી કરેલ રાખવું. આ સ્ટાન્ડર્ડ મુજબનો જ માલ આયાત થઈ શકે.

આયાત થતા વિસ્કોર્સ યાર્નનું આયાત કરતા વેપારીઓએ ઓછામાં ઓછા ભાવો, ઈન્ડીયન મેન્યુફેકચર્સની પેરીટીએ રાખવા તેથી નીચેના ભાવે આયાત કરેલ માલ પર તફાવતને ડયુટીરૂપે વધારાની કસ્ટમ ડયુટી વસુલ કરવી. જેથી ઈમ્પોર્ટેડ માલ નીચા ભાવે વેચી શકાય નહી. અને ઘરેલું ઉત્પાદકો સામે હરીફાઈ થઈ શકે નહી. તેમ પગલા લેવા જોઈએ. તે અંગે મંત્રાલય સમક્ષ રજુઆત દ્વારા સુચીત કરવામાં આવેલ છે. જેથી ઘરેલું ઉત્પાદકો ઘરેલું માર્કેટમાં આરામદાયક રીતે પોતાનો ઉત્પાદીત માલ વેચી શકે.

ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ રાજીવભાઈ દોશી તથા વાઈસ ચેરમેન શ્રી કાંતીભાઈ જાવીયા તથા ઉપપ્રમુખશ્રી ઈશ્વરભાઈ બાંભોલીયા દ્વારા જણાવવામાં આવેલ છે.

# ખેલ મહાકુંભ ચેસ સ્પર્ધામાં પ્રતિક માણેક અવ્વલ



**અબતક, રાજકોટઃ** તાજેતરમાં વલસાડ ખાતે યોજાયેલ ખેલ મહાકુંભ રાજ્ય કક્ષાની ચેસ સ્પર્ધામાં રાજકોટના નામાંકિત ચેસ પ્લેયર પ્રતિક વસંતભાઈ માણેકએ ૭ માંથી ૬.૫ પોઈન્ટ કરી અનબીટન રહી પ્રથમ નંબર લઈ રાજકોટનું ગૌરવ વધારેલ છે. અને ગોલ્ડ મેડલ હાસીલ કરેલ છે. પ્રતિકભાઈ માણેક સૌરાષ્ટ્રમાં પ્રથમ નંબરના રેટીંગ ધરાવનાર ખેલાડી છે. તેનું ફીડે રેટીંગ ૨૧૧૩ છે. તેની આ ઉપલબ્ધી માટે ગેસ્ફોર્ડ ચેસ કલબ તથા સમગ્ર ગુજરાતના ચેસ પ્રેમિઓએ અભિનંદનની વર્ષા કરેલ છે.

# ભારતીય નૃત્ય સંગીત મહાવિદ્યાલયમાં નિઃશુલ્ક તબલા વાદન કલાસ બુધવારેથી પ્રારંભ



**અબતક, રાજકોટ**

ગાંધર્વ વિમલનગર-૬ આલાપ એવન્યુ સોસાયટી પાછળ યુનિ. રોડ, રાજકોટ ખાતે વિદ્યાલયમાં તા. ૧-૫ થી ૩૧-૫ સુધી ફ્રી વેકેશન બેંચનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં શાસ્ત્રીયને આધારીત તથા દરેક તાલમાં ગીત, ગઝલ, ભજન, ફીલ્મી ગીત વગેરે ગાયન વાહન પ્રકારો સાથે તબલા તાલ, સંગત કરવા માટેના લાઈટ મ્યુઝીકના તાલોની તાલીમ આપવામાં આવશે. રમણીકભાઈ માલકીયા દ્વારા તાલીમ આપવામાં આવશે. રસ ધરાવતા તબલા ચાહકોએ સવારે ૮ થી રાત્રે ૮ સુધી રૂબરૂ અથવા મો. નં. ૯૪૨૬૭ ૮૪૯૫૯ ઉપર સંપર્ક કરવો તેમ આ વિદ્યાલયના ડાયરેકટર રમણીકભાઈ માલકીયાની એક યાદીમાં જણાવેલ છે.

# જૈન અગ્રણી ધિરેનભાઈ ભરવાડાનો જન્મદિવસ



રાજકોટમાં અનેક નાની અનામી સંસ્થાઓ સાથે સંકળાયેલા, જીવદયાપ્રેમી, સાધાર્મિકોના સહાયક, મળવાં જેવા માણસ, સદાનંદી એવાં ધિરેનભાઈ ભરવાડા પોતાના યશસ્વી જીવનનાં ૬૩ વર્ષ પૂર્ણ કરી ૬૪મા વર્ષમાં મંગલમય પ્રવેશ કરી રહ્યા છે ત્યારે તેમનાં સગાં- સંબંધી, વિશાળ મિત્ર વર્તુળ સહિતના મહાનુભાવો તેમનાં મોબાઈલ નંબરઃ-૯૩૨૮૮ ૪૪૦૫૫ ઉપર જન્મ દિવસની અપાર શુભેચ્છાઓ તથાં અભિનંદન પાઠવ્યા છે.

# જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ૬૭૭મું ચક્ષુદાન



**અબતક, રાજકોટ**

કિરણબેન ચંદ્રેશભાઈ કકકડનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૬૭૭મું ચક્ષુદાન થયેલ છે. આ એપ્રિલ ૨૦૨૫માં બારમું ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન ની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો. નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવાયું છે.

વિશ્વ પુસ્તક દિવસ નિમિતે

# સાહિત્ય સેતુના પુસ્તક પરબની ૧૫૦ જેટલા પુસ્તક પ્રેમીઓએ મુલાકાત લીધી



**અબતક, રાજકોટ**

દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્યિક પ્રવૃત્તિ કરતી સંસ્થા સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા વિશ્વ પુસ્તક દિવસ નિમિતે રાજકોટ શહેરના બિમ્બઝાર પાછળ બ્રમકુંજ સોસાયટી મેઈન રોડમાં આવેલ સરદાર બાગમાં પુસ્તક પરબ યોજવામાં આવેલ હતો.

પુસ્તક પરબમાંથી વહેલી સવારે વોકિંગમાં આવતા ૧૦૦ જેટલા ભાઈઓ બહેનો વડીલો પોતાને મનગમતા પુસ્તકો લઈ ગયેલ આ ઉપરાંત ૧૫૦ થી વધુ નાગરિકોએ પુસ્તક પરબની મુલાકાત લઈ પોતાની પ્રસન્નતા વ્યક્ત કરેલ.

પુસ્તક પરબની મુલાકાતે વિવિધ ક્ષેત્રના મહાનુભાવો પૂર્વ સિન્ડિકેટ મેમ્બર દિનેશભાઈ ચોવટિયા શહેર ભાજપ મંત્રી હરેશભાઈ કાનાણી પ્રિન્સીપાલ કિશોરભાઈ દવે યુવા તબીબ ડો. આનંદ જસાણી ક્ષત્રિય અગ્રણી બલભદ્રસિંહ ચુડાસમા બ્રહ્મ અગ્રણી સુધીરભાઈ પંડ્યા વિવેકાનંદ કેન્દ્રના રિદ્ધિબેન વગેરે પધારેલ સમગ્ર આયોજનની સફળતા માટે સાહિત્ય સેતુ પરિવારના અનુપમ દોશી પંકજ રૂપારેલિયા મહેશભાઈ વ્યાસ ઉપમન્યુભાઈ રાવલ કાર્યરત રહ્યા હતા.

# વર્ધમાન ચેરી. ટ્રસ્ટ દ્વારા રવિવાર દંતયજ્ઞ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર અને આસપાસના ગામોના દર્દીઓના લાભાર્થે વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટના ઉપક્રમે નિઃશુલ્ક દંતરોગ ચિકિત્સા કેમ્પ જશ-પ્રેમ- ધીર સંકુલ વૈશાલનગર શેરી નં. ૫-ધ સીટી સેન્ટર સામે, રૈયા રોડ, રાજકોટ ખાતે તા. ૨૭-૪ ને રવિવારે સવારે ૯ થી ૧ યોજાશે. આ કેમ્પમાં ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્થ એન્ડ એજયુકેશન રાજકોટના ડો. જયસુખભાઈ મકવાણા અને તેમની ટીમ મોનીકાબેન ભટ્ટ, જાગૃતિ ચૌહાણ અને ડો. સંજય અગ્રાવત, ડો. હરેશ માળી, ડો. કુશ રાજસિંહ સિસોદિયા, રાજુભાઈ વરીયા, રાજેશભાઈ ભૂટક સેવા બજાવશે. વધુ વિગત માટે મોનીકાભાઈ ભટ્ટ મો. નં. ૯૪૦૯૭ ૭૩૬૭૪ન પર સંપર્ક કરવા જણાવેલ છે.

# બાળભવનમાં સોમવારથી ઉનાળુ વેકેશન વર્કશોપનો પ્રારંભ

## વર્કશોપમાં ૨૮ એપ્રીલ થી ૧૫ જુન સુધી કરાટે, ઓરીગામી, તબલા, કથ્થક સહિત અનેક પ્રવૃતિઓની તાલીમ અપાશે

| તારીખ | સવારે | સાંજે |
|---|---|---|
| ૨૮/૪ થી ૧૦/૫ | કરાટે (૯ થી ૧૦ કલાક)<br>યોગ (૧૦ થી ૧૧ કલાક)<br>કેરમ (૧૧ થી ૧૨ કલાક) | ગ્લાસ પેઈન્ટીંગ (૫ થી ૬ કલાક)<br>મેગેજીન ડ્રાફ્ટ (૬ થી ૭ કલાક)<br>કલર ટેકનીક (૭ થી ૮ કલાક) |
| ૧૨/૫ થી ૨૪/૫ | રંગપૂરણી - ડ્રોઈંગ (૯ થી ૧૦ કલાક)<br>ફોક વેસ્ટર્ન ડાન્સ (૧૦ થી૧૨ કલાક) | ગરબા તાલીમ (૫ થી ૭ કલાક)<br>ટીવી ન્યુઝ રીડીંગ તાલીમ (૬ થી ૭ કલાક)<br>પર્સનાલીટી ડેવલપમેન્ટ (૭ થી ૮ કલાક) |
| ૨૬/૫ થી ૭/૬ | ચેસ તાલિમ (૯ થી ૧૦ કલાક)<br>હારમોનિયમ (૧૦ થી ૧૧ કલાક)<br>અભિનય બાળગીત (૧૧ થી ૧૨ ) | મહેંદી આર્ટ (૫ થી ૬ કલાક)<br>કીરીગામી (૬ થી ૭ કલાક)<br>ઓરીગામી (૭ થી ૮ કલાક) |
| ૯/૬ થી ૧૫/૬ | દેશી રમત (૯ થી ૧૦ કલાક<br>તબલા તાલીમ (૧૦ થી ૧૧ કલાક)<br>ગાયન (૧૧ થી ૧૨) | કોલાઝ (૫ થી ૬ કલાક)<br>રૂબીકસ કયુબ (૬ થી ૭ કલાક)<br>વેસ્ટ માંથી બેસ્ટ (૭ થી ૮ કલાક) |
| ૨૬/૫ થી ૩૧/૫ | - | કથ્થક નૃત્ય, ફેશન શો (૬ થી ૭ કલાક) |

**અબતક, રાજકોટ**

દર વર્ષે બાલભવન રાજકોટ દ્વારા ઉનાળુ વેકેશના વર્કશોપનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૫ થી ૧૬ વર્ષના દરેક બાળકો ભાગ લેતા હોય છે. બાલભવન રાજકોટના માનદ મંત્રી મનસુખભાઈ જોષી અને ટ્રસ્ટી ડો.અલ્પનાબેનના માર્ગદર્શન હેઠળ બાલભવનના ઓફીર સુપ્રિ. કીરીટભાઈ વ્યાસ તથા બાલભવનની ટીમ દ્વારા બાળકો માટે આ વર્ષે પણ ઉનાળુ વેકેશન વર્કશોપનું આયોજન થવા જઈ રહ્યું છે. આ વર્કશોપમાં બાળકોને વિવિધ પ્રવૃતિઓની તાલીમ આપવામાં આવશે. સોમવાર થી શનિવાર સાંજે ૫ થી ૭.૩૦ કલાકે દરમિયાન દરેક વર્કશોપનાં અલગ અલગ ફોર્મ ભરી શકાશે. બાલભવન રાજકોટ કાર્યાલર્યથી ફોર્મ મેળવી જરુરી પ્રમાણપત્રો સાથે ભરીને પરત કરવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

# ધારાશાસ્ત્રી મનોજ તંતીના પુત્ર પ્રશમે કરાટેમાં 'ફર્સ્ટ ડેન બ્લેક બેલ્ટ' મેળવ્યો



**અબતક, રાજકોટ**

રાજકોટના સીનીયર ધારાશાસ્ત્રી મનોજભાઈ વિનોદભાઈ તંતીના સુપુત્ર અને પ્રિમીયર સ્કુલના વિદ્યાર્થી પ્રશમ્ મનોજભાઈ તંતીએ માત્ર૧૭ વર્ષની ઉમરે કરાટેમાં પ્રતિષ્ઠીત ''ફર્સ્ટ ડેન બ્લેક બેલ્ટ'' મેળવી સમગ્ર તંતી પરિવારનું નામ રોશન કરેલ છે.

પ્રશમ્ તંતીએ ત્રણ વર્ષ પહેલા માત્ર ૧૪ વર્ષની ઉમરે કરાટેનું કોચીંગ ટેકનો ફાઈટ માર્શલ આર્ટના રોબીનભાઈ કાસુન્દ્રા પાસે તાલિમ લેવાનું શરૂ કરેલ અને માત્ર ૩ વર્ષના સમયગાળામાં અનેક સ્પર્ધાઓમાં ચેમ્પીયન તથા રનર્સઅપ થવાની સાથે સાથે ઈન્સ્ટીટયુ ઓફ શોટોકાન કરાટે યુનાઈટેડ (આઈ.એસ.કે.યુ.) નામની કરાટે ડો ફેડરેશન-ગુજરાત અને કરાટે ઈન્ડીયા ઓર્ગેનાઈઝેશન માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી તેમજ કરાટે એસોસીએશનના આંતરરાષ્ટ્રીય નિયમો મુજબના સિમાચિન્હો પાર કરી કરાટેમાં ''ફર્સ્ટ ડેન બ્લેક બેલ્ટ'' મેળવેલ હોય જેતી સગા સબંધી તથા શુભેચ્છકો દ્વારા પ્રશમ્ મનોજભાઈ તંતીને (મો.નં.-૯૮૯૮૦ ૩૬૭૮૯)શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહેલ.

# ડિસેબલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે પ્રવેશ પ્રક્રિયા શરૂ

## વિવિધ વ્યવસાયલક્ષી તાલીમ માટે કોમ્પ્યુટર ઓપરેટર, હેર એન્ડ સ્કીન કેર, કટીંગ એન્ડ સુઈંગ, ડેટા એન્ટ્રી ઓપરેટર સહિતના કોર્સ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ડિસેબલ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે પ્રવેશ પ્રક્રિયા શરુ થઈ ગઈ છે. વિવિધ વ્યવસાયલક્ષી તાલીમ માટે લાંબા ગાળાના કોર્ષ જેવા કે કોમ્પ્યુટર ઓપરેટર, હેર એન્ડ સ્કીન કેર, કટીંગ એન્ડ સુઈંગ, ડેટા એન્ટ્રી ઓપરેટર અને ટૂંકા ગાળાના કોર્ષ જેવા કે એન્વેલોપ મેકિંગમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક ઉમેદવારોએ વેબસાઈટ પર અરજી કરવાની રહેશે. અથવા અન્ય નજીકની આઈ.ટી.આઈ.માં જઈ ઓનલાઈન ફોર્મ જરૂરી પ્રમાણપત્રોની નકલો અને રજીસ્ટ્રેશન ફી સાથે જમા કરાવવાનર રહેશે. વધુ વિગત માટે ફોન નં. ૦૨૮૧-૨૩૮૯૦૬૬ અથવા યુનિવર્સિટી રોડ પર બી. ટી. સવાણી કિડની હોસ્પિટલની પાછળ મહિલા આઈ.ટી.આઈ.ની બાજુમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા - ડિસેબલ ખાતે રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે, તેમ ડિસેબલ ઔદ્યોગિક તાલીમ સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

# આઈ.ટી.આઈ. ખાતે આજથી વિવિધ કોર્સમાં એડમિશનનો પ્રારંભ

**અબતક, રાજકોટ**

ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) નાગેશ્વર મંદિર પાસે, શેઠનગર સામે, જામનગર રોડ, રાજકોટ ખાતે ઓગસ્ટ-૨૦૨૫ ભરતી સત્રમાં વિવિધ કોર્સમાં એડમિશન માટે ઈચ્છુક ભાઈઓ અને બહેનોએ તા. ૨૪/૦૪/૨૦૨૫થી ૩૦/૦૬/૨૦૨૫ સુધીમાં પ્રવેશ ફોર્મ ભરવાના રહેશે. જેનો સમય સવારના ૧૦:૦૦થી સાંજના ૫:૦૦ કલાક સુધીનો રહેશે. જેમાં ધોરણ ૮, ધોરણ ૧૦ની યોગ્ય લાયકાત અનુસાર કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામિંગ આસિસ્ટન્ટ , વાયરમેન મિકેનિક ડીઝલ ફિટર હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર , એટેન્ડન્ટ ઓપરેટર કેમીકલ પ્લાન્ટ, કોસ્મેટોલોજી, ડ્રેસ મેકીંગ, ફીઝીયોથેરાપી ટેકનિશિયન સહિતના કોર્સ માટે અરજી કરી શકાશે. પ્રથમ રાઉન્ડની ફોર્મ ભરવાની તથા સ્વીકારવાની કાર્યવાહી ચાલી રહી છે. ઓનલાઈન પ્રવેશ ફોર્મ વેબસાઈટ પરથી ભરવું અથવા આઈ.ટી.આઈ. હેલ્પ સેન્ટરની રૂબરૂ મુલાકાત લેવા અથવા વધુ માહિતી માટે ૯૯૭૯૭૧૧૮૯૬ ફોન નંબર પર સંપર્ક કરવા જામનગર રોડ રાજકોટ ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યની યાદીમાં જણાવાયું છે.

# પ્રવાસન માહિતી કેન્દ્રની કચેરી નવા સરનામે કાર્યરત

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસીઓને વિવિધ પ્રવાસન સ્થળોની માહિતી પૂરી પાડવા માટે પ્રવાસી માહિતી કેન્દ્રની કચેરી, કોસ્મો કોમ્પલેક્સ, રાજકોટ ખાતે કાર્યરત હતી, જે હવેથી ભાવનગરનો ઉતારો, જવાહર રોડ,ત્રિકોણ બાગ, એસ.બી.આઈ. જીમખાના બ્રાંચની પાછળ, રાજકોટ ખાતે કાર્યરત થયેલ છે જેની જાહેર જનતાને નોંધ લેવા પ્રવાસી અધિકારી એ જણાવાયું છે.

# પ્રોજેકટ લાઈફ દ્વારા શનિવારે યોગા વર્કશોપ

**અબતક, રાજકોટ**

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેક્ટ 'લાઈફ' દ્વારા ફેસ યોગા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૨૬ એપ્રિલ ૨૦૨૫, શનિવારના રોજ સવારે ૭.૦૦ થી ૮.૩૦ અને સાંજે ૫.૦૦ થી ૬.૩૦ ના રોજ થનાર છે.

આજના ઝડપી જીવનશૈલી અને પ્રદૂષણથી ભરેલા વાતાવરણમાં ચહેરાની ત્વચા પર માઠી અસરો દેખાવા લાગે છે. આવી પરિસ્થિતિમાં ચહેરાની કુદરતી કાંતિ જાળવી રાખવા માટે ફેસ યોગા એક પ્રભાવશાળી અને સ્વસ્થ વિકલ્પ બની રહ્યો છે. ફેસ યોગા માત્ર ચહેરાની ત્વચાને જ નહીં, પણ આંતરિક શાંતિ અને તંદુરસ્તીની દ્રષ્ટિએ પણ ઘણો લાભદાયી સાબિત થયો છે.

આ અંગે વધુ વિગત મેળવવા માટે પ્રોજેકટ 'લાઈફ' બિલ્ડીંગ, રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ ખાતે મુલાકાત લેવી અથવા મો. નંબર ૮૫૧૧૩૩૧૧૩૩ સંપર્ક કરવા જણાવેલ છે.

# આતંકવાદીઓએ કલ્પના નહીં કરી હોય તેવી સજા મળશે: નરેન્દ્ર મોદી

## બિહારમાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ કાર્યક્રમમાં હાજરી આપી પોતાનું ભાષણ શરૂ કરતા પહેલા, પીએમ મોદીએ પહેલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે મૌન પાળ્યું

**અબતક, રાજકોટ**

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં મંગળવારે થયેલા આતંકી હુમલા બાદ વડાપ્રધાન મોદી આજે બિહારની મુલાકાતે છે. રાષ્ટ્રીય પંચાયત દિવસના અવસરે તેઓ મધુબનીમાં એક કાર્યક્રમને સંબોધિત કરી હતી. આ કાર્યક્રમની શરૂઆતમાં તેમણે પહલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકો પ્રત્યે શ્રદ્ધાંજલિ અર્પી અને બે મિનિટનું મૌન પાળ્યું હતું. બાદમાં બિહારમાં વિકાસ કામગીરી અંગે માહિતી આપી હતી. પહલગામ હુમલા બાદ



પીએમ મોદીનું આ પહેલું જાહેર ભાષણ છે. આ કાર્યક્રમમાં તેઓ બિહારવાસીઓને અનેક ભેટ આપી હતી. ગેસ વિદ્યુત અને રેલવે પ્રોજેક્ટના ઉદઘાટન અને શિલાન્યાસ કર્યું. આ પ્રસંગે મુખ્યમંત્રી નીતિશ કુમાર અને તેમના ઘણા મંત્રીમંડળના મંત્રીઓ હાજર રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું કે, 'હુમલામાં આપણે આપણા સ્વજનો ગુમાવ્યા, આખો દેશ પીડિતોની સાથે છે. ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તેવી કામના કરીએ છીએ. દુશ્મનોએ આ હુમલો માત્ર નિર્દોષ પર્યટકો પર નહીં, પરંતુ ભારતની આસ્થા પર કર્યો છે. દોષિત આતંકીઓ, ષડયંત્રકારીઓને તેમની કલ્પના કરતાં પણ આકરી સજા મળશે. હું આખા વિશ્વને કહેવા માગુ છુ કે, ભારત પ્રત્યેક આતંકવાદીને શોધી શોધીને મારશે. અમે આ હુમલાના ન્યાય માટે દરેક પ્રયાસો કરીશું. આતંકીઓને આકરીથી આકરી સજા આપીશુ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, ''આજે, પંચાયતી રાજ દિવસ નિમિત્તે, આખો દેશ બિહારના મિથિલા સાથે જોડાયેલો છે. આજે, દેશ અને બિહારના વિકાસ સાથે જોડાયેલા હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદઘાટન અહીં કરવામાં આવ્યું છે. વીજળી, રેલ્વે, માળખાગત સુવિધાઓના આ વિવિધ કાર્યો બિહારમાં રોજગારની નવી તકો ઉભી કરશે. આજે રાષ્ટ્રીય કવિ રામધારી સિંહ દિનકરની પુણ્યતિથિ પણ છે, હું તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું.પીએમ મોદીએ વધુમાં કહ્યું, ''બિહાર એ ભૂમિ છે જ્યાંથી પૂજ્ય બાપુએ સત્યાગ્રહનો મંત્ર ફેલાવ્યો હતો. પૂજ્ય બાપુ દ્રઢપણે માનતા હતા કે જ્યાં સુધી તેના ગામડા મજબૂત નહીં થાય ત્યાં સુધી ભારત ઝડપથી વિકાસ કરી શકશે નહીં. દેશમાં પંચાયતી રાજની વિભાવના પાછળની આ ભાવના છે. છેલ્લા દાયકામાં, પંચાયતોને સશક્ત બનાવવા માટે એક પછી એક પગલાં લેવામાં આવ્યા છે. ટેકનોલોજી દ્વારા પંચાયતોને પણ મજબૂત બનાવવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે મંગળવારે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં અત્યાર સુધીમાં ૨૮ લોકોના મોત થયા છે જ્યારે ૧૭ લોકો ઘાયલ થયા છે. આ હુમલો પહલગામની બૈસરન ખીણમાં કરવામાં આવ્યો હતો, જેમાં આતંકવાદીઓએ પસંદગીના લોકોને નિશાન બનાવ્યા હતા.

### પીએમ મોદીના ભાષણની મુખ્ય વાતો

૧. આતંકવાદી અને ષડ્યંત્ર રચનારાઓને વિચાર્યું નહીં હોય તેવી સજા મળશે
૨. ભારત એક એક આતંકવાદીને શોધશે અને સજા આપશે
૩. માનવતામાં વિશ્વાસ રાખતા તમામ લોકો અમારી પડખે ઊભા છે
૪. આવા સમયે અમારી સાથે ઉભેલા રાષ્ટ્રોનો આભાર
૫. ૧૪૦ કરોડ ભારતીયોની ઈચ્છા શક્તિ હવે આતંકના આકાઓની કમર તોડીને રહેશે

# એસએમસીનો ગોંડલમાં દરોડો : ૩૩ કિલો ગાંજા સાથે ટ્રક ડ્રાયવર-ક્લિનરની ધરપકડ

## છૂટકમાં વેચાણ કરવા ઓડિશાથી માદક પદાર્થ લાવ્યાની આરોપીઓની કેફીયત

## ગાંજો, ટ્રક મળી રૂ. ૨૩.૪૪ લાખનો મુદ્દામાલ કબ્જે : ફરાર શખ્સ મોઈન સોલંકીની શોધખોળ

**અબતક, રાજકોટ**

એસએમસીએ રાજકોટ જિલ્લાના ગોંડલમાં દરોડો પાડી ૩૩ કિલો ગાંજા સાથે ટ્રક ડ્રાયવર અને કિલનરને ઝડપી લીધા છે. એસએમસીએ રૂ. ૨૩.૪૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ એક શખ્સની શોધખોળ શરૂ કરી છે.

સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાય અને ડીવાયએસપી કે ટી કામરીયા દ્વારા ગાંજાની હેરાફેરી પર બાજ નજર રાખી એનડીપીએસ એક્ટ હેઠળ ગુના દાખલ કરવાની સૂચના આપવામાં આવી હતી. જે સૂચનાને પગલે એસએમસી પીઆઈ એ જે ચૌહાણની ટીમને ગત તા. ૨૩/૪/૨૦૨૫ ના રોજ બાતમી મળી હતી કે રિયાઝશા ઉમરશા ફકીર (રહે. વોરાકોટડા રોડ, હુડકો કવાટર્સ, ગોંડલ,રાજકોટ) પોતાની પાસે એક અશોક લીલેન્ડ ટ્રક નંબર જીજે-૦૩-બીવી-૦૨૬૪ માં ગેરકાયદે ગાંજાનો જથ્થો લોખંડની પાઈપની આડમાં ભરી લાવી સણાથલ સર્કલ, નવાપુરા રોડ, ગોપાલ કોમ્પલેક્ષની પાછળ જાહેર રોડ ઉપર તેના કલીનર ઝફર ઉર્ફે ભૂરો જીકરભાઈ સોલંકી સાથે હાજર છે.

જે માહિતીના આધારે જરૂરી કાર્યવાહી હાથ ધરી પીએસઆઈ કે ડી રવિયાની ટીમ સરકારી પંચો સાથે બાતમીવાળા સ્થળે દરોડો પાડતા બાતમી વાળો ટ્રક પાર્થ ઈન્ડસ્ટ્રીઝ સામે એએસપી પાઈપ્સની દિવાલ પાસે ઉભેલ મળી આવ્યો હતો અને તેની સાથે બે ઈસમો હાજર મળી આવતા એસએમસીએ ટ્રકને કોર્ડન કરી સરકારી પંચો સાથે સર્ચ કરતા ટ્રકના કેરિયરના ભાગેથી માદક પદાર્થ ગાંજાનો જથ્થો કુલ



વજન ૩૩.૧૨૫ કિલોગ્રામ જેની કિંમત રૂ. ૩,૩૧,૨૫૦ તથા અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. ૨૩,૪૪,૬૯૦ ના મુદ્દામાલ સાથે ટ્રક ડ્રાયવર રિયાઝશા ઉમરશા ફકીર (રહે. ગોંડલ,રાજકોટ) તથા ટ્રક કિલનર ઝફર ઉર્ફે ભૂરો જીકરભાઈ સોલંકી (રહે. રૈયા રોડ, રાજકોટ)ને પકડી પાડવામાં આવ્યા હતા.

એસએમસીની પૂછપરછમાં બંને શખ્સોંએ કબુલાત આપી હતી કે, ગાંજાનો જથ્થો છત્તીસગઢ બોર્ડરને અડીને ઓરિસ્સા રાજ્યની હદમાં આવેલ ગંજામ જિલ્લાના જંગલ વિસ્તારમાંથી અમન નામના શખ્સ પાસેથી લાવી મોઈન જીકરભાઈ સોલંકી મારફતે છૂટકમાં વેપાર ધંધો કરવા માટે માદક પદાર્થનો જથ્થો લાવ્યાનો ખુલાસો બંને આરોપીઓ દ્વારા આપવામાં આવ્યો હતો. મામલામાં એસએમસીએ ઝડપાયેલા બંને શખ્સ તેમજ ફરાર મોઈન જીકરભાઈ સોલંકી વિરુદ્ધ એસએમસી પોલીસ સ્ટેશન ખાતે એડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તપાસ પીઆઈ એચ એ રિષીનને સોંપી છે.

### અઢી માસમાં એસએમસીએ માદક પદાર્થના પાંચ દરોડા પાડ્યા

સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા છેલ્લા અઢી માસમાં એનડીપીએસ એક્ટ હેઠળ ડ્રગ્સ-ગાંજાના કુલ પાંચ કેસો કરવામાં આવ્યા છે. આગામી સમયમાં પ્રતિબંધિત નાર્કોટિક્સ ડ્રગ્સ-ગાંજાની પ્રવૃત્તિને નાબૂદ કરવા માટે સતત દરોડા પાડી સક્રિય કામગીરી કરવામાં આવશે તેવું એસએમસીનિ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ધીરગુરૂદેવની નિશ્રામાં દીક્ષાર્થી ડીમ્પલબેન વિરાણીનું અભિવાદન



**અબતક,રાજકોટ**

વૈશાલીનગરમાં જશ-પ્રેમ-ધીરસંકુલ ખાતે બિરાજીત ધીરગુરૂદેવના દર્શનાર્થે દીક્ષાર્થી ડીમ્પલબેન વિરાણીનું આગમન થતા કેતનભાઈ શેઠ અશોકભાઈ કોઠારી, જયેશ દેસાઈ, કમલેશ શેઠ વગેરેના હસ્તે અભિવાદન કરાયું હતુ.ગુરૂદેવે જણાવેલ કે જે શ્રધ્ધાથી દીક્ષા અંગીકાર કરવાના છો. તેજ શ્રધ્ધાથી નિરવેખ્ખો પરિવારને નિરપેક્ષ બનીને સાધનાને સમ્યક્ બનાવવા પુરૂષાર્થશીલ બનશો તો લક્ષ્ય પ્રાપ્ત થટા વિના રહેશે નહિ.

# અધ્યાપક - સહાયકો માટે બહાર પાડેલા પરિપત્રનો દોઢ વર્ષથી અમલ નહીં: ડો. નિદત બારોટ

## અધ્યાપકો - આચાર્યની ભરતીમાં લાયક હોવા છતાં પરિપત્રનો અમલ ન થતાં અધ્યાપકો અરજી કરી શકતા નથીઃ અધ્યાપક સહાયકોની કારકિર્દીને નુકશાન અટકાવવા કોંગ્રેસની મુખ્યમંત્રીને રજુઆત

**અબતક, રાજકોટ**

શિક્ષણ વિભાગ દ્વારા અધ્યાપકો - સહાયકો માટે બહાર પાડેલા પરિપત્રનો તાત્કાલીક અમલ કરાવવા તેમજ અધ્યાપક સહાયકોને ન્યાય આપવા ડો. નિદત બારોટએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજુઆત કરી જે અંતર્ગત શિક્ષણ વિભાગનો તા.૨૫/ ૮/ ૨૦૦૫નો ઠરાવ ક્રમાંકઃએનજીસી/ ૧૧૦૪/૧૬૫૭/ખ ઠરાવથી રાજયની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયકની પાંચ વર્ષ સુધી ઉચ્ચક માનદ વેતનથી ભરતી કરવા તથા પાંચ વર્ષ સુધી સંતોષકારક કામગીરી બાદ છઠ્ઠા વર્ષથી મળવાપાત્ર પગારધોરણના લાભો આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

નાણા વિભાગના તા.૧૬/ ૨/૨૦૦૬ના વંચાણે લીધા કમાંક નાણા વિભાગનો તા.૧૬/ ૨/ ૨૦૦૬ નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/ ૨૦૦૨/૫૭/ઝ.૧. ના ઠરાવથી રાજ્ય સરકારની વર્ગ-૩ અને વર્ગ-૪ ની તમામ સંવર્ગોની જગ્યાઓ ઉપરની સીધી ભરતીની નિમણૂંકો પાંચ વર્ષના સમયગાળા માટે ફિક્સ પગારના અજમાયશી તરીકે કરવાનું ઠરાવવામાં આવેલ છે. ત્યારબાદ નાણા વિભાગના તા.૧૮/ ૧/ ૨૦૧૭ના વંચાણે લીધા કમાંક નાણા વિભાગનો તા.૧૮/૦૧/ ૨૦૧૭નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/ ૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧ ના ઠરાવથી નાણા વિભાગના તા.૧૬/ ૨/૨૦૦૬ ની નીતિ હેઠળ નિમણૂંક પામેલ ફિક્સ



પગારના કર્મચારીઓની આ પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ સમયે નિવૃતિ વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવાનો રહેશે તેવો ઠરાવ કરેલ છે.

આ સંદર્ભે અધ્યાપક સહાયકોની પાંચ વર્ષની ફિક્સ પગારની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ તેમજ નિવૃતિ વિષયક લાભો માટે ગણતરીમાં લેવા અંગે ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ દ્વારા તા. ૧૩/૧૨/૨૦૨૩ ED/ MSM/efile/૩/૨૦૨૨/ ૦૯૬૩/KH ઠરાવ થયેલ પરંતુ તેનો આજદિન સુધી અમલ થઈ શકેલ નથી. જેના કારણે ઉપરોક્ત ભરતી નીતિ નિયમો અને ઠરાવો અનુસાર અધ્યાપક સહાયક તરીકે નિમણૂક પામેલ અધ્યાપક સહાયકોને સળંગ નોકરી ગણવા અંગે આગળ કાર્યવાહી ન થતાં તેઓ સીએએસ અંતર્ગત પ્રમોશન મેળવી આચાર્ય માટે લાયક બની શક્યા નથી. જો આ ઠરાવનો અમલ કરવામાં આવે તો હાલમાં ફરજ બજાવતા અધ્યાપક સહાયક આચાર્ય માટે જરૂરી અનુભવ અને લાયકાત પ્રાપ્ત કરી શકે અને તેઓ કોલેજોમાં આચાર્ય તરીકે નિમણૂક પામી શકે. હાલમાં ફરજ બજાવતા અધ્યાપક સહાયક એસોસિએટ પ્રોફેસરના ગ્રેડ પર પ્રમોશન મેળવી શકે તેમજ યુસીસી ના આચાર્ય તરીકેના લાયકાત માટે ૧૫ વર્ષનો અનુભવ પણ પૂર્ણ કરી શકે તે માટે ઉપરોક્ત સળંગ નોકરી અંગેના ઠરાવની તાત્કાલિક અમલવારી જરૂરી છે જેથી ગુજરાતની કોલેજોને લાયકાત ધરાવતા આચાર્ય પ્રાપ્ત થઈ શકે અને આ અધ્યાપકોને તેમની કારકિર્દીમાં વહીવટી હોદ્દા પર નિમણૂક પામી શિક્ષણ સેવા કરવાની તક મળી શકે.

# બગોદરા હાઈવે પર સ્વચ્છતા બાબતે એકશન પ્લાન મુજબ કાર્યવાહી કરવા રાજ્ય માનવ અધિકાર આયોગનો આદેશ

## સ્થાનિક સત્તામંડળો દ્વારા નિયમિત પણે સફાઈ કરાશે તેવી ખાતરી અપાય

**અબતક રાજકોટ**

ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગને થોડા સમય પહેલા બગોદરા હાઈવે પાસે કચરા- ગંદકીની બાબતે સુઓ મોટો કોગ્નિજન્સ ધ્યાને આવી હતી. જે સંદર્ભે ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગે સ્વચ્છતા જળવાય તે માટે સ્થાનિક સંબંધિત સત્તામંડળોને નિર્દેશ કરતો હુકમ બહાર પાડ્યો હતો તેમ ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગની યાદીમાં જણાવાયું હતું.

જેમાં ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ, ગાંધીનગર દ્વારા જે સૂચનો આપવામાં આવ્યા હતાં તે સંદર્ભે કલેક્ટર કક્ષાએ એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં બગોદરા હાઈવે ઉપર કચરાની ગંદકી દુર કરવા બાબતે એકશન પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્લાન મુજબ તમામ સ્થાનિક સત્તામંડળોને કાર્યવાહી કરવા કડક સૂચનાઓ આપવામાં આવી છે.

આ ઉપરાંત સ્વચ્છતાની બાબતને વધુ ગંભીરતાથી લઈને આગામી સમયમાં કામગીરી કરવા પણ સુચના આપવામાં આવી છે. સ્થાનિક સત્તામંડળો દ્વારા બગોદરા હાઈવે નિયમિત પણે સ્વચ્છ થશે તેવી પણ ખાતરી આપવામાં આવી છે. જયારે ભવિષ્યમાં ગંદકીને લઈને આવા કોઈપણ પ્રકારની બેદરકારી દાખવવામાં ન આવે તેની પણ પુરતી તકેદારી રાખવામાં આવશે.

# જંકશન પ્લોટ આરોગ્ય કેન્દ્રમાં લોકો અપાય છે હીટવેવથી બચવા અંગેનું માર્ગદર્શન

## બેચેની, માથામાં દુઃખાવો, ઉલટી-ઉબકા, હાથ પગમાં ખાલી ચડવી સહિત લૂના લક્ષણોઃ ડો.રાજવી કાનાબાર

**અબતક રાજકોટ**

ઉનાળામાં લૂ લાગવાનાં બનાવો બનતા હોય છે. આપણે લૂ ના પ્રભાવને ઓછું નથી કરી શકતા પણ તકેદારી રાખી તેનાથી બચી શકાય છે.

રાજકોટ જંકશન પ્લોટ આરોગ્ય કેન્દ્ર દ્વારા દર્દીઓને લૂ થી બચવા માર્ગદર્શન આપવાની સાથે શાળાઓ તેમજ વિવિધ વિસ્તારો-શેરીઓમાં પોસ્ટર્સ દ્વારા લૂ થી બચવાના ઉપાયોથી લોકોને માહિતગાર કરવામાં આવી રહ્યાં છે.

આર.બી.એસ.કે. મેડિકલ ઓફિસર ડો. રાજવી કાનાબારે હિટવેવનાં લક્ષણો, તકેદારીનાં પગલા વગેરે અંગે જાણકારી આપી છે.

તેઓ કહે છે કે, બેચેની કે માથામાં દુઃખાવો થવો, ઉબકા કે ઉલટી થવી, હાથ પગમાં ખાલી ચડવી, ચક્કર આવવા વગેરે લક્ષણો જણાય તો નજીકના આરોગ્ય કેન્દ્રમાં જઈ સારવાર લેવી. બાળકો, સગર્ભા મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો તેમજ બીમાર વ્યક્તિઓએ બપોરે ૧૨:૦૦ વાગ્યાથી ૫:૦૦



વાગ્યા સુધી શક્ય હોય ત્યાં સુધી ઘરની બહાર નીકળવાનું ટાળવું, તેમજ હીટવેવ અંગે સરકાર દ્વારા અપાતી સુચનાઓનું પાલન કરવું. પૂરતા પ્રમાણમાં પાણી પીતા રહેવું, લીંબુ શરબત, છાસ ઓ.આર.એસ. કે વરિયાળી પાણીનું સેવન કરવું હિતાવહ છે. ઉપરાંત બપોરનાં સમયે તરબુચ, ટેટી, દ્રાક્ષ, અનાનસ, કાકડી જેવા ફળો આરોગી શકાય. ઘરની બહાર નીકળવાનું થાય તો આખું શરીર ઢંકાય તેવા વજનમાં હલકા વસ્ત્રો પહેરવા જોઈએ. ઘરને ઠંડુ રાખવા બારી , બારણા અને પડદા બંધ રાખવા જોઈએ.

ડો. રાજવીબહેને વધુમાં કહ્યું કે, જંકશન પ્લોટ આરોગ્ય કેન્દ્રમાં દરરોજ ૨૦૦ થી વધુ દર્દીઓ નિદાન માટે આવે છે. આ તમામ દર્દીઓને લૂ થી બચવા શું કરવું જોઈએ તેની જાણકારી આપવામાં આવે છે. ઉપરાંત આરોગ્ય કેન્દ્રની ટીમ વિવિધ શાળાઓમાં જઈ બાળકોને પણ હેટવેવ અંગે માર્ગદર્શન આપી હીટવેવ બાબતે તકેદારી માટે શું કરવું જોઈએ તેની જાણકારી આપે છે, વિવિધ વિસ્તારો તથા શેરીઓમાં પોસ્ટર્સ દ્વારા પણ હીટવેવથી બચવા લોકોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે. આમ, રાજકોટ જિલ્લાના વિવિધ આરોગ્ય કેન્દ્રો ખાતે નાગરિકોને હીટવેવ સામે રક્ષણ મેળવવા માટેનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે.

# વાવડીમાં વિકાસના દ્વાર ખુલશેઃ ટીપી સ્કિમ નં.૨૬ અને ૨૭ ડ્રાફ્ટને સરકારની મંજૂરી

## ટીપી સ્કિમ નં.૨૬નું કુલ ક્ષેત્રફળ ૧૭૫૯૧૬૫ ચોરસ મીટર જ્યારે ટીપી સ્કિમ નં.૨૭નું ક્ષેત્રફળ ૧૬૯૯૨૮૩ ચો.મી. કોર્પોરેશનને ૧૬૫ પ્લોટ મળશે

**અબતક, રાજકોટ**

૧૦ વર્ષ પૂર્વે રાજકોટ મહાનગરપાલિકાની હદમાં ભળેલા વાવડી વિસ્તારમાં હવે વિકાસના દ્વાર ખુલશે. કોર્પોરેશન દ્વારા વાવડી વિસ્તારમાં બનાવવામાં આવેલી ટીપી સ્કિમ નં.૨૬ અને ૨૭ને તાજેતરમાં રાજ્ય સરકાર દ્વારા બહાલી આપવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. બંને ટીપી સ્કિમ થકી કોર્પોરેશનને કુલ ૧૬૫ પ્લોટ મળશે.

આ અંગે કોર્પોરેશનની ટાઉન પ્લાનિંગ શાખાના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ રાજ્ય સરકાર દ્વારા કોર્પોરેશનની બે ડ્રાફ્ટ ટીપી સ્કિમને મંજૂરી આપવામાં આવી છે. જેમાં વાવડી વિસ્તાર માટે બનાવવામાં આવેલી ટીપી સ્કિમ નં.૨૬ અને ૨૭ ડ્રાફ્ટને મંજૂરી મળી છે. ટીપી સ્કિમ નં.૨૬નું ક્ષેત્રફળ ૧૭૫૯૧૬૫ ચોરસ મીટર એટલે કે ૧૭૫.૯૧ હેકટર છે. જેમાં કોર્પોરેશનને એસઈડબલ્યૂએસએચ, વાણિજ્ય વેંચાણ, રહેણાંક વેંચાણ, ગાર્ડન, પાર્કિંગ અને સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેના કુલ ૮૯ પ્લોટ મળશે. જેનું કુલ ક્ષેત્રફળ ૨૨૭૧૭૮ ચોરસ મીટર જેવું થાય છે. આ ટીપી સ્કિમમાં રસ્તાની લંબાઈ ૯ મીટરથી લઈ ૬૦ મીટર સુધીની રાખવામાં આવી છે. ટીપી રોડનું ક્ષેત્રફળ ૩,૪૫,૮૬૪ ચોરસ મીટર જેવું થાય છે. જેમાં ઔધોગીક અને રહેણાંક વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ટીપી સ્કિમ વાવડી વિસ્તારમાં તુલીપ પાર્ટી પ્લોટના પાછળના ભાગના વિસ્તારથી શરૂ થશે અને કાંગશીયાળી રોડ સુધીનો વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે. જ્યારે ટીપી સ્કિમ નં.૨૭ વાવડી ડ્રાફ્ટનું કુલ ક્ષેત્રફળ ૧૬૯૯૨૮૩ ચોરસ મીટર એટલે કે ૧૬૯.૯૨ હેક્ટરનું છે. જેમાં એસઈડબલ્યૂએસએચ, વાણિજ્ય વેંચાણ હેતુ, રહેણાંક-વેંચાણ હેતુ, ગાર્ડન, પાર્કિંગ સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હેતુના કુલ ૭૬ પ્લોટ કોર્પોરેશનને પ્રાપ્ત થશે. જેનું ક્ષેત્રફળ ૩૪૬૭૩૪ ચોરસ મીટર જેવું થાય છે. આ ટીપી સ્કિમમાં ૯ મીટરથી લઈ ૪૫ મીટર સુધીના ટીપી રોડનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ટીપી રોડનું ક્ષેત્રફળ જ ૩૨૮૬૪૩ ચોરસ મીટર જેવું થવા પામે છે. આ સ્કિમમાં રહેણાંક ઝોનની સ્કિમ છે. જે આદર્શ હાઈરાઈઝ વાવડી ગામની પશ્ચિમ ભાગથી શરૂ કરી કાંગશીયાળી રોડ સુધી રહેશે. વાવડી વિસ્તારમાં આગામી દિવસોમાં વિકાસના નવા જ દ્વાર ખુલશે.

# ગઢડામાં એસએમસીનો દરોડો : રૂ.૭૮.૪૫ લાખનો દારૂ ઝડપાયો

## કટીંગ થાય પૂર્વે સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ ત્રાટકતા નાસભાગ : લિસ્ટેડ બુટલેગર સહિત સાતની શોધખોળ

**અબતક, રાજકોટ**

સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના રાયપરમાં દરોડો પાડી વિદેશી દારૂનું કટીંગ થાય તે પૂર્વે જ રૂ. ૭૮.૪૫ લાખની કિંમતની ૧૪,૫૬૫ શરાબની બોટલ કબજે કરી સાત શખ્સોની શોધખોળ શરૂ કરી છે. એસએમસીએ દારૂ, વાહન મળી કુલ રૂ. ૧.૦૨ કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

સમગ્ર દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત રાય અને ડીવાયએસપી કે ટી કામરીયાના માર્ગદર્શન હેઠળ દારૂ-જુગારની બદી ડામવા વિવિધ ટીમો પ્રયત્નશીલ હોય દરમ્યાન એસએમસી પીઆઈ એ વી પટેલની ટીમને બાતમી મળી હતી કે, બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના રાયપર ગામની સીમના ખેતરમાં દારૂનો





૧૪,૫૬૫ દારૂની બોટલ, ચાર વાહન મળી કુલ રૂ.૧.૦૨ કરોડનો મુદ્દામાલ કબ્જે

મોટો જથ્થો રાખી કટીંગ કરવામાં આવી રહ્યું છે. જે બાતમીના આધારે એસએમસીની ટીમ રાયપર ગામે દોડી ગઈ હતી. પોલીસની ટીમોને જોઈ બુટલેગર સહિતની ટોળકીમાં નાસભાગ મચી જવા પામી હતી. દરમ્યાન ખેતરમાંથી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ૧૪,૫૬૫ દારૂની બોટલ જેની કિંમત રૂ. ૭૮,૪૫,૩૫૭, ચાર પીકઅપ વાહનો મળી કુલ રૂ. ૧,૦૨,૪૫,૩૫૭ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

દારૂનો જથ્થો મંગાવનાર લિસ્ટેડ બુટલેગર વિજય રઘુભાઈ બોરીચા(રહે. રાયપર, ગઢડા,બોટાદ), દારૂનો જથ્થો મોકલનાર કુરસિંહ (રહે બાસવાડા, રાજસ્થાન), અલગ અલગ ચાર પીકઅપ વાહનના ડ્રાઈવર અને માલિક તેમજ દરોડા દરમિયાન નાસી જનાર મજૂરો વિરુદ્ધ ગુનો નોંધી એસ.એમ.સી. ટીમે શોધખોળ શરૂ કરી છે.

# માલીયાસણ નજીક એલસીબી ફિલ્મી ઢબ્બે કારનો પીછો કરી દારૂ બિયરનો જથ્થો પકડાયો

## ૯૬ બોટલ દારૂ ૯૨ બિયર ના ટીન મોબાઈલ અને કાર મળી રૂ.૫.૫૭ લાખનું મુદ્દામાલ કબજે, એકની ધરપકડ: એકની શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરના બેડી ચોકડી થી માલીયાસણ ગામ તરફ જતા બીજા રીંગરોડ પર એલસીબી ઝોન ટુ એ ફિલ્મી ઢબ્બે કારનો પીછો કરતા કાર ડિવાઈડર ફસાઈ જતા કારમાંથી રૂપિયા ૩૦,૦૦૦ ની કિંમતને દારૂ બિયરના જથ્થો સાથે બનાસકાંઠા જિલ્લાના જગદીશ ઠાકોર ની ધરપકડ કરી પોલીસે દારૂ અને કાર મળી રૂપિયા ૫.૫૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જ્યારે પોલીસને જોઈ નાશી છૂટેલા શખ્સને ઝડપી લેવા દોડધામ આદરી છે. વધુ વિગત મુજબ શહેરમાં દારૂ અને જુગારની બદી ડામી દેવા પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા એ આપેલી સૂચનાને પગલે એલસીબી ઝોન વન ના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે મોરબી તરફથી જીજે ૨૭ બી એસ ૩૧ ૪૬ નંબરની કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને આવી રહ્યા હોવાની કોન્સ્ટેબલ ભાવેશભાઈ મકવાણા ને મળેલી બાતમીના આધારે બેડી ચોકડી પાસે કોન્સ્ટેબલ રવિરાજભાઈ પટગીર ,સત્યજીતસિંહ જાડેજા અને દિવ્યરાજસિંહ જાડેજા સહિતના સ્ટાફે વોચ ગોઠવી હતી ત્યારે ઉપરોક્ત નંબરની કાર પુરપાટ ઝડપે નીકળતા તેને અટકાવવાનો પ્રયાસ કરતા ચાલક કાર લઈને બેડી ચોકડી થી માલ્યાસણ તરફ રીંગરોડ પર નાસી છૂટતા પોલીસે તેનો ફિલ્મી ઢબે પીછો કરતા કાર ચાલક તરફ ભાગવા જતા રોડ ડિવાઈડર સાથે ફસાઈ ગઈ હતી ત્યારે એક શખ્સ અંધારાનો કારનો દરવાજો ખોલી નાશી ગયો હતો જ્યારે કારના ચાલક બનાસકાંઠા જિલ્લાના ભાભર તાલુકાના અબાસણ ગામનો જગદીશ તલાજી ઠાકોર ને ઝડપી લીધો હતો અને કારની તલાસી લેતા જેમાં ૯૬ બોટલ દારૂ અને ૯૨ બિયરના ટીન મળી આવતા પોલીસે દારૂ મોબાઈલ અને કાર મળી રૂપિયા ૫.૫૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. ઝડપાયેલા જગદીશ ઠાકોરની પ્રાથમિક સાથે તેનો મિત્ર અશોક હેમંત ઠાકોર હોવાનું કહેતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે આ દારૂનો છઠ્ઠો ક્યાંથી લાવ્યા અને કોને પહોંચાડવાનો હતો તે મુદ્દે તપાસનો ધમધમાટ આદરવામાં આવ્યો છે

# ઉનામાં વિકલાંગ સાળાએ કારથી કચડી બનેવીની ક્રૂરતાપૂર્વક હત્યા નીપજાવી

## કનકાઈ પ્રવાસ દરમિયાન જંગલમાં કચરો ફેંકવાની ના પાડતા ગુસ્સે ભરાયેલ સાળાનું કૃત્ય

**અબતક, ઉના**

ઉના શહેરનાં જી.ઈ.બી. સોસાયટીમાં રહેતાં વિકલાંગ શખ્શ તેનાં કોડીનારનાં વેલણ ગામે રહેતાં બનેવી સાથે ગત ૨૦ એપ્રિલના પરીવારજનો સાથે ગીરનાં જંગલ વિસ્તારમાં આવેલ કનકાઈ માતાજીના મંદીરે દર્શન કરવા ગયો હતો. આ વખતે સાળાને વડીલોએ ના પાડવા છતાંય જંગલમાં કચરો ફેંકતા ઠપકો આપતાં ગુસ્સે ભરાયો હતો. જે બાદ સાળાને બનેવીએ ગાડીમાંથી ઉતારી મુક્યો હતો. જે બાદ સાળો બસ મારફતે ઉના આવી ગયેલ હતો અને મિત્રની ઈકો કાર મેળવી કાર પુરપાટ દોડાવી રોડ સાઈડ પર ચાલીને આવતાં બનેવીને જોરદાર ટક્કર મારી મોતને ઘાટ ઉતારી દીધા હતા. બાદમાં ઘટનાને અકસ્માતમાં ખપાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પણ મામલામાં પોલીસે ઝીણવટભરી તપાસ કરતા હત્યાના ભેદ પરથી પડદો ઊંચકાયો હતો જેથી પોલીસે હત્યારા સાળાની ધરપકડ કરી હતી. સમગ્ર મામલા પર નજર કરવામાં આવે તો ગત તા. ૨૧/૪ નાં રોજ રાત્રીના ૧૧/૨૦ કલાકે ભરતગીરી ઉર્ફે ભારતીગીરી પ્રભાતગીરી ગૌસ્વામી (ઉ.વ. ૫૬ રહે. વેલણ,કોડીનાર)ને કોઈ અજાણ્યા ઈકો ચાલકે અડફેટે લઈ મોત નિપજાવેલ હોવાની ફરીયાદ ઉના પોલીસ સ્ટેશનમાં મૃતકના પુત્ર મીતગીરી ભરતગીરી ઉર્ફે ભારતીગીરી ગૌસ્વામીએ નોંધાવી હતી. બનાવ ઉના જી.ઈ.બી. સોસાયટીનાં શેરીમાં બનેલ હોય પીઆઈ એમ.એન.રાણાએ સ્થળ વિઝિટ કરીને અકસ્માતની ઘટનાનું સત્ય મૃતકનાં પરીવારજનો છુપાવતા હોય તેવી શંકા જતાં પીઆઈ રાણાએ રાત્રિ દરમિયાન બનેલ ગુન્હાની સત્ય હકીકત શોધી કાઢવા ઉના સર્વલન્સ ટીમને કામે લગાડી હતી. દરમ્યાન સર્વલન્સસ્કોર્ડના શાંતિલાલ સોલંકી, કોન્સ્ટેબલ અનીલભાઈ જાદવને બાતમી મળેલ કે, મૃતક ભરતગીરીને તેના સાળા રોહીત ગીરી ઉર્ફે રીકી બાબુગીરી ગોસ્વામી (રહે.જી.ઇ.બી. સોસાયટી, આનંદવાડી પાસે, વેરાવળ રોડ, ઉના)એ સંયુક્ત પરિવાર સાથે તા.૨૦ એપ્રિલના સાસણ અને ગીરના નેશ વિસ્તારમાં આવેલા કનકાઈ મંદિર સહિતના પ્રવાસે ગયા હતા. તે વખતે જંગલમાં કચરો ફેંકતા વિકલાંગ સાળાને તેનાં બનેવી, બહેનો અને વડીલોએ ના કહેવા છતા તેણે કચરો જંગલમાં ફેકી ગુસ્સે થઇ રીસાઇ ગયેલ અને કાર નીચે ઉતરી ગયેલ હતો.

**(પહેલા પાનાનું ચાલું)**

**ના-પાક...**

છે. આના જવાબમાં, ઈસ્લામાબાદમાં તૈનાત ભારતીય લશ્કરી સલાહકારો પણ પરત ફરશે. બંને દેશોમાં હાઈ કમિશનમાં રાજદ્વારી સ્ટાફની સંખ્યા હાલના ૫૫ થી ઘટાડીને ૩૦ કરવામાં આવશે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ભારતના સુરક્ષા દળોને સતર્ક રહેવાની સૂચના આપવામાં આવી છે. ભારત સરકારના આ નિર્ણયો પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની ગંભીરતા અને તેના પરિણામોને દર્શાવે છે.

**૬૦ આતંકવાદીઓ સક્રિય...**

સક્રિય આતંકવાદીઓને ઓળખી કાઢવા અને તેમને શોધવા માટે સઘન કાર્યવાહી કરી રહી છે, અને તેમની દેખરેખ પણ વધારી દેવામાં આવી છે.

છેલ્લા પાંચ વર્ષોમાં પૂંછ અને રાજૌરી જેવા સરહદી જિલ્લાઓમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં વધારો જોવા મળ્યો છે, જેની શરૂઆત ૨૦૨૧માં સ્ટીકી બોમ્બની શોધ અને જમ્મુ એરબેઝ પર ડ્રોન હુમલાથી થઈ હતી. સુરક્ષા દળો જમ્મુ પ્રદેશ પર પોતાની પકડ મજબૂત કરી રહ્યા હતા ત્યારે, આતંકવાદી જૂથોએ પહેલગામ નજીક પ્રવાસીઓને નિશાન બનાવી હુમલો કર્યો હતો, જેની જવાબદારી રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ)એ લીધી છે, જે લશ્કર-એ-તૈયબા અને જૈશ-એ-મોહમ્મદ સાથે સંકળાયેલું છે અને સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર કરે છે.

મલ્ટી એજન્સી સેન્ટરના સુરક્ષા ઓડિટ મુજબ, આ ૬૦ વિદેશી આતંકવાદીઓમાંથી ૩૫ લશ્કર-એ-તોયબા, ૨૧ જૈશ-એ-મોહમ્મદ અને ૪ હિઝબુલ મુજાહિદ્દીનના સભ્યો છે, અને આ ત્રણેય સંગઠનો પર યુએપીએ હેઠળ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

તાજેતરમાં, સીઆરપીએફએ કુપવાડામાં એક પાકિસ્તાની આતંકવાદીને ઠાર માર્યો હતો અને તેની પાસેથી પાકિસ્તાનમાં બનેલી સામગ્રી જપ્ત કરી હતી. તે જ રીતે, બાંદીપોરામાં બે સ્થાનિક આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી હતી, અને તપાસમાં જાણવા મળ્યું હતું કે વિદેશી આતંકવાદીઓ પાસેથી મળેલા હથિયારો પાકિસ્તાનથી આવ્યા હતા. પહેલગામ હુમલા બાદ આ માહિતી વધુ ગંભીર બની છે.

**સ્થાનિક મુસ્લિમ શહીદ...**

જેમણે આતંકવાદીની રાઈફલ છીનવીને ઘણા લોકોના જીવ બચાવવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે આદિલના પરિવારને સરકારના સંપૂર્ણ સમર્થનની ખાતરી આપી હતી.

સુરક્ષા સૂત્રોએ આદિલના મૃત્યુની ચોક્કસ પરિસ્થિતિઓ અંગે તપાસ ચાલુ હોવાનું જણાવ્યું છે, પરંતુ બચી ગયેલા લોકોના જણાવ્યા અનુસાર, આદિલે હુમલાને રોકવાનો પ્રયાસ કર્યો હતો. આદિલ પહેલગામના બૈસરન ઘાસના મેદાનમાં પ્રવાસીઓને ઘોડેસવારી કરાવતો હતો અને તેની બહેનોના લગ્ન માટે બચત કરી રહ્યો હતો. તેના પરિવાર અને સમુદાયે માત્ર આદિલના જ નહીં, પરંતુ હુમલામાં માર્યા ગયેલા તમામ પ્રવાસીઓના મૃત્યુ પર પણ ઊંડો શોક વ્યક્ત કર્યો હતો. આદિલના પિતરાઈ ભાઈએ આ ઘટનાને કાશ્મીરીયત પરનો એક કલંક ગણાવ્યો હતો.

**નદીઓના વહેણ...**

પર વધુ નિયંત્રણ મેળવી શકશે. નેધરલેન્ડ્સના હેગ સ્થિત કાયમી આર્બિટ્રેશન કોર્ટ પહેલાથી જ વિશ્વ બેંક દ્વારા નિયુક્ત તટસ્થ નિષ્ણાત દ્વારા પ્રોજેક્ટ્સની ડિઝાઈન અને પાણીના ઉપયોગ અંગેના વિવાદનો ઉકેલ લાવવાના ભારત સરકારના વલણને સમર્થન આપી ચૂકી છે.

સિંધુ બેસિનના પાણીની વહેંચણી માટે ભારત અને પાકિસ્તાન વચ્ચે આઈડબ્લ્યુટી પર હસ્તાક્ષર થયા હતા. આ સંધિ હેઠળ, પૂર્વીય નદીઓ - સતલજ, બિયાસ અને રાવી - ના સમગ્ર પાણી ભારતને અનિયંત્રિત ઉપયોગ માટે ફાળવવામાં આવ્યા હતા, જ્યારે પશ્ચિમી નદીઓ - સિંધુ, ઝેલમ અને ચિનાબ - ના પાણી મોટાભાગે પાકિસ્તાનને ફાળવવામાં આવ્યા હતા.

જોકે, ભારતને પશ્ચિમી નદીઓના પાણીનો ઉપયોગ ઘરેલું ઉપયોગ, સિંચાઈ અને જળવિદ્યુત ઉત્પાદન માટે કરવાની છૂટ છે. પરંતુ સંગ્રહ ક્ષમતાના અભાવે ભારત તેના કાયદેસર હિસ્સાનો સંપૂર્ણ ઉપયોગ કરી રહ્યું નથી.

આઈડબ્લ્યુટી મુજબ પશ્ચિમી નદીઓ પર ૩.૬ મિલિયન એકર ફૂટ સુધી પાણી સંગ્રહ ક્ષમતા બનાવવાનો ભારતને અધિકાર હોવા છતાં, પૂરતી સંગ્રહ ક્ષમતા બનાવવામાં આવી નથી. વધુમાં, પશ્ચિમી નદીઓ પરના વીજ પ્રોજેક્ટ્સમાંથી ઉત્પન્ન થનારી ૨૦,૦૦૦ મેગાવોટની અંદાજિત વીજ ક્ષમતામાંથી, ફક્ત ૩,૪૮૨ મેગાવોટનું નિર્માણ થયું છે.

**અટારી બોર્ડર સિલ...**

સંચાલન કરે છે. આ માર્ગ દ્વારા થતી મુખ્ય ભારતીય નિકાસમાં સોયાબીન, ચિકન ફીડ, શાકભાજી, લાલ મરચાં, પ્લાસ્ટિકના દાણા અને પ્લાસ્ટિક યાર્નનો સમાવેશ થાય છે. બીજી તરફ, પાકિસ્તાન અને તેની બહારથી થતી આયાતમાં મુખ્યત્વે સૂકા ફળો, સૂકા ખજૂર, જીપ્સમ, સિમેન્ટ, કાચ, સિંધવ મીઠું અને વિવિધ ઔષધિઓનો સમાવેશ થાય છે. બંદર બંધ થવાથી આ માલસામાનની હેરફેર પર નોંધપાત્ર અસર થવાની ધારણા છે, ખાસ કરીને નાના વેપારીઓ અને ઉત્પાદકો જેઓ આ ક્રોસ-બોર્ડર એક્સચેન્જ પર આધાર રાખે છે.

જોકે, ૨૦૧૮-૧૯ થી સામાન્ય રીતે વોલ્યુમમાં ઘટાડો થયો છે, જે ચાલુ તણાવ અને વિક્ષેપોને પ્રતિબિંબિત કરે છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતો તણાવ પહેલાથી જ નબળા અને ક્ષીણ થઈ રહેલા વ્યાપારિક સંબંધોને વધુ એક ફટકો આપવા જઈ રહ્યો છે. આ નિર્ણયથી નાના વ્યવસાયો અને ઉદ્યોગો પર અસર થવાની ધારણા છે જે તેમના રોજિંદા જીવન માટે આ વસ્તુઓ પર આધાર રાખે છે.

વધુમાં, અફઘાનિસ્તાનથી ભારતમાં થતી આયાત અને તેનાથી વિપરીત, જેમાંથી ઘણી આ માર્ગે પાકિસ્તાન થઈને જાય છે, તેને પણ લોજિસ્ટિકલ પડકારોનો સામનો કરવો પડી શકે છે.

**(ત્રીજા પાનાનું ચાલું)**

**રેન્જ આઈજી...**

આવ્યો છે. ખાસ કરીને દરિયાઈ સુરક્ષા ઉપર પણ અસરકારક રીતે વધુ સુરક્ષા તેજ કરવામાં આવી છે. રાજકોટ રેન્જ અંતર્ગત આવતા મોરબી, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા દરિયાઈ તટ સાથે જોડાયેલા છે.

તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ ઓખાથી દુશ્મન દેશની સરહદ ખૂબ જ નજીક છે. ત્યારે ખાસ કરીને રાજકોટ રેન્જ અંતર્ગત આવતા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રતિબંધિત ટાપુઓ ઉપર ડ્રોન મારફતે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

જગતમંદિરની સુરક્ષાની સમીક્ષા કરવામાં આવી છે. પોલીસ દ્વારા તમામ જગ્યાએ નાકાબંધી કરી વાહન ચેકીંગ કરવામાં આવી રહ્યા છે. તેમજ તમામ જિલ્લાની એસઓજી અને એલસીબી સહીતની પોલીસ એલર્ટ કરી દેવામાં આવી છે. આ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જગત મંદિર દ્વારકાની સુરક્ષાનો પણ રિવ્યુ કરવામાં આવ્યું છે. ગઈકાલે જગત મંદિર દ્વારકા ખાતે ફરજ બજાવતા અધિકારીઓ તેમજ કર્મચારીઓને ચોક્કસ બ્રિફિંગ પણ આપવામાં આવ્યું હતું અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લેન્ડિંગ પોઈન્ટ આવેલા હોવાથી ત્યાં પણ સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

**રાજ્યપાલ...**

કરી શકીએ. આ ઉપરાંત ઓફિસમાં હોઈએ ત્યારે જ ઉપકરણોનો ઉપયોગ કરીએ. પ્રાકૃતિક ખેતી માટેના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અથાક પ્રયાસોને રાજ્ય સરકાર ગતિ આપી રહી છે. ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી તરફ જવાના લક્ષ્ય પર રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને જે નવ સંકલ્પ આપ્યા છે તેમાં પ્રાકૃતિક ખેતી અને ખેત ઉત્પાદનના વ્યાપ વધારવાનો પણ સમાવેશ થયેલો છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના જિલ્લા કલેકટરો- જિલ્લા વિકાસ અધિકારીઓને આહવાન કર્યું કે, પ્રાકૃતિક ખેતીથી સ્વાસ્થ્ય - તંદુરસ્તી અને રોગમુક્ત જીવનશૈલી વધુને વધુ પ્રચલિત અને છેવાડાના લોકો સુધી પહોંચે તે માટે જિલ્લાના વડા તરીકે તેમણે લીડ લેવાની છે.કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહ મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો ફેલાવો વધારવા માટે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સતત પ્રયાસરત છે. આ ભગીરથ કાર્યમાં રાજ્યનો કૃષિ વિભાગ ખૂબ જ નિષ્ઠાપૂર્વક કામ કરી રહ્યો છે. રાજ્યના તમામ મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી તેમના જિલ્લામાં વધુમાં વધુ ખેડૂતોની મોડેલ ફાર્મની મુલાકાતનું આયોજન કરે, વધુમાં વધુ ખેડૂતોને તાલીમ આપવા માટેની વ્યવસ્થા કરે તેમજ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચવામાં કોઈ તકલીફ ના પડે તે માટે જગ્યા ઉપલબ્ધ કરાવે તે અનિવાર્ય છે. બેઠકની શરૂઆતમાં મુખ્ય સચિવ પંકજ જોશીએ રાજ્યમાં પ્રાકૃતિક કૃષિની પ્રગતિ વિશે જણાવ્યું હતું. કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ અંજુ શર્માએ રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા કરવામાં આવતી કામગીરીનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.આ બેઠકમાં મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ એમ. કે. દાસ, રાજ્યપાલના અગ્ર સચિવ અશોક શર્મા, કૃષિ, આત્મા અને પશુપાલન વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ રાજ્યના તમામ મ્યુનિસિપલ કમિશ્નરઓ, જિલ્લા કલેકટરઓ તથા જિલ્લા વિકાસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**(બારમા પાનાનું ચાલુ)**

**શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી...**

લગભગ અડધો સમય વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થ, ભારતમાં પરિક્રમાઓ અને પ્રચારમાં પ્રસાર થયો છે. છતાં આપે સ્વમાર્ગના સિદ્ધાંતો સમજાવવા નાના મોટા અનેક ગ્રંથો રચ્યા છે. ચોકકસ સંખ્યા કહેવી અઘરી છે. પરંતુ ચૌરાશી ગ્રંથો લખ્યાનું કહેવાય છે. મહર્ષિ વ્યાસ મુનીના બ્રહ્મસૂત્ર પર 'આણુભાષ્ય' નામક ટીકા લખી છે. શ્રીભદ્ ભાગવત પર ''સુબોધિનીજી'' નામક ટીકા લખી તેમજ પુષ્ટિમાર્ગના નાના મોટા સિધ્ધાંતો આપના સેવકોને સમજાવવાના ઉદ્દેશથી જુદા જુદા પ્રસંગોએ સોળ ગ્રંથો રચ્યા હતા.

જેને આપણે 'ષોડશગ્રંથ'' કહીએ છીએ. તેને વલ્લભ ગીતા પણ કહે છે. જેમ શ્રી ભાગવતજી શ્રીનાથજીબાવાનું નામાત્મક સ્વરૂપ છે તેમ ષોડશગ્રંથ શ્રી મહાપ્રભુજીનું નામાત્મક સ્વરૂપ છે.આજના આ પ્રાગટય મહોત્સવે સર્વેમાં વૈષ્ણવતાનો ભાવ જાગે તેમજ જીવ માત્રની સેવામાં શરીર, મન, ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણ તેમજ ધન વૈભવ સમર્પણ પૂર્વક વિનિયોગ કરવો એ છે શ્રી મહાપ્રભુજીનો મુખ્ય સિધ્ધાંત અને દિવ્યસંદેશ.

**વિજયભાઈ રૂપાણી...**

શાંતિની સ્થાપના માટેના સંદેશાઓ આપવામાં આવી રહ્યા છે ત્યારે ચંદીગઢના રસ્તાઓ પર ભાજપના પંજાબ નેતાઓએ વિરોધ પ્રદર્શન કર્યું. પાકિસ્તાને હંમેશા આતંકવાદને આશ્રય આપ્યો છે, પરંતુ હવે ભારત આ હુમલાઓને સહન કરશે નહીં. આ વિરોધ પ્રદર્શનમાં ભાજપના પંજાબ પ્રભારી વિજય રૂપાણી, સહ-પ્રભારી ડો.નરેન્દ્ર રૈના, ડો. સુભાષ શર્માજી (સુબ્બા ઉપપ્રમુખ) અનિલજી (સુબ્બા મહામંત્રી), વિનીત જોશી (પ્રભારી, મીડિયા સેલ ભાજપ), એસ. જગમોહન સિંહ રાજુ (પ્રદેશ મહામંત્રી), એસ. દયાલસિંહ સોઢી (સુબ્બા મહામંત્રી) ઉપરાંત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

**કોંગ્રેસ રથ...**

જીલરીયા, વોર્ડ નંબર ૫માં રઘુવીરભાઈ, જમનભાઈ અદાણી, રાજુભાઈ રૈયાણી તુષારભાઈ નંદાણી, જયદીપભાઈ બોરીચા વોર્ડ નંબર ૬માં ડી.પી મકવાણા, શૈલેષ સાકરીયા, વિક્રમભાઈ સોલંકી, જસાભાઈ કુંગસિયા, દક્ષાબેન રાજગોર, ઉકાભાઈ બાંભલા, વિક્રમભાઈ મોરી, કેશુભાઈ રિક્ષાવાળા, આરીફભાઈ ઘોણિયા વોર્ડ નંબર ૭માં મહેશભાઈ રાજપુત, દિનેશભાઈ જુણેજા, જીજ્ઞેશભાઈ ડોડીયા, વોર્ડ નંબર ૮ માં સંજયભાઈ અજુડીયા, ડો. અનિરુદ્ધ પટેલ, સંજયભાઈ સગપરીયા, તેમજ પ્રમુખ અતુલ રાજાણી વોર્ડ નંબર ૯માં યજ્ઞેશભાઈ દવે, ગીરીશભાઈ પટેલ, રાહુલભાઈ સોલંકી, વિનીતસિંહ રાણા, શુભમભાઈ પરમાર, ધર્મેશ સોલંકી, રાજેશભાઈ ભૂત, ગોપાલભાઈ મારવી, કિશોરભાઈ જોશી, રવિભાઈ કુલતરીયા, અરભણભાઈ મોઢવાડિયા, હિમાંશુભાઈ ગોટી, કિંજલબેન જોશી સહિતના આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**હાઈકોર્ટ દ્વારા ન્યાયધીશો...**

માર્ગે અને ત્યાંથી પાઈલોટિંગ સાથે ભાવનગર સુધી લઈ જવાયા હતા. . મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ભાવનગર પહોંચીને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

એરપોર્ટ પર પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, અમદાવાદ પૂર્વ સાંસદ હસમુખભાઈ પટેલ, પશ્ચિમ સાંસદ દિનેશભાઈ મકવાણા તેમજ અમદાવાદ પોલીસ કમિશનર જી. એસ. મલિકે પણ ઉપસ્થિત રહીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

પહેલગામમાં પ્રવાસીઓને તેઓનો ધર્મ પૂછી પૂછીને ગોળીઓથી વિંધી નાખવામાં આવ્યા હતા. આ આતંકી હુમલાની ઘટના બાદ દેશભરમાં ભારે જનાક્રોશ ફાટી નીકળ્યો છે. ગુજરાતના ત્રણ પ્રવાસીઓના મોત નિપજયા છે. તેઓના પાર્થીવ દેહને ગઈકાલે ગુજરાતમાં લાવવામાં આવ્યા હતા. આજે સવારે ત્રણેય હતભાગીઓની અંતિમ વિધી કરવામાં આવી હતી. સુરત ખાતે શૈલેષભાઈ કળથિયાની અંતિમ વિધીમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને રાજય સરકારના ગૃહ રાજય મંત્રી હર્ષદભાઈ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા જયારે ભાવનગર ખાતે પિતા-પુત્રની સ્મશાન યાત્રામાં ખુદ રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સામેલ થયા હતા. તેઓએ હતભાગીઓના પરિજનોને સાંત્વના આપી હતી.

પહેલગામમાં આતંકી હુમલા બાદ ગુજરાતમાં ભારે જનાકોશ ફાટી નીકળ્યો છે. કેન્ડલ માર્ચ, પુતળા દહન, મૌન રેલી સહિતના કાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે. રાજય સરકાર પણ આતંકી હુમલામાં મોતને ભેટેલા હતભાગીઓ અને ઘાયલોની વહારે આવી છે. મૃતકોના પરિવારજનોને પાંચ લાખની સહાય અને ઘાયલોને ૫૦ હજારની સહાય ચૂકવવાની જાહેરાત કરી છે.

**રાજકોટના તમામ ૧૩ પ્રવાસીઓ...**

હુમલામાં અસરગ્રસ્ત થયેલા પ્રવાસીઓની મદદ માટે જમ્મુ અને કાશ્મીર ટુરિઝમ દ્વારા ગુલમર્ગ ખાતે કંટ્રોલ રૂમ શરુ કરવામાં આવ્યો છે.

ટુરિઝમ અધિકારીના જણાવ્યા મુજબ જમ્મુ કાશ્મીરના પ્રવાસે આવેલા પ્રવાસીઓને કોઈ પણ પ્રકારની મદદ માટે કચેરી ખાતે રૂબરૂ તેમજ હેલ્પ લાઈન નંબરનો સંપર્ક કરી શકાશે.

કંટ્રોલ રૂમ નં. - ૦૧૯૫૪ - ૨૯૪૪૩૯ તેમજ આ મોબાઈલ નંબર પર ફોન તેમજ વોટ્સએપ નંબર ૯૪૧૯૦૨૯૯૯૭, ૯૭૯૭૭૭૩૭૨૨, ૬૦૦૬૨૨૫૦૫૫, ૭૦૦૬૪૮૧૧૦૮, ૯૭૯૭૫૫૯૭૬૬ પર સંપર્ક કરી શકાશે.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**



**મોરબીઃ** મૂળ મોરબીના નિવાસી અને નિવૃત ગુજરાત મેરિટાઈમ બોર્ડ ના કર્મચારી દિપકભાઈ કાંતિલાલ મહેતા (મણિયારી મહેતા)તથા ઈલાબેન દિપકભાઈ મહેતાના પુત્ર, અંકિતાબેન ના પતિ, ક્રીશાંત ધર્મેશભાઈ મહેતા ના પિતા, પ્રીતિબહેન ચિરાગકુમાર દવે તથા રિદ્ધિબહેન અતુલકુમાર જોશી ના ભાઈ ધર્મેશભાઈ મહેતાનું આજરોજ તા. ૨૪-૪ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટઃ** મુળગામ બેરાજા (પસાયા)હાલ રાજકોટ રામાનંદીય સાધુ સમાજના સવિતાબેન સુખરામદાસ ટીલાવત તે ગુણેશ્વર મહાદેવ મંદિર શ્રીનગર ૫/૬ નો કોર્નરના મહંત અવધેશબાપુ, નરોત્તમભાઈ, જયસુખભાઈના માતા, હિતેશ, હર્ષદ, પ્રતિક, રચનાના દાદીમાનું તા. ૨૩ ને બુધવારના રોજ અવસાન પામેલ છે. તેમનું બેસણું તા. ૨૫ ને શુક્રવારના રોજ સાંજના ૫ થી ૭ કલાકે ગુણેશ્વર મહાદેવ મંદિર, શ્રીનગર ૫/૬ ના કોર્નર સહકાર મેઈન રોડ, ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** વડપાચસરા નિવાસી,હાલ રાજકોટ હર્ષદરાય અમૃતલાલ મહેતા (હાલ રાજકોટ)ના પત્ની ઈન્દિરાબેન (ઉ.વ-૭૬) તે ડો.ધર્મા બેન તથા જતીનભાઈ (પી.જી.વી.સી.એલ)ના માતૃશ્રીનું તા. ૨૩ના બુધવારે અવસાન થયું છે. તે હેમતલાલ હીરાચંદ પાટલિયાના પુત્રી થાય. સદ્ગતનું ઉઠમણું તા. ૨૫ને શુક્રવારે સવારે ૧૦:૩૦ કલાકે શ્રી ઋષભદેવ સ્થાનકવાસી જૈન ઉપાશ્રય , ૧ તિરુપતિ નગર, કેન્સર હોસ્પિટલ પાસે, રાજકોટ , ખાતે રાખેલ છે. મો.નં.૯૦૩૩૨૭૯૬૯૯ છે.

**જસદણઃ** અમરેલી નિવાસી લુહાર વિજયભાઈ બાબુભાઈ રાઠોડ (ઉ.વ.૪૪) તે કલ્પેશભાઈના ભાઈ, કોમલબેનના પતિ, પાર્થિવ, વૈભવના પિતા, પ્રવીણભાઈ પરમાર (જસદણ) ના જમાઈ, હિરેનભાઈના બનેવીનું તા.૨૨ના રોજ નિધન થયું છે. સદ્ગતનું બેસણું તા.૨૪ના રોજ શિવ શક્તિ ફર્નિચરમાં (આખો દિવસ)લાઠી રોડ અમરેલી ખાતે જસદણમાં શુક્રવારે સાંજે ૪ થી ૬ વીંછિયા રોડ પરમાર પરિવારના ચામુંડા માતાજીના મઢના હોલમાં રાખવામાં આવેલ છે.

**રાજકોટઃ** ખાખડાબેલા નંબર-૫ નિવાસી જયવંતસિંહ ચંદુભા જાડેજા (ઉ.વ.૮૪) તે પૃથ્વીરાજસિંહ, અનોપસિંહ, દિલીપસિંહ, સહદેવસિંહના મોટાભાઈ, ભગીરથસિંહ (ક્રિએટીવ એકઝીબીશન) ના પિતાનું તા. ૨૩ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા કર્મક્રિયા ખાખડાબેલા નંબર ૫, મુકામે રાખેલ છે.

**રાજકોટઃ** રુવાબબાઈ અબ્બાસઅલીભાઈ વાઘેલા બગસરાવાળા (ઉ.વ.૯૮) તે અકબરભાઈ વાઘેલા, નફીસાબેન કુતુબભાઈ મોરબીવાળા (જુનાગઢ) ના માતા, યુસુફ, હુસેનના દાદીમાનું તા. ૨૩ ને બુધવારે રાજકોટ મુકામે અવસાન થયેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# કોર્પોરેશન દ્વારા વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમો યોજી કરાશે વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી

## ઝોન વાઈઝ જાહેર પ્રદર્શન, રેલી, શાળાઓમાં વર્કશોપ, પત્રીકા વિતરણનું આયોજન

**અબતક, રાજકોટ**

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૮થી સમગ્ર વિશ્વમાં ૨૫ એપ્રિલને ''વિશ્વ મેલેરિયા દિવસ''તરીકે ઉજવવામાં આવે છે. આ ઉજવણીના હેતુ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા મેલેરિયા વિશે લોકોને સમજણ અને શિક્ષણ આપવા તેમજ વૈશ્વિક સ્તરે મેલેરિયા નિવારણ નાબૂદી તથા લોકોમાં જનજાગૃતિ કેળવવા અંગેનો છે. વિશ્વ મેલેરિયા દિવસની આ વર્ષની થીમ મેલેરિયાનો અંત આપણાથી : પુનઃ રોકાણ કરો, પુનઃકલ્પના કરો, પુન જાગૃત કરો' અંતર્ગત મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવનાર છે.




આરોગ્ય અધિકારી ડો.જયેશ વકાણીના માર્ગદર્શન હેઠળ અને બાયોલોજીસ્ટના આયોજન હેઠળ શહેરના ૩ મેલેરિયા ઝોનલ ઓફીસ, ૨૩ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૪૬ આયુષ્માન મંદિર દ્વારા ક્ષેત્રિય વિસ્તારમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ૨૫ એપ્રિલ ૨૦૨૫, ''વિશ્વ મેલેરિયા દિવસ''ની ઉજવણી કરવામાં આવનાર છે. જેનો હેતુ ચોમાસા પહેલા અને દરમિયાન મચ્છર ઉત્પતિ સ્થાનોને શોધી તેને નાબૂદ કરવા, બિન ઉપયોગી ધાબા પરનો ભંગાર - કાટમાળ અને પ્લાસ્ટિક વેસ્ટનો નિકાલ તેમજ વિવિધ પ્રવૃતિઓ હાથ ધરી સઘન સર્વેલન્સ દ્વારા મેલેરિયા પોઝિટીવ દર્દીઓને શોધી તેને સંપૂર્ણ સારવાર આપવામાં આવે તો ચોમાસામાં ફેલાતા મેલેરિયા રોગને નિયંત્રિત કરી શકાય.

આરોગ્ય શાખા દ્વારા ૨૫ એપ્રિલ, ''વિશ્વ મેલેરીયા દિવસ'' નિમિતે જનજાગૃતિ અંતર્ગત રેલી, જાહેર પ્રદર્શન, શાળા કોલેજોમાં વર્કશોપ, મચ્છરના જીવન ચક્રનો લાઈન નિદર્શન, વ્યકિતગત આરોગ્ય શિક્ષણ, જૂથ ચર્ચા, બેનર, પત્રીકા વિતરણ જેવા વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

રાજકોટ મહાનગરપાલિકાના ૨૩ આરોગ્ય કેન્દ્ર પર, પત્રીકા વિતરણના માધ્યમથી ઓપીડીમાં આવતા દર્દી તથા તેના સગા સબંધિઓને આરોગ્ય શિક્ષણ આપવામાં આવશે તથા આરોગ્ય કેન્દ્ર ખાતેથી આશાબહેનો દ્વારા રેલી કાઢી આરોગ્ય શિક્ષણ આપવામાં આવશે.

# સદર બજાર નજીક ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો પંટર ઝડપાયો

## આઈડી આપનાર વન્ડર મોબાઈલમાં સંચાલક સુનિલ સવાણીની ધરપકડઃ ચિન્ટુની શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરના ફૂલછાબ ચોકમાંથી હાલમાં ચાલતા આઈપીએલ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો પંટર ઝડપાયો. જ્યારે આઈડી આપનાર વન્ડર મોબાઈલના સંચાલક સુનિલ સવાણીની પીસીબીએ ધરપકડ કરી છે. તેમજ પોલીસ પૂછપરછ બાદ ચિન્ટુ સવાણીનું નામ ખુલતા તેની શોધખોળ હાથ ધરી છે.

હાલમાં આઈપીએલ ક્રિકેટ મેચની સીઝન ખુલી છે ત્યારે , પંટરો અને આઈડી આપનારા શખ્સો મેદાનમાં ઉતરી ગયા છે. ત્યારે પોલીસતંત્ર સક્રિય બની સટ્ટો રમતા અને રમાડતા શખ્સો પર ધોંસ બોલાવી છે. ત્યારે પીસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, ફૂલછાબ ચોક સ્ટાર ચેમ્બર પાસે એક શખ્સ મોબાઈલમાં ઓન લાઈન ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહ્યો છે. જેથી પીસીબીની ટીમ ફૂલછાબ ચોકમાં પહોચી બાતમી મળેલા શખ્સનો મોબાઈલ ઝડપી તપાસ કરતા તે મોબાઈલમાં હાલમાં ચાલતી સનરાઈઝ હૈદરાબાદ અને મુંબઈ ઈન્ડીયન્સ વચ્ચે ચાલતી ક્રિકેટ મેચ પર રનફેરનો સટ્ટો રમતો હોવાનું માલુમ પડ્યું હતું..

પોલીસે મવડી વિસ્તારમાં આવેલા નવલ નગર શેરી નંબર જમાં રહેતો અને અભ્યાસ કરતો મીત સંજયભાઈ ભીમજીયાણી નામના શખ્સની મોબાઈલ સાથે ધરપકડ કરી છે. પોલીસે ઝડપાયેલા શખ્સની પૂછપરછ કરતા તે આઈડી દ્વારા સટ્ટો રમતો હતો. પોલીસે વિશેષ પૂછપરછ કરતા તેને રામકૃષ્ણ ડેરી પાસે આવેલા વન્ડર મોબાઈલના સંચાલક સુનિલ સવાણી ને રૂ.૨૦ હજાર ડિપોઝિટ આપી આઈડી લીધી હતી. જેથી પોલીસે સુનિલને ઝડપી પૂછપરછ કરતા આઈડી તેના ભાઈ ચિન્ટુ પાસેથી લીધી હોવાની કબુલાત આપતા પોલીસે ચિન્ટુ ની શોધ ખોળા હાથ ધરી છે. આ દરોડાની કામગીરી પીસીબી ઈન્ચાર્જ પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ, પીએસઆઈ એમ જે હુણ, એ એસ આઈ મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, કોન્સ્ટેબલ નગીનભાઈ ડાંગર અને હિરેનભાઈ સોલંકી સહિતના સ્ટાફે બજાવી હતી.

# ઈસ્તંબુલમાં ૬.૨ની તિવ્રતાનો ભૂકંપ

## ભૂકંપ કેન્દ્રબિંદુ ઈસ્તંબુલથી લગભગ ૪૦ કિલોમીટર (૨૫ માઈલ) દક્ષિણપશ્ચિમમાં મારમારાના સમુદ્રમાં નોંધાયું

**અબતક, નવી દિલ્હી**

બુધવારે ઈસ્તંબુલ અને આસપાસના વિસ્તારોમાં ૬.૨ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો, જેનાથી ઈમારતો હચમચી ગઈ અને તુર્કીના સૌથી વધુ વસ્તી ધરાવતા શહેરમાં ભયનો માહોલ છવાઈ ગયો.

યુનાઈટેડ સ્ટેટ્સ ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણે અહેવાલ આપ્યો છે કે ભૂકંપની તીવ્રતા ૬.૨ હતી અને તે ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતો, જેનું કેન્દ્રબિંદુ ઈસ્તંબુલથી લગભગ ૪૦ કિલોમીટર (૨૫ માઈલ) દક્ષિણપશ્ચિમમાં મારમારાના સમુદ્રમાં હતું.તુર્કી બે મુખ્ય ફોલ્ટ લાઈન પર આવેલું છે, જેના કારણે ભૂકંપ વારંવાર આવે છે.શરૂઆતના અહેવાલો મુજબ, કોઈ જાનહાનિ કે સંપત્તિને નુકસાન થયું નથી. જોકે, સોશિયલ મીડિયા પર લોકો દ્વારા શેર કરાયેલા દ્રશ્યોમાં રહેવાસીઓ ગભરાટમાં ઈમારતોમાંથી બહાર દોડી રહ્યા હતા.૬ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ, દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ તુર્કીના ૧૧ પ્રાંતોમાં ૭.૮ ની તીવ્રતાનો વિનાશક ભૂકંપ આવ્યો, જેના કલાકો પછી બીજો એક શક્તિશાળી ભૂકંપ આવ્યો.આ બે આફતોમાં લાખો ઈમારતોનો નાશ થયો હતો અથવા તેમને નુકસાન થયું હતું અને ૫૩,૦૦૦ થી વધુ લોકોના મોત થયા હતા. પડોશી દેશ સીરિયામાં, મૃત્યુઆંક ૬,૦૦૦ થી વધુ થયો હતો.

# ગોંડલ નાગરિક બેંકના એમ.ડી પ્રફુલભાઈ ટોળીયાના પુત્ર લેરીશને લગ્ન પ્રસંગે મળી વાછરડીની અનોખી ભેટ

## ગીર ગૌ સંવર્ધન કરતા રમેશભાઈ રૂપારેલીયા દ્વારા ભેટ સોગાત તરીકે એક ગીર ઓલાદની છ માસની વાછરડી આપવામાં આવી

**અબતક રાજકોટ**

ગોંડલ તાલુકાના જામવાડી ગામ ખાતે એક અનોખો પ્રસંગ જોવા મળ્યો હતો. ગામમાં ૩૦ વર્ષથી સરપંચ તરીકે સેવા આપતા અને રાજકોટ જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ તરીકેની જવાબદારી તથા ગોંડલ નાગરિક બેંકના એમડી તરીકેની જવાબદારી નિભાવતા પ્રફુલભાઈ ટોળીયા ના સુપુત્ર ચિ. લેરીશ ના લગ્ન પ્રસંગે ગીર ગૌ સંવર્ધન ના રમેશભાઈ રૂપારેલીયા દ્વારા ભેટ સોગાત તરીકે એક ગીર ઓલાદની છ માસની વાછરડી (ગાય) આપવામાં આવી છે આ ઝડપથી વિકસતા સમયમાં



નોંધનીય બાબત છે અને જો આ રીતે દરેક લગ્ન પ્રસંગ વખતે વર્ષો પહેલાની પ્રણાલીને જીવંત કરવાના આશયથી વાછરડીઓનું કે ગાય માતાનું દાન કરવામાં આવે તો જે આ દેશ એક સમયે દૂધ ઘીની નદીઓ વહેતી હતી તેવું કહેવામાં આવતું તે દિશામાં ગતિ કરે.

પ્રફુલભાઈ ટોળીયા પોતે પણ ગીર ગાય નું નિયમિત જતન કરે છે અને રમેશભાઈ રૂપારેલીયા પણ તેઓ સાથે નજીકની મિત્રતા ધરાવે છે તે અંતર્ગત લેરીશ''અને સ્નેહા ''ના લગ્ન સમયે યોજાયેલ સત્કાર સમારંભમાં ગીર વાછરડીનું દાન કર્યું તે બદલ ટોળીયા પરિવાર પણ હર્ષ ની લાગણી ધરાવે છે તેવું પ્રફુલભાઈ ટોળીયા એ જણાવ્યુ હતું.

# દેશભરમાં રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણીઃ વડાપ્રધાનનું વર્ચ્યુઅલી સંબોધન

## પીએમના હસ્તે નેશનલ પંચાયત એવોર્ડ્સ એનાયત કરાયા

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે બિહારના મધુબની ખાતેથી રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે કાર્યક્રમમાં ભાગ લેશે અને દેશભરમાં વર્ચ્યુઅલી સંબોધન કરશે. વડાપ્રધાનના હસ્તે નેશનલ પંચાયત એવોર્ડ્સ એનાયત કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય કક્ષાનો 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' મહેસાણાના આખજ ખાતે યોજાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે બિહારના મધુબની ખાતેથી રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે કાર્યક્રમમાં ભાગ લેવાના છે. આ કાર્યક્રમ અંતર્ગત તેઓ દેશભરમાં વર્ચ્યુઅલી સંબોધન કરશે તેમજ વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્તની સાથે વિવિધ લાભોનું પણ વિતરણ કરવાના છે. આ અવસરે વડાપ્રધાનના હસ્તે શ્રેષ્ઠ પ્રદર્શન કરનારી પંચાયતોની સિદ્ધિને પ્રોત્સાહન આપતા રાષ્ટ્રીય પંચાયત પુરસ્કારો પણ એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત વડાપ્રધાન પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણના દેશભરના ૧૫ લાખ નવા લાભાર્થીઓને મંજૂરીપત્ર સોંપશે અને ૧૦ લાખ લાભાર્થીઓને હપ્તાઓ પણ રિલીઝ કરવાના છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગુજરાતનો રાજ્ય કક્ષાનો 'રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ' મહેસાણા જિલ્લાના આખજ ગામ ખાતે યોજાશે.

રાજ્ય કક્ષાના આ કાર્યક્રમમાં પંચાયત રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ સહિત મહાનુભાવો-હોદ્દેદારો ઉપસ્થિત રહેશે. આ અવસરે રાજ્યના વિવિધ જિલ્લાઓની પંચાયતોના વિકાસ કામોના લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવશે તેમજ રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરનો પંચાયત એડ્વાન્સમેન્ટ ઈન્ડેક્ષના વર્કશોપનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સહિત સમગ્ર દેશમાં રાષ્ટ્રીય પંચાયત દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે ભારત સરકારના પંચાયતી રાજ મંત્રાલય દ્વારા પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્ષ ૨૦૨૨-૨૩ના રિપોર્ટમાં ગુજરાત મોખરાનું સ્થાન ધરાવે છે જે આપણા માટે ગૌરવ સમાન છે.

# તબીબોએ કોર્પોરેશન નહીં જિલ્લા પંચાયતમાં રજીસ્ટ્રેશન કરાવવું પડશે

## ધી ગુજરાત ક્લીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ એક્ટ અંતર્ગત તબીબી સંસ્થાઓની નોંધણી કરાવવી આવશ્યક

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા, આરોગ્ય શાખા દ્વારા ધી બોમ્બે નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ, ૧૯૪૯ અંતર્ગત રાજકોટ શહેરી વિસ્તારની તબીબી સંસ્થાઓ જેવી કે કલીનીક, હોસ્પિટલ, ડીસ્પેન્સરી, લેબોરેટરી વગેરેની નોંધણી કરવામાં આવતી હતી. જે કામગીરી ધી ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ એક્ટ - ૨૦૨૧ તેમજ ધી ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ રૂલ્સ - ૨૦૨૨ અમલમાં આવતા બંધ કરવામાં આવેલ છે.

રાજકોટ શહેરીની તમામ તબીબી સંસ્થાઓને ધી ગુજરાત કલીનીકલ એસ્ટાબ્લીસમેન્ટ એક્ટ-૨૦૨૧ હેઠળ https://clinicalestablishment.gipl.in વેબસાઈટ પર લોગીન કરીને સત્વરે રજીસ્ટ્રેશન કરાવવા માટે જણાવવામાં આવે છે.

જો સંસ્થા બાયોમેડીકલ વેસ્ટ જનરેટ ના કરતું હોય તો તે અંગેની બાંહેધરી રજુ કરવા અને જો સંસ્થાની હાઈટ ૯ મીટર કરતા ઓછી અને ૫૦૦ સ્કવેર મીટર કરતા ઓછી હોય તો તેની બાંહેધરી રજુ કરવા જણાવવામાં આવે છે. વધુમાં આ અંગે આપને કોઈ પ્રશ્ન હોય તો support-ceagujarat. gov.in પર ઈ-મેલ કરવા તેમજ આરોગ્ય શાખા, જીલ્લા પંચાયત, રાજકોટનો સંપર્ક કરવો.

# ફેરબદલથી આવેલા શિક્ષકોને પ્રાથમિક શાળાના આચાર્યનો ચાર્જ સોંપી શકાશે

**અબતક, રાજકોટ**

પ્રાથમિક શાળાઓમાં આચાર્ય તરીકેના ચાર્જ હવે જિલ્લા ફેરબદલીથી આવેલા શિક્ષકોને પણ સોંપી શકાશે. જોકે, શાળામાં દાખલ તારીખની સિનિયોરિટી ધ્યાને લઈને તેમને ચાર્જ સોંપવામાં આવશે. પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીની દરખાસ્તને ધ્યાને લઈને શિક્ષણ વિભાગે સરકારની મંજૂરી મળ્યા બાદ પરિપત્ર કર્યો છે. જેમાં આચાર્યના ચાર્જને લઈને કાર્યપદ્ધતિ નક્કી કરી છે. જો, શાળાનો સિનિયર શિક્ષક આચાર્ય તરીકેનો ચાર્જ લેવા માગતો ન હોય તો અન્ય શિક્ષક જે સ્વૈચ્છાએ ચાર્જ લેવા માગતો હોય તેને ચાર્જ સોંપવાનો રહેશે. પ્રા. શિક્ષણ નિયામકની કચેરીએ શિક્ષણ વિભાગ સમક્ષ આચાર્યના ચાર્જને લઈને દરખાસ્ત કરી હતી. જેના અનુસંધાને શિક્ષણ વિભાગે પરિપત્ર કર્યો છે. જે અનુસાર, જે પ્રાથમિક શાળામાં એચ ટાટ મુખ્ય શિક્ષકનું મંજૂર મહેકમ ન હોય તે શાળાના સિનિયર શિક્ષકને મુખ્ય શિક્ષક તરીકેનો ચાર્જ સોંપવાનો રહેશે. જેમાં હવે જીલ્લા ફેરબદલીથી આવેલા હોય તો પણ શાળામાં દાખલ તારીખની સિનિયોરિટી ધ્યાને લઈ તેમને પણ ચાર્જ સોંપી શકાશે, પરંતુ તે શાળાના અન્ય શિક્ષક સ્વેચ્છાએ મુખ્ય શિક્ષકનો ચાર્જ લેવા સંમત હોય તો સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની મંજૂરીથી ચાર્જ લેવા ઈચ્છા ધરાવતા શિક્ષકને મુખ્ય શિક્ષકનો ચાર્જ આપી શકાશે.પ્રાથમિક શાળામાં એચ ટાટ મુખ્ય શિક્ષકનું મંજૂર મહેકમ હોય અને મુખ્ય શિક્ષકની જગા ખાલી હોય તો તે જ શાળાના સિનિયર શિક્ષકને ચાર્જ સોંપવો વધુ ઉચિત હોવાનું પરિપત્રમાં જણાવાયું છે. જો તે વાજબી કારણોસર સ્વીકારવા માગતા ન હોય તો તે શાળાના અન્ય શિક્ષક સ્વેચ્છાએ એચ ટાટ મુખ્ય શિક્ષકનો ચાર્જ સંભાળવા સંમત હોય તો તેમને સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની મંજૂરીથી સોંપવાનો રહેશે.

# સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માનું ટવીટર એકાઉન્ટને હેક

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારના સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માનું ટ્વીટર એકાઉન્ટને કોઈ અજાણ્યા વ્યકિતએ હેક કર્યું હતું. કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા મારા ટ્વીટર (ડ)એકાઉન્ટને હેક કર્યું છે તેમ આજે સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવાયું હતું.



મંત્રી જગદીશ વિશ્વકર્માએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, અમુક શખ્સોએઆ કૃત્ય દ્વારા નાગરિકો અને કાર્યકર્તાઓમાં ગેરસમજ ફેલાવવાનો પ્રયાસ કર્યો છે. આ અંગે રાજ્ય સાયબર ક્રાઈમ ડિપાર્ટમેન્ટમાં અધિકૃત ફરિયાદ નોંધાવવામાં પણ આવી છે,જેને ટ્રેક કરવાની કામગીરી હાલ સાયબર ક્રાઈમ એક્સપર્ટ દ્વારા કરવામાં આવી છે તેમ મંત્રી જગદીશ વિશ્વકર્માએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું.

# ગંદકી કરનારો આસામીઓ પાસેથી રૂ.૫૫૫૦નો દંડ વસુલાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા કુલ ૨ દિવસમાં ત્રણેય ઝોન વિસ્તારમાં અલગ-અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૨૧ આસામીઓ પાસેથી ૧.૪૪ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.



# ટેકનિકલ શિક્ષણમાં ૧૫૯ અધ્યાપકની સામૂહિક બઢતી સાથે બદલી

## વર્ષ ૨૦૧૨માં પ્રમોશન સાથે ટ્રાન્સફરની પ્રક્રિયા કર્યા બાદ આજ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતીઃ ૭૦ અધ્યાપકોની ટ્રાન્સફર પણ કરાઈ

**અબતક, રાજકોટ**

રાજ્યની જુદી જુદી સરકારી ડિગ્રી ઈજનેરી કોલેજોમાં ફરજ બજાવતાં અધ્યાપકો છેલ્લા કેટલાય સમયથી પ્રમોશનની માગણી કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૨માં પ્રમોશન સાથે ટ્રાન્સફરની પ્રક્રિયા કર્યા બાદ આજ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. અધ્યાપકો દ્વારા વારંવારની માગણી અને રજૂઆતને પગલે સરકારે એકસાથે ૧૫૯ અધ્યાપકોની બઢતી સાથે બદલી અને ૭૦ અધ્યાપકોની ટ્રાન્સફર કરવાનો મહત્વનો નિર્ણય કર્યો હતો. સરકારી ઈજનેરી કોલેજોમાં વર્ગ-૨માં ફરજ બજાવતાં અધ્યાપકો છેલ્લા કેટલાય વખતથી વર્ગ-૧માં પ્રમોશન થાય તે માટે રજૂઆત કરતા હતા. ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા કેટલાય સમય પહેલા વર્ગ-૨માંથી વર્ગ-૧માં પ્રમોશન આપવા માટે અધ્યાપકો પાસેથી અરજીઓ મગાવવામાં આવી હતી. તાજેતરમાં અધ્યાપકોની દરખાસ્તના આધારે ૧૫૯ એસો.પ્રોફેસરને વર્ગ-૧માં બઢતી સાથે ટ્રાન્સફરના ઓર્ડર કરવામાં આવ્યા છે. મહત્ત્વની વાત એ છે કે, અંદાજે ૧૩ વર્ષ પછી કરવામાં આવેલી આ કાર્યવાહીમાં સૌથી વધુ એલ.ડી.ઈજનેરી કોલેજના ૪૦થી વધારે અધ્યાપકોની બઢતી સાથે ટ્રાન્સફર કરવામાં આવી છે. ૧૩ વર્ષ પહેલા કરવામાં આવેલી કાર્યવાહીમાં ૬૬ અધ્યાપકોને કલાસ-૨માંથી કલાસ-૧માં પ્રમોશન આપવામાં આવ્યા હતા. હવે આટલા વર્ષો પછી ફરીવાર ૧૫૯ અધ્યાપકોને બઢતી સાથે ટ્રાન્સફર આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે વર્ગ-૧માં જ હતા તેવા ૭૦ અધ્યાપકોની ટ્રાન્સફર પણ કરવામાં આવી છે. સામાન્ય રીતે વર્ગ-૧માં ફરજ બજાવતાં હોય તેવા અધ્યાપકોની સમયાંતરે જુદી જુદી સરકારી કોલેજોમાં ટ્રાન્સફર કરવામાં આવતી હોય છે. આ પ્રકારની કાર્યવાહીના કારણે હવે જે સરકારી કોલેજો એનબીએની માન્યતા માટે દરખાસ્ત કરવાની હશે તેને ફાયદો થશે. કારણ કે, એનબીએની માન્યતા માટે જે તે કોલેજ અને ડિપાર્ટમેન્ટમાં નિર્ધારિત ક્લાસ વન પ્રોફેસરોની સંખ્યા હોવી જરૂરી છે. આ ટ્રાન્સફરને કારણે હવે અનેક સરકારી કોલેજો નેશનલ બોર્ડ ઓફ એક્રેડિટેશન માટે લાયક થઈ શકશે. આ ઉપરાંત લાંબા સમયથી પ્રમોશન ન થવાને કારણે અધ્યાપકોમાં હતાશા જોવા મળતી હતી.

## પહેલગામ ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ

# પત્રકાર એન્ડ પ્રેસ ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા સાંજે મૌનરેલી

## અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં આયોજકોએ સમગ્ર માહિતી આપી

**અબતક, રાજકોટ**

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં અનેક નિર્દોષ લોકોના મૃત્યુ થયા છે, જેમાં પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે. આ હુમલાની દેશભરમાં સખત નિંદા થઈ રહી છે અને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.ઘણા રાજકીય નેતાઓ અને સામાન્ય લોકોએ આ હુમલાને કાયરતાપૂર્ણ કૃત્ય ગણાવ્યું છે અને આતંકવાદીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. સોશિયલ મીડિયા પર પણ લોકોએ પોતાનો ગુસ્સો અને દુઃખ વ્યક્ત કર્યું છે.આમ, પહેલગામની દુઃખદ ઘટનાને કારણે દેશભરમાં શોક અને રોષની લાગણી ફેલાયેલી છે. રાજકોટમાં ઠેર ઠેર શોક લાગણી


તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

પ્રસરી છે ત્યારે શહેર જિલ્લા પત્રકાર એન્ડ પ્રેસ મીડિયા દ્વારા કેન્ડલ માર્ચ મૌન રેલીનું આયોજન કરવામાં આવ્યું છે અબતક સાથેની શુભેચ્છા મુલાકાતમાં મુસ્તાક બેલીમ, રિદ્ધિબેન ગોસ્વામી , પરેશ મૂલિયા, સંદીપ પરમાર, ઈલાબેન મારુ,હર્ષાબેન શેઠ, ફિરોજ મોર, રવિ સિંઘવ, અભિજીત બારૈયા, અબ્બાસ પીરઝાદા એ વધુ વિગતો આપી હતી,જેમાં સેવાભાવી સંસ્થાઓના અધ્યક્ષ તેમજ શ્રેષ્ઠિઓ વિવિધ જ્ઞાતિના પ્રમુખ આગેવાન તેમજ જાગૃત નાગરિક મહિલાઓ અને સમાજનું ભવિષ્ય એવા બાળકોએ સાથે મળીને મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ પાઠવવા સાંજે ૭:૩૦ કલાકે કિશનપરા ચોક બાલભવનના ગેટ પાસેથી કેન્ડલ માર્ચ શરૂ કરી મૌન રેલી પદયાત્રા સરદાર વલ્લભભાઈની પ્રતિમા બહુમાળી ભવન પાસે પહોંચશે ત્યાં સૌ મળી બે મિનિટ મૌન પાળી મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવશે.

# 'મેલેરિયા નિર્મૂલન'માં ગુજરાતનો સમગ્ર દેશમાં કેટેગરી-૧માં સમાવેશ

## રાજ્યમાં મેલેરિયા પોઝિટિવ દર ૧,૦૦૦ની વસ્તીએ ૦૧થી નીચેઃ વર્ષ ૨૦૨૪માં ૧.૮૧ કરોડ કરતાં વધુ તાવના દર્દીઓને વિનામૂલ્યે નિદાન અને સારવાર અપાઈ

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના મેલેરિયા નિર્મૂલન માટેના અથાગ પ્રયત્નો થકી તમામ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓ સહિત રાજ્યનો મેલેરિયા પોઝિટિવ દર ૧,૦૦૦ની વસ્તીએ ૦૧ થી નીચે નોંધાયો છે. જેના પરિણામે ગુજરાતનો સમગ્ર દેશમાં મેલેરિયા નિર્મૂલન અંતર્ગત કેટેગરી-૨માંથી ૧માં સમાવેશ કરવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યમાંથી મેલેરિયા નિર્મૂલન માટે સરકાર કટિબદ્ધ છે. જે અંતર્ગત રાજ્યના તમામ આરોગ્ય કેન્દ્ર ખાતે મેલેરિયાનું નિદાન અને સારવાર મફત કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૪માં આરોગ્ય વિભાગ દ્વારા મેલેરિયાના નિદાન માટે અંદાજે ૧.૮૧ કરોડ કરતાં વધુ તાવના દર્દીઓ શોધી, લોહીના નમૂના એકત્રિત કરીને નિઃશુલ્ક નિદાન કરવામાં આવ્યું હતું, તેમજ મેલેરિયા પોઝિટિવ દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવામાં આવી હતી. સમગ્ર વર્ષ દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ દ્વારા સઘન પોરાનાશક કામગીરી, પોરાનું લાઈવ ડેમોસ્ટ્રેશન, ફિવર સર્વેલન્સ, બાંધકામ સાઈટની તપાસ, શ્રમિકોના બ્લડ સ્ક્રિનિંગ તથા લાંબા સમય સુધી પાણી સ્થગિત રહેતું હોય તેવા વિવિધ વિસ્તારોમાં પોરાભક્ષક માછલીઓ મુકવાની કામગીરી કરવામાં આવે છે.



રાજ્યમાં વર્ષ ૨૦૨૪ દરમિયાન ૨૩૩ ગામોની અંદાજિત ૨.૫૨ લાખ કરતાં વધુ વસ્તીને જંતુનાશક દવા છંટકાવ હેઠળ આવરી લેવામાં આવી હતી. રાજ્ય સરકારના મેલેરિયા નિર્મૂલનના અવિરત પ્રયાસોના ભાગરૂપે મેલેરિયા પ્રભાવિત ક્ષેત્રોમાં ઘટાડો થતાં વર્ષ ૨૦૨૫માં ૧૯૬ ગામોની અંદાજિત ૨.૦ લાખ કરતાં વધુ વસ્તીને જંતુનાશક દવા છંટકાવ હેઠળ આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. રાસાયણિક દવાઓથી થતા પ્રદુષણના વિકલ્પ રૂપે જૈવિક નિયંત્રણ કામગીરી હેઠળ રાજ્યમાં કુલ ૩,૮૬૩ પોરાભક્ષક માછલી ઉછેર કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. ગપ્પી અને ગમ્બુશીયા નામની પોરાભક્ષક માછલીઓ તમામ મચ્છર ઉત્પત્તિ સ્થાનો પર મચ્છરોના ઈંડામાંથી બનતા પોરાનું ભક્ષણ કરે છે અને મચ્છરોનો ઉપદ્રવ વધતો નથી. આ ઉપરાંત રાજ્યમાં દર વર્ષે સ્પેશિયલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના પ્રિ મોન્સુન-એપ્રિલ માસ, મોન્સુન-જૂન માસ અને પોસ્ટ મોન્સુન-સપ્ટેમ્બર માસ એમ કુલ ૩ રાઉન્ડ દ્વારા મેલેરિયા નિયંત્રણ કામગીરી વધુ સઘન બનાવવામાં આવે છે.

વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા મેલેરિયા અંગેની જનજાગૃતિ માટે જાહેર સ્થળોએ કાર્યક્રમો, પ્રદર્શન, પત્રિકાઓનું વિતરણ, ભવાઈ, નાટક, પપેટ શો જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જાહેર સ્થળો પર રેલી, હોર્ડિંગ્સ, બેનર, પોસ્ટર્સ, ભીંતચિત્રો તેમજ ભીંતસુત્રોના માધ્યમથી જાહેરાત અને સંદેશાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ ઉપરાંત શાળાઓ-કોલેજોમાં વાહકજન્ય રોગો સબંધિત કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે.

મેલેરિયાએ ચોખ્ખા અને બંધિયાર પાણીમાં પેદા થતાં એનોફિલીસ નામના મચ્છર દ્વારા એક વ્યકિતમાંથી બીજી વ્યકિતમાં ફેલાતો અને પ્લાસમોડીયમ નામના પરોપજીવી જંતુથી થતો રોગ છે. એનોફિલીસ માદા મચ્છર મેલેરિયાના દર્દીને કરડે ત્યારે પરોપજીવી જંતુને લોહી સાથે ચૂસી લે છે. ત્યારબાદ આ મચ્છર તંદુરસ્ત વ્યકિતને કરડે ત્યારે તેને મેલેરિયાનો ચેપ લાગે છે.

### મેલેરિયાના ચિન્હો

મેલેરિયાના દર્દીને સખત ઠંડી લાગવી, ધ્રુજારી આવવી, ૮ થી ૧૨ કલાક તીવ્ર તાવ આવવો, તાવ એક દિવસના અંતરે અથવા દરરોજ આવવો, માથું અને શરીર દુખવું, કળતર તેમજ ઊલટી થાય, ઉબકા આવે, તાવ ઉતરે ત્યારે ખુબ પરસેવો થાય જેવા વિવિધ લક્ષણો જોવા મળે છે.

# અમરેલીઃ લાયન્સ કલબના સહયોગથી રકતદાન કેમ્પ યોજાયો

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**



અમરેલી શીતલ આઈસ્ક્રીમ, લાયન્સ કલબ ઓફ અમરેલી (સિટી), ડી.જે.બી.એસ. ફાઉન્ડેશન તેમજ અમરેલી સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે તેમજ લાઈફ બ્લડ સેન્ટર-રાજકોટના સહયોગથી થેલેસેમિયા દર્દીઓના લાભાર્થે શીતલ ફૂડ પ્રોડક્ટ લિમિટેડ, જી.આઈ.ડી.સી. માં રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

લાયન્સ કલબ્ઝ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ - જે ના રીજીયન ચેરપર્સન દિનેશભાઈ ભુવા, અમરેલીના પ્રમુખ મનોજભાઈ કાનાણી તેમજ સામાજીક આગેવાન કનુભાઈ ગોજારીયા વગેરેએ દીપ પ્રાગટ્ય કરી રકતદાનનું મહત્વ સમજાવ્યું હતું.

આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના સેક્રેટરી ભદ્રેશસિંહ પરમાર, પૂર્વ પ્રમુખ ભુપતભાઈ ભુવા, પ્રા. એમ. એમ. પટેલ, જયેશભાઈ કે. પંડ્યા , રમેશભાઈ ગોલ, ભગવાનભાઈ કાબરીયા, રિધેશભાઈ નાકરાણી, રાજેશભાઈ માંગરોળીયા, નરોત્તમભાઈ સાકરીયા, અશોકભાઈ ઝાલા જીઆઈડીસી માથી કનુભાઈ ગોજરીયા,ભુપતભાઈ લુહાર, ચંદુભાઈ ચાવ, રાજાભાઈ વગેરેએ જહેમત ઉઠાવી હતી.

### જજ યુ ટુ? : ડીલેયડ જસ્ટિસ, ડીનાઈડ જસ્ટિસ

# ત્રણ વર્ષ સુધી ચુકાદો મુલતવી રાખતા ઝારખંડ હાઈકોર્ટને સુપ્રીમની ફટકાર

## હત્યા કેસના દોષિતો દ્વારા દાયકા પૂર્વે દાખલ કરાયેલી અપીલનો ચુકાદો ૨૦૨૨થી અનામત રખાતા સર્વોચ્ચ અદાલતે ખુલાસો માંગ્યો

**અબતક, નવી દિલ્હી**

બંધારણીય અદાલતો રાષ્ટ્રપતિ સહિત દરેક માટે સમયમર્યાદા નક્કી કરે છે પરંતુ ચુકાદા સંભળાવવા માટે આવી કોઈ મર્યાદા તેમના પર લાગુ પડતી નથી કે કેમ? તેવો સવાલ ઉઠી રહ્યો છે. ચાર હત્યાના દોષિતોએ બુધવારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી આરોપ લગાવ્યો હતો કે, ઝારખંડ હાઈકોર્ટે ત્રણ વર્ષથી તેમની અપીલનો ચુકાદો અનામત રાખ્યો છે.

૧૧ થી ૧૬ વર્ષની જેલની સજા ભોગવી રહેલા હત્યા કેસના ચાર દોષિતો તરફથી હાજર રહેલ વકીલ ફૌઝિયા શકીલે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાંત અને એન. કોટિશ્વર સિંહની બેન્ચને માહિતી આપી હતી કે, તેમણે ત્રણ અલગ અલગ અપીલ વર્ષ ૨૦૧૨, ૨૦૧૪ અને ૨૦૧૮માં દાખલ કરી હતી. ઝારખંડ હાઈકોર્ટે ૨૦૨૨ના જાન્યુઆરી, એપ્રિલ, મે અને જૂન મહિનામાં તેમના કેસોમાં ચુકાદો અનામત રાખ્યો હતો. ત્રણ વર્ષ વીતી ગયા છતાં ચુકાદો હજુ સુધી જાહેર કરવામાં આવ્યો નથી તેમ વકીલે જણાવ્યું હતું.

બેન્ચે આ ખામીને ગંભીરતાથી લીધી અને ઝારખંડ હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને નોટિસ ફટકારી હતી. પેન્ડિંગ અપીલો, અપીલો સાંભળનારા ન્યાયાધીશો અને કયા કારણોસર વર્ષો માટે ચુકાદો અનામત રાખવામાં આવ્યો છે તેની વિગતો ૧૦ દિવસમાં રજૂ કરવા જણાવ્યું છે.

વકીલે ન્યાયાધીશ કાંતની આગેવાની હેઠળની બેન્ચને વિનંતી કરી હતી કે, અપીલકર્તાઓએ એક દાયકાથી વધુ સમય જેલમાં વિતાવ્યો હોવાથી કોર્ટ તેમની વિવેકાધીન શકિતઓનો ઉપયોગ કરીને જામીન પર મુક્ત કરી શકે છે. બેન્ચે ઝારખંડ સરકારને નોટિસ પણ જારી કરી અને જામીન અરજી પર તેનો જવાબ માંગ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, પ્રથમ અરજદાર ૭૨ વર્ષીય પિલા પહાણની ૯ જાન્યુઆરી, ૨૦૦૯ ના રોજ હત્યાના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી અને ૨૦૧૨ માં દોષિત ઠેરવવામાં આવ્યા બાદ તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. તેણે ૧૬ વર્ષથી વધુ સમય જેલમાં વિતાવ્યો છે અને તેની ૧૩ વર્ષ જૂની અપીલ પર હાઈકોર્ટનો ચુકાદો હજુ સુધી આવ્યો નથી. સત્યનારાયણ સાહુને એપ્રિલ ૨૦૧૧ માં હત્યાના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી અને ઓગસ્ટ ૨૦૧૪ માં તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. દોષિત ઠેરવવા સામેની તેની અપીલ છેલ્લા ૧૧ વર્ષથી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે અને તે ૧૩ વર્ષથી વધુ જેલની સજા ભોગવી ચૂક્યો છે. સોમા બડિંગ, ૨૦૧૦ ના હત્યાના કેસમાં ૨૦૧૪ માં દોષિત ઠેરવવામાં આવ્યો હતો.તેની અપીલ છેલ્લા ૧૧ વર્ષથી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે. કુલ મળીને તે ૧૪ વર્ષથી વધુ સમય માટે જેલમાં બંધ છે. ચોથા અરજદાર ધર્મેશ્વર ઓરાંવને ૨૦૧૩ના બળાત્કાર કેસમાં ૨૦૧૮માં દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને તેની અપીલ છેલ્લા સાત વર્ષથી હાઈકોર્ટમાં પેન્ડિંગ છે.

# ટ્રેડ વોર અટકાવવા અમેરિકાના ૧૨ રાજ્યોએ કોર્ટમાં દાવા માંડ્યા!!!

## દાવામાં આ નીતિને ટ્રમ્પની ઈચ્છા મુજબ ચાલતી નીતિ ગણાવી રાષ્ટ્રીય વેપાર નીતિ પર સવાલ ઊભા કર્યા!

**અબતક, રાજકોટ**

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાગુ કરવામાં આવેલી ટેરિફ નીતિ વિરુદ્ધ હવે તેમના પોતાના દેશના ૧૨ રાજ્યો એકસાથે મેદાનમાં ઉતર્યા છે. યુનાઈટેડ સ્ટેટ્સમાં, ૧૨ રાજ્યોના ગઠબંધને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિ વિરુદ્ધ ન્યૂયોર્કમાં યુએસ કોર્ટ ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડમાં દાવો દાખલ કર્યો છે. રાજ્યો દલીલ કરે છે કે આ નીતિ ગેરકાયદેસર છે, સત્તાનો દુરુપયોગ છે અને રાષ્ટ્રીય અર્થતંત્રને અસ્થિર કરી રહી છે. તેમનો દાવો છે કે ટ્રમ્પે કોંગ્રેસની મંજૂરી વિના ટેરિફ લાદીને બંધારણીય નિયંત્રણોને અવગણ્યા છે, જે ફક્ત કોંગ્રેસનો અધિકાર છે.

બુધવારે દાખલ કરાયેલ આ કાનૂની પડકારમાં, રાજ્યો ટ્રમ્પ પર ૧૯૭૭ના ઈન્ટરનેશનલ ઈમર્જન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (આઈઈઈપીએ)હેઠળની કટોકટી સત્તાનો દુરુપયોગ કરવાનો આરોપ મૂકે છે. તેઓ દલીલ કરે છે કે રાષ્ટ્રપતિ ફક્ત વિદેશી ''અસામાન્ય અને અસાધારણ ધમકીઓ''ના જવાબમાં જ આઈઈઈપીએનો ઉપયોગ કરી શકે છે, ન કે વેપાર નીતિમાં મોટા ફેરફારો માટે. દાવામાં જણાવાયું છે કે રાષ્ટ્રપતિએ મનસ્વી રીતે ટેરિફ લાદીને ''બંધારણીય વ્યવસ્થાને ઉથલાવી દીધી છે અને અમેરિકન અર્થતંત્રમાં અરાજકતા લાવી છે''. વાદી તરીકે સૂચિબદ્ધ ૧૨ રાજ્યોમાં ઓરેગોન, એરિઝોના, કોલોરાડો, કનેક્ટિકટ, ડેલવેર, ઈલિનોઈસ, મેઈન, મિનેસોટા, નેવાડા, ન્યુ મેક્સિકો, ન્યુ યોર્ક અને વર્મોન્ટનો સમાવેશ થાય છે.

રાજ્યો ભારપૂર્વક જણાવે છે કે આ ટેરિફ અમેરિકન ગ્રાહકો પર કર સમાન છે અને અર્થતંત્રને નુકસાન પહોંચાડી રહ્યા છે. એરિઝોનાના એટર્ની જનરલ ક્રિસ મેયસે આ નીતિને ''આર્થિક રીતે બેદરકાર અને ગેરકાયદેસર'' ગણાવી છે, અને કહ્યું છે કે તે એરિઝોનાના ગ્રાહકો પર ભાર મૂકે છે. આ મુકદ્દમો ગયા અઠવાડિયે કેલિફોર્નિયાના ગવર્નર દ્વારા દાખલ કરાયેલા સમાન દાવો પછી આવ્યો છે, જેમણે ચેતવણી આપી હતી કે તેમના રાજ્યને આ ટેરિફને કારણે અબજો ડોલરની આવક ગુમાવવી પડી શકે છે. રાજ્યો કોર્ટને ટ્રમ્પના ટેરિફને ગેરકાયદેસર જાહેર કરવા અને તેના અમલીકરણને રોકવાની માંગ કરી રહ્યા છે.

# ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગંભીરને જાનથી મારી નાખવાની ધમકી, ISIS કાશ્મીર વિરુદ્ધ ફરિયાદ દાખલ

## ગૌતમ ગંભીરે દિલ્હી પોલીસનો સંપર્ક કરીને ફરિયાદ નોંધાવ્યા બાદ પોતાના પરિવારની સુરક્ષા વધારવાની પણ માંગ કરી

**અબતક, નવી દિલ્હી**

ભાજપના પૂર્વ સાંસદ અને ભારતીય ક્રિકેટ ટીમના વર્તમાન મુખ્ય કોચ ગૌતમ ગંભીરને 'આઈએસઆઈએસકાશ્મીર' તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી છે. બુધવારે તેમણે દિલ્હી પોલીસનો સંપર્ક કરીને ફરિયાદ નોંધાવી હતી. તેમણે પરિવાર માટે સુરક્ષાની માંગ કરી હતી.

એવું કહેવામાં આવી રહ્યું છે કે ગંભીરને ઈમેલ મારફતે ધમકી આપવામાં આવી હતી. ઈમેલમાં ફક્ત ત્રણ શબ્દો લખ્યા હતા- -આઈ કિલ યુ. ગંભીરે તરત જ પોલીસને આ ઈમેઈલ વિશે જાણ કરી અને સત્તાવાર રીતે ફરિયાદ નોંધાવી હતી. મામલાની ગંભીરતા જોઈને દિલ્હી પોલીસ તાત્કાલિક એક્ટિવ થઈ ગઈ છે.

પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈમેલ મોકલનારની ઓળખ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ માટે સાયબર સેલ ટીમ ઈમેલને ટ્રેક કરવાનો પ્રયાસ કરી રહી છે અને ટેકનિકલ વિશ્લેષણ દ્વારા આ બાબતની સઘન તપાસ કરી રહી છે.

આ ઈમેલ કોણે અને ક્યાંથી મોકલ્યો તે હજુ સુધી સ્પષ્ટ નથી.દરમિયાન ગૌતમ ગંભીરના કાર્યાલયે માહિતી આપી હતી કે ગૌતમ ગંભીરને 'આઈએસઆઈએસ કાશ્મીર' તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી છે.

બુધવારે, તેમણે દિલ્હી પોલીસનો સંપર્ક કર્યો અને આ મામલે એફઆરઆઈ નોંધવાની ફરિયાદ કરી. આ સાથે તેમણે પોતાના પરિવારની સુરક્ષા વધારવાની પણ માંગ કરી છે.

ધમકીની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દિલ્હી પોલીસ આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે અને ગૌતમ ગંભીર અને તેમના પરિવારની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૨૨ એપ્રિલના રોજ ગૌતમ ગંભીરને ઈમેલ દ્વારા બે વાર ધમકીઓ મળી હતી.

# સાઉદી ૧.૮ કરોડ ટન કેપેસિટીની બે રીફાઈનરી ભારત સાથે સ્થાપશે!

## સાઉદી અરેબિયા બીપીસીએલ અને ઓએનજીસી બંને રિફાઇનરીઓમાં ૨૬% ઈક્વિટી હિસ્સો મેળવશે!

**અબતક, રાજકોટ**

સાઉદી અરેબિયા, જે વિશ્વના સૌથી મોટા તેલ ઉત્પાદકોમાંનું એક છે, તે ભારતીય રિફાઈનિંગ ક્ષેત્રમાં ફરી એકવાર મોટા પાયે પ્રવેશ કરવા માટે સક્રિય બન્યું છે. અગાઉના બે નિષ્ફળ પ્રયાસો બાદ, સાઉદી અરેબિયાની દિગ્ગજ તેલ કંપની આરામકો હવે ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ) અને ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી) જેવી ભારતીય જાહેર ક્ષેત્રની કંપનીઓ સાથે ભાગીદારીમાં ભારતમાં બે નવી ઓઈલ રિફાઈનરીઓ સ્થાપવાની યોજના ધરાવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, દરેક રિફાઈનરીની વાર્ષિક ક્ષમતા આશરે ૯ મિલિયન ટન (એમટીપીએ) હશે અને આરામકો આ બંને પ્રોજેક્ટ્સમાં સંયુક્ત રીતે ૨૬% ઈક્વિટી હિસ્સો મેળવી શકે છે, જેના માટે તેને આશરે ૧૮,૦૦૦ કરોડનું રોકાણ કરવું પડી શકે છે. આ મહત્વપૂર્ણ પહેલ અંગે તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન વચ્ચેની બેઠકમાં પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ ભાગીદારી હેઠળ, બીપીસીએલ આંધ્રપ્રદેશમાં ૯ થી ૧૨ એમટીપીએ ક્ષમતાની રિફાઈનરી-કમ-પેટ્રોકેમિકલ સુવિધા માટે શક્યતા અહેવાલ પર કામ કરી રહ્યું છે. ૯ એમટીપીએ ક્ષમતા ધરાવતી સુવિધાનો અંદાજિત ખર્ચ લગભગ રૂ.૯૫,૦૦૦ કરોડ થવાની ધારણા છે. આ પ્રોજેક્ટમાં સંભવિત ૬૫:૩૫ ના ડેટ-ઈક્વિટી રેશિયો સાથે, કુલ ઈક્વિટી રોકાણ લગભગ ૩૩,૦૦૦ કરોડ હશે. આમાંથી, આરામકોના ૨૬% હિસ્સા માટે લગભગ ૯,૦૦૦ કરોડનું રોકાણ થઈ શકે છે. ઓએનજીસી સાથેનો સમાન સોદો કુલ રોકાણને ૧૮,૦૦૦ કરોડ સુધી પહોંચાડે છે. ઓએનજીસીનો પ્રોજેક્ટ હજુ પ્રારંભિક તબક્કામાં છે, જેમાં ૯ એમટીપીએ કે તેથી મોટી ક્ષમતાની રિફાઈનરી ઉત્તર પ્રદેશ જેવા રાજ્યમાં સ્થાપવાની શક્યતા છે, પરંતુ સ્થાન અને ખર્ચ હજુ નક્કી નથી.

જોકે, આ ભાગીદારીમાં મુખ્ય પડકાર ક્રૂડ ઓઈલ સપ્લાયની શરતો અંગેની વાટાઘાટો છે. આરામકો તેની ઈક્વિટી હિસ્સાના બદલામાં એવી શરત મૂકી રહ્યું છે કે પ્રસ્તાવિત રિફાઈનરીઓ તેમના મોટાભાગના ક્રૂડ ઓઈલ આરામકો પાસેથી જ ખરીદે. આ શરતને ભારતીય કંપનીઓ દ્વારા અગાઉ નકારી કાઢવામાં આવી છે. ભારતીય રિફાઈનરીઓ સાઉદી ક્રૂડનો નોંધપાત્ર હિસ્સો લેવા માટે ત્યારે જ સંમત થઈ શકે છે જો આરામકો કિંમતમાં ડિસ્કાઉન્ટ, નૂર માફી અથવા લાંબા સમયગાળા માટે ક્રેડિટ જેવી વેપાર શરતોમાં છૂટછાટ આપવા તૈયાર હોય. આ મુદ્દે બંને પક્ષો વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે.ભારતીય રિફાઈનિંગ ક્ષેત્રમાં પ્રવેશ માટે સાઉદી અરામકોના ભૂતકાળના પ્રયાસો સફળ રહ્યા ન હતા. ૨૦૧૮ માં, મહારાષ્ટ્રમાં ૬૦ એમટીપીએ વાર્ષિક ક્ષમતા ધરાવતા મોટા રિફાઈનરી પ્રોજેક્ટમાં ૫૦% હિસ્સો મેળવવા માટે ભારતીય પીએસયુ કન્સોર્ટિયમ સાથેનો કરાર જમીન સંપાદન મુદ્દાને કારણે અટકી ગયો હતો. ત્યારબાદ, ૨૦૧૯ માં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ઓ૨સી વ્યવસાયમાં ૨૦% હિસ્સો ડોલર ૧૫ બિલિયનમાં ખરીદવાનો સોદો મૂલ્યાંકનના મતભેદોને કારણે બે વર્ષ પછી રદ થયો હતો. આ અગાઉના અનુભવો છતાં, આ નવી યોજના ભારતના ઊર્જા ક્ષેત્રમાં સાઉદી અરેબિયાના પ્રવેશ માટે એક મહત્વપૂર્ણ પગલું છે, જે બંને દેશોના પરસ્પર હિતોને ધ્યાનમાં રાખીને આગળ વધી રહી છે, જોકે અંતિમ કરારો હજુ થવા બાકી છે.

# સંધિવા કે કેન્સર? ડોક્ટરે પરખવામાં "થાપ" ખાધી "ચેટ જીપીટી" એ "પરખ" અપાવી

## મહિલાને કેન્સર ઓળખવામાં ચેટ જીપીટી વરદાન સાબિત થયું

**અબતક, રાજકોટ**

કહેવાય છે કે ડોક્ટર ભગવાન નું સ્વરૂપ છે કોઈ વ્યક્તિ બીમાર પડે એટલે ડોક્ટર પાસે જાય છે અને તેને આશા હોય છે કે ડોક્ટર તેનું ચોક્કસ નિદાન કરી દવા આપશે અને સાજા કરી આપશે પરંતુ એક એવી ઘટના સામે આવી છે કે એક વ્યક્તિનું સાચું નિદાન ડોક્ટર નહિ એઆઈ ટુલ ચેટ જીપીટી એ કર્યું .આ ઘટના છે ઉત્તરી આયર્લેન્ડની. ઉત્તરી આયર્લેન્ડ માં રહેતી ૪૦ વર્ષીય મહિલાને આંગળીઓમાં જકડાઈની તકલીફ હતી, ડોક્ટરોએ તેને સંધિવા (આર્થરાઈટિસ) હોવાનું જણાવ્યું હતું, પરંતુ આશ્ચર્યજનક રીતે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટૂલ ચેટ જીપીટી એ તેનું કેન્સરનું નિદાન કરવામાં મદદ કરી, જે ડોક્ટરો ચૂકી ગયા હતા.

લોરેન બેનન નામની મહિલાને આંગળીઓ જકડાઈ જવાની તકલીફ રહેતી હતી અને ડોક્ટરોએ તેને રૂમેટોઈડ આર્થરાઈટિસનોએટલે કે સંધિવા રિપોર્ટકરવાનું કહેલું પણ રિપોર્ટ નેગેટિવ આવેલો તેમ હોવા છતાં ડોક્ટરોએ આ સંધિવા ના લક્ષણો હોવાનું જણાવ્યું હતું. લોરેન ને તેના લક્ષણો ચેટ જીપીટી માં દાખલ કરતા તે ચોંકી ગઈ ચેટ જીપીટીએ તેને કેન્સરના લક્ષણો જણાવ્યા જોકે ચેટ જીપીટી નું નિદાન સંપૂર્ણ ના કહી શકાય ચેટ જીપીટી ભૂલો કરી શકે છે, તેમ છતાં તેણે આશ્ચર્યજનક રીતે સચોટ અને જીવ બચાવે તેવા નિદાન પણ કર્યા છે. આ મહિલા આ એઆઈ ટૂલની આભારી છે, જેણે તેના કેન્સરને ઓળખવામાં મદદ કરી, જેને ડોક્ટરોએ શરૂઆતમાં અવગણ્યું હતું.જોકે બેનનને ખબર હતી કે તેના શરીરમાં કંઈક ખોટું છે, પરંતુ ચેટ જીપીટી ની મદદ વિના તેને ક્યારેય કેન્સર વિશે ખબર પડી ન હોત.

ફેબ્રુઆરી ૨૦૨૪માં બેનનને સવારે અને સાંજે તેની નાની આંગળીઓ વાળવામાં તકલીફ થતી હતી. ડોક્ટરોએ તેને રસંધિવા છે તેમ માન્યું, પરંતુ તેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો. એના થોડા સમય બાદ લોરેન ને જે બે બાળકોની માતા છે તેને પેટમાં ભયંકર દુખાવો થવા લાગ્યો અને સપ્ટેમ્બર ૨૦૨૪માં ચાર અઠવાડિયામાં તેનું વજન ૬ કિલો ઘટી ગયું. આ વખતે ડોક્ટરોએ તેને એસિડ રિફ્લક્સ ગણાવ્યું.

બેનનને તેના લક્ષણો ChatGPTને જણાવ્યા, અને એપ્લિકેશને સૂચવ્યું કે તેણીને હાશિમોટોનો રોગ હોઈ શકે છે, એક એવી સ્થિતિ જેમાં શરીરની રોગપ્રતિકારક શકિત ભૂલથી થાઈરોઈડ ગ્રંથિ પર હુમલો કરે છે. આને કારણે ગ્રંથિમાં સોજો આવી શકે છે અને આખરે તે ઓછી કાર્યરત થઈ શકે છે.આનાથી હોર્મોનનું સ્તર ઘટી શકે છે, જેના કારણે થાક, વજન વધવું, માનસિક ધુમ્મસ અને નીરસ મૂડ જેવા લક્ષણો દેખાઈ શકે છે. આનાથી પેપિલરી થાઈરોઈડ કેન્સર થવાનું જોખમ પણ વધી શકે છે, જે થાઈરોઈડ કેન્સરનું સૌથી ઓછું આક્રમક સ્વરૂપ છે.

ત્યારબાદ મહિલા ડોક્ટર પાસે ગઈ અને વાત કરી ડોક્ટર એ પહેલા આ વાત નકારી અને કહ્યું કે તેમના પરિવારમાંથી કોઈને જો ભૂતકાળમાં આવી બીમારી હોય તો તમને થઈ શકે પરંતુ લોરેને નું ફરીથી નિદાન કરતા ડોક્ટરો ચોંકી ગયા તેમનો હાશિમોટો રોગનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો અને બાદમાં થાઈરોઈડ અલ્ટ્રાસાઉન્ડમાં ડોક્ટરોને તેના ગળામાં બે કેન્સરની ગાંઠો જોવા મળી.

લોરેનનું જાન્યુઆરી ૨૦૨૫માં ઓપરેશન થયું અને તેના ગળામાંથી થાઈરોઈડ અને બે લસિકા ગાંઠો કાઢી નાખવામાં આવી, પરંતુ કેન્સર પાછું ન આવે તે માટે તેણી હજી પણ દેખરેખ હેઠળ છે.જોકે ડોક્ટરોએ લોરેનને કેન્સર વહેલું શોધવા બદલ નસીબદાર ગણાવી, પરંતુ તેણીએ ચેટ જીપીટી તેના કેન્સરને શરીરના અન્ય ભાગોમાં ફેલાતો અટકાવવાનો શ્રેય આપ્યો.લોરેન એ જણાવ્યું કે મેં ચેટ જીપીટી પર ન જોયું હોત, તો મેં ફક્ત રૂમેટોઈડ આર્થરાઈટિસની દવા લીધી હોત અને કેન્સર મારા ગળામાંથી દરેક જગ્યાએ ફેલાઈ ગયું હોત.''''ડોક્ટરે કહ્યું કે હું તેને વહેલું પકડવા માટે ખૂબ નસીબદાર હતી. મને ખાતરી છે કે ચેટ જીપીટી નો ઉપયોગ કર્યા વિના કેન્સર ફેલાઈ ગયું હોત.''લોરેન હવે લોકોને તેમની સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે ચેટ જીપીટીની ભલામણ કરી રહી છે.

# કટારીયા ઓટો મોબાઈલ્સના કર્મચારીએ રૂ.૩.૮૭ લાખની ઠગાઈ આચરી

## અલગ અલગ કર્મચારીઓ પાસેથી બુકીંગ અને ડાઉન પેમેન્ટ પેટે રૂ. ૪.૪૨ લાખ મેળવી કંપનીમાં ફક્ત રૂ. ૫૫ હજાર જમા કરાવી બાકીના નાણાં વાપરી નાખ્યાનો ખુલાસો

**અબતક, રાજકોટ**

શહેરના કટારીયા ઓટોમોબાઈલ્સના સેલ્સ વિભાગના કર્મચારીએ અલગ અલગ ત્રણ ગ્રાહકો પાસેથી વાહનના બુકીંગ અને ડાઉન પેમેન્ટ પેટે રૂ. ૪.૪૨ લાખ મેળવી ફક્ત રૂ. ૫૫ હજારની પાવતી બનાવી બાકીના રૂ. ૩.૮૭ લાખ અંગત ઉપયોગમાં વાપરી નાખી ઠગાઈ આચરતા તાલુકા પોલીસમાં કર્મચારી જય ડોડીયા વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

મામલામાં કટારીયા ઓટોમોબાઈલ્સ પ્રા.લી.ના જનરલ મેનેજર અનવરભાઈ ફારૂકભાઈ મીનીવાડીયા( ઉ.વ.૩૮ રહે. મહમદીબાગ, વાવડી ગામ નજીક, ગોંડલ રોડ રાજકોટ)એ તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મોરબી રોડ પર રહેતા જય અશોકભાઈ ડોડીયાનું નામ આપતાં જણાવ્યું હતું કે, અમારા શોરૂમમા જય અશોકભાઈ ડોડીયા (રહે. મોરબી રોડ અતિથી દેવો ભવઃ હોટેલની સામે) છેલ્લા આઠેક મહિનાથી સેલ્સ ટીમ લીડર તરીકેની નોકરી કરતો હતો. જય સેલ્સ ટીમ લીડર તરીકે કંપનીની ગાડીઓનુ વેચાણ કરવાની કામગીરી કરતો હતો. તે કસ્ટમરો લાવી, ગાડીઓ વિશે સમજાવી બુકીંગ લઈને ડીલવરી સુધીની તમામ પ્રોસેસ સાંભળતો હતો.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, અમારા શોરૂમ ખાતે નવી ફોર વ્હીલના જે પેન્ડીંગ બુકીંગ હતા તે અને જે કસ્ટમરની ગાડી અમારા શોરૂમના હાજર સ્ટોકમાં આવી ગયેલ હતી. તે બધા કસ્ટમરોને હુ જાતેથી ફોન કરી અને ગાડીના ડાઉન પેમેન્ટ તથા લોન બાબતેના પેમેન્ટ ક્લીયર કરવા માટે અવાર નવાર ફોન કરતો રહુ છુ. ગઈ તા.૦૬/૦૪/૨૦૨૫ ના રોજ અમારા શોરૂમમા અર્ટિગા સી.એન.જી. ફોર વ્હીલ ગાડીના ગ્રાહક દર્શનભાઈ દિલીપભાઈ જોગડીયા (રહે. વડ વાજડી, કાલાવડ રોડ)ને ફોન કરતા જણાવેલ કે હુ ગત તા. ૧૮/૦૩/૨૦૨૫ ના રોજ તમારી કંપનીના શોરૂમ ઉપર નવી ગાડી ખરીદ કરવા આવેલ હતો અને તમારી કંપનીના જયભાઈ ડોડીયાને મળેલ ત્યારે તેમણે મને અર્ટિગા ગાડીના બુકિંગ પેટેના રૂ.૪૫,૦૦૦ રોકડા આપેલ હતા. સાંજનો સમય હોવાથી કેશીયર શોરૂમ પરથી જતા રહેલ હોય જેથી જયભાઈએ દર્શનભાઈને બુકિંગ પેટેના રૂ.૪૫,૦૦૦ ની પાવતી બીજા દિવસે આપવાનું કહેલ હતું. ત્યારબાદ દર્શનભાઈ તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ ફરીવાર શોરૂમ પર આવેલ અને અર્ટીગા ગાડીના ડાઉન પેમેન્ટ ના રૂ.૧,૪૭,૦૦૦ રોકડા જયભાઈને આપેલ હતા અને બપોરનો સમય હોય જેથી જયએ દર્શનભાઈને જણાવેલ કે કેશીયર લંચ માટે ગયેલ છે જેથી રૂ.૧,૪૭,૦૦૦ પાવતી હુ તમને વોટસ એપ કરી આપીશ. ત્યારબાદ અર્ટીગા સી.એન.જી. બુકિંગ કરાવેલ કસ્ટમર રાહુલભાઈ બાલુભાઈ ભેસાણીયા (રહે. કોઠારીયા આદર્શ શિવાલય-૨)ને ફોન કરતા જણાવેલ કે ગત તા.૨૨/૦૩/૨૦૨૫ ના રોજ હુ તમારી કંપનીના શોરૂમ ઉપર નવી ગાડી ખરીદ કરવાની હોય જેથી આવેલ હતો અને શોરૂમ ઉપર જયભાઈ ડોડીયાને તા.૨૩/૦૩/૨૦૨૫ ના રોજ મોટાભાઈ ચેતનભાઈએ સાંજના છ વાગ્યે રૂ.૫૦,૦૦૦ ગાડીના બુકીંગ પેટે આપેલ હતા જેની રૂ. ૫૦ હજારની પાવતી પણ આપેલ હતી પણ તા.૨૯/૦૩/૨૦૨૫ના રોજ ડાઉનપેમેન્ટ પેટે આપેલ રૂ. ૧.૪૯ લાખ મેળવી પાવતી આપી ન હતી.

કંપનીના ત્રીજા કસ્ટમર ચેતનભાઈ ધીરૂભાઈ વોરાને ફોન કરતા જણાવેલ કે, મારે બ્રેઝા ગાડી ખરીદ કરવાની હોય જયભાઈ ડોડીયાને હતો અને તા.૦૪/૦૪/૨૦૨૫ ના રોજ જયને બુકીંગ પેટે રૂ. ૫૧,૦૦૦ રોકડા આપેલ હતા જેની સામે ફક્ત રૂ. ૫ હજારની પાવતી આપેલ હતી.

બસમાં જય ડોડીયાને આ બાબતે પુછપરછ કરતા દર્શનભાઈ જોગડીયા પાસેથી કુલ રૂ.૧.૯૨ લાખ રોકડ, રાહુલભાઈ ભેસાણીયા પાસેથી રૂ.૧.૯૯ લાખ રોકડા લીધેલ અને ૫૦ હજારની પાવતી આપ્યાની તેમજ ચેતનભાઈ વોરા પાસેથી રૂ.૫૧ હજાર રોકડા લિધેલ હતા જેમાંથી રૂ.૫ હજારની પાવતી આપેલ હતી. આમ ત્રણેય કસ્ટમર પાસેથી કુલ રકમ રહે. ૪.૪૨ લાખ લિધેલ હતા જેમાથી રૂ.૫૫ હજારની પાવતી આપેલ હતી અને બાકીના રૂ. ૩.૮૭ લાખ અંગત ઉપયોગમાં વાપરી નાખ્યાનું જણાવ્યું હતું.

મામલામાં કટારીયા ઓટોમોબાઈલ્સના જનરલ મેનેજરે ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે ઠગાઈની કલમો હેઠળ ગુનો નોંધી જય ડોડીયા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. મામલાની તપાસ પીએસઆઈ એસ પી ચૌહાણ ચલાવી રહ્યા છે.

# ન્યુશક્તિ સોસાયટીમાં બીમારીથી કંટાળી પ્રૌઢેનો કર્યો આપઘાત

## આધેડે ઝેરી દવા પી જીવા દોરી ટૂંકાવી લેતા પરિવારમાં અરેરાટી

**અબતક રાજકોટ**

શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશન વિહતમાં આવેલ જીવ શક્તિ સોસાયટી શેરી નંબર એક વિમાનના દવાખાના પાછળ રહેતા પ્રૌઢે વાની બીમારી થી કંટાળી ઝેરી દવા પી લેતા મોત થયું હતું આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ન્યુ શક્તિ સોસાયટી શેરી નંબર એક વિમાના દવાખાના પાછળ રહેતા કાંતિભાઈ રવજીભાઈ પાડલીયા "૭૦"ગઈકાલે બપોરે ૧૨ વાગ્યે ગુંદાવાડી રણછોડભાઈ સાબુવાળા ના ઘરની સામે હતા ત્યારે ઝેરી દવા પી લેતા સિવિલમાં ઈમરજન્સીમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન ૨૩/૪ બપોરે ત્રણ વાગે મૂર્ત્યુ નિપજ્યું હતું પ્રાથમિક તપાસમાં કાંતિભાઈ છેલ્લા ઘણા સમયથી વાની બીમારી હોય બીમારી તેમણે ઝેર પી જીવા દોરી ટુકાવી લીધા ન બનાવમાં ભક્તિનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેશભાઈ ગગજીભાઈ એ તપાસ હાથ ધરી છે

# તરબૂચ બગડેલા નીકળતા ફુટના વેપારીએ વધુ પડતી દવા ખાઈ લીધી

## તાલાલાના ખેડૂતે નુકસાનીના પૈસા કાપી દેવાના બદલે ધાક ધમકી આપતા ભર્યું પગલું

**અબતક રાજકોટ**

તાલાલા થી મંગાવેલા તરબૂચ ની ગાડી ખરાબ નીકળતા ફ્રુટના ધંધાર્થીએ ખેડૂત પાસેથી વળતર અને નુકસાનીની માંગણી કરતા પૈસા દેવાના બદલે ધાકધમકી મળતા હતાશ થઈ વેપારીએ દવા પી લીધા નો બનાવ નોંધાયો છે

આ અંગે પ્રાપ્ત થતી વિગત મુજબ એ ડિવિઝન પોલીસ મથક ની હદમાં આવેલ ભવનાથ પાર્ક હરી ગંગા રોડ શેરી નંબર ૮ માં રહેતા અને ફ્રુટ નો ધંધો કરતા ગૌરાંગભાઈ રમેશભાઈ સોલંકી '૪૨'' એ ગઈકાલે પોતાની ઘેર કરણપરા ચોક નજીક ખંજવાળ ની વધારે પડતી દવા પી લેતા અર્ધબેભાન હાલતમાં સિવિલમાં સારવારમાં ખસેડવામાં આવ્યા હતા, બનાવના કારણ અંગે ગૌરાંગભાઈએ જણાવેલ કે તેમણે તાલાલા થી ચાર ગાડી તરબૂચ મંગાવ્યા હતા જેમાંથી ત્રણ ગાડી નો માલ ખરાબ નીકળતા માલ મોકલનાર તાલાલાના વિજય રામ પાસે નુકસાનીના વળતરના પૈસા કાપી દેવા જણાવતા વળતર આપવાના બદલે વિજય રામે ઝઘડો કરી ધાક ધમકી અને દબાણ કરતાં ડિપ્રેશનમાં આવી પોતે દવા પી લીધાનું ગૌરાંગભાઈએ જણાવ્યું હતું એ ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે

# રામ રણુજા સોસાયટી ના અપરણિત યુવાને ડિપ્રેશનમાં આવી ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ લીધા

**રાજકોટ અબતક**

રાજકોટ શહેરના બી ડિવિઝન પોલીસ મથક ની હદમાં આવેલ રામ રણુજા સોસાયટી રણુજા મંદિર પાસે માનસિક ડિપ્રેશન ના કારણે અપરણિત યુવાને ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ લેતા સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવતા સમયસરની સારવારથી યુવાનનો જીવ બચી ગયો હતો,

રામ રણુજા સોસાયટી માં રહેતા રાજ જયેશભાઈ ભટ્ટી ૨૬ એ મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પેરિસ હેર સલૂન પર હતા ત્યારે અગમ્ય કારણોસર ઘવમાં નાખવાના ટીકડા ખાઈ લેતા મિત્ર સુરેશભાઈ અને તેના સાથીદારોએ તાત્કાલિક સિવિલ ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા, દર્દીના મિત્ર સુરેશભાઈએ જણાવ્યું હતું કે રાજ ના લગ્ન થયા નથી પપ્પા ના અવસાન બાદ મમ્મી સાથે રહે છે છેલ્લા કેટલાક સમયથી ડિપ્રેશનમાં હોવાના કારણે તેણે આ પગલું ભરી લીધું હતું સમયસરની સારવારથી અત્યારે રાજને ભયમુક્ત જાહેર કરાયો હતો

# લુંટેરી દુલ્હનની મદદથી યુવકને છેતરનાર ચાર શખ્સ જામીન મુક્ત

## વચેટિયા મારફતે યુવક સાથે પરપ્રાંતીય યુવતીને પરણાવીને ૩.૪૩ લાખની છેતરપિંડી કરી 'તી

**અબતક રાજકોટ**

વચેટિયા મારફત પરપ્રાંતીય યુવતી સાથે લગ્ન બાદ કન્યા લૂંટેરી દુલ્હન બની નાસી છુટ્યા બાબતે વચેટિયા સહિત સામે નોંધાવેલી ઠગાઈ છેતરપિંડીની ફરિયાદમાં અદાલતે પકડાયેલા આરોપીઓને રિમાન્ડ ઉપર લેવાની પોલીસની અરજી નામંજૂર કરીને ચારેયના જામીન શરતી મંજૂર કર્યા છે. આ કામના ફરિયાદી જાગૃતીબેન રમેશભાઈ સલાટે રાજકોટ શહેરના આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના પુત્ર કિશોરના લગ્ન પરપ્રાંતીય મયુરી ગણેશભાઈ બોરકર સાથે વચેટિયા વિજયભાઈ, કોમલબેન રાહુલભાઈ શાહ તથા જીતેન્દ્રભાઈ દુલીચંદભાઈ રોકડની મધ્યસ્થીથી થયા હતા, તેમાં રૂા. ૧,૭૫,૦૦૦ સહિત જુદી જુદી રીતે કુલ રૂપિયા ૩.૪૩ લાખ ચૂકવ્યા હતા. દરમિયાન લગ્નના થોડા સમય બાદ દુલ્હન મયુરી તેના સંબંધી અનુષ્કાબેન શ્યામચરણ રાઉત સાથે પોતાના વતનમાં જતા રહીને પરત ન આવતા તમામ આરોપીઓએ ફરિયાદી તથા સાહેદ સાથે. ૩.૪૩ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવાઈ હતી. જે ફરીયાદને અનુસંધાને પોલીસે ચાર આરોપીઓની ધરપકડ કરી ધોરણ ની કાર્યવાહી બાદ રૂપીયાની રિકવરી કરવા માટે રીમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરતા આરોપીઓના એડવોકેટોની ધારદાર દલીલોને ધ્યાને લઈને લોઅર કોર્ટે આરોપીઓને રિમાન્ડ ઉપર લેવાની પોલીસની અરજી નામંજુર કરી દરેક આરોપીઓને રૂા.૨૫,૦૦૦ના શરતી જામીન ઉપર છોડવાનો હુકમ કર્યો હતો. આ કામમાં આરોપીના બચાવ પક્ષે એડવોકેટ ચીમનભાઈ ડી.સાંકળીયા, નિકુંજભાઈ સાંકળીયા, ઉદયભાઈ ચાંવ, અતુલભાઈબોરીચા, પ્રકાશભાઈ કેશુર, સોનલબેન બારોટ, હરેશ ખીમસુરીયા, રણજીત સાંખટ, પુનમબેન સોંદરવા, તથા તુર્ષાજ સોલંકી વગેરે રોકાયા હતા.

# શહેરમાં વધુ એક સીટી બસ બની બેફામ

## ભૂતખાના ચોક પાસે એકટીવાને ઠોકરે લીધું



શહેરના નાગરિકોની સવલત માટે સીટી બસ સુખના બદલે દુઃખનું કારણ બનતી હોય તેમ તાજેતરમાં જ સીટી બસના ગોઝારા અકસ્માતમાં ચાર ચાર નિર્દોષ નગરજનોના ભોગ લેવાયાની ઘટનાની શાહી હજુ સુકાય જ નથી ત્યાં આજે શહેરમાં વધુ એક વાર સીટી બસ બેફામ બની હોય તેમ ભુતખાના ચોક પાસે એકટીવા મોટરસાયકલને ઠોકરે ચલાવતા યુવાન ને ગંભીર ઈજા થઈ હતી,

શહેરમાં સીટી બસનું સંચાલન વ્યવસ્થિત થાય અને અકસ્માત નિમિત બન્યા વગર સીટી બસ લોકોની સેવા કરી શકે તે માટે અનેક પ્રયત્નો અને તાજેતર માં ચાર ચાર નો ભોગ લેવાયાની ઘટના બાદ સીટી બસ ની ફિટનેસ થી લઈ ચાલકોની લાયકાત અને ટ્રાફિક વ્યવસ્થા માટે તંત્ર એ ભારે કમર કશી છે ત્યારે આ બધી વ્યવસ્થા જાણે કે અકસ્માત બાદ સલામતીની વાતો સ્મશાન વૈરાગ્ય જેવી સાબિત થવાની હોય તેમ મોટી દુર્ઘટનાને હજુ એક અઠવાડિયાનો સમય પણ વિતયો નથી ત્યાં ભૂતખાના ચોક પાસે સીટી બસ એ બેફામ બનીને એકટીવા ને ઠોકરે ચડાવી છે.. શહેર વચ્ચે વારંવાર માતેલા સાંઢ જેવી બની જતી સીટી બસ વારંવાર અકસ્માતનું કારણ ન બને તેવી સંગીન વ્યવસ્થાની હવે જરૂર છે

# ૨૦ લાખની કરચોરીના ગુનામાં ઘનશ્યામ પટેલ નિર્દોષ

## પાંચ કરોડના સ્ક્રેપનું સેલ ટેક્સના બોગસ નંબરના આધારે વેચાણ કરી સરકાર સાથે છેતરપિંડી કરી તી

**અબતક રાજકોટ**

રૂપિયા પાંચ કરોડના સ્ક્રેપનું બોગસ સેલ ટેક્સ નંબરના આધારે વેચાણ કરી અને ખોટા નામે બેન્ક ખાતું ખોલી રૂપિયા ૨૦ લાખની કરચોરી કરી સરકાર સાથે છેતરપિંડીના ૧૮ વર્ષ પહેલાના કેસમાં ભચાઉ અદાલતે રાજકોટના આરોપી ઘનશ્યામ બાબાભાઈ પટેલનો નિર્દોષ છુટકારો ફરમાવ્યો છે.આ કેસની હકીકત મુજબ, ૨૦૦૭ના જાન્યુઆરી માસમાં ભચાઉ સેલ્સ ટેકસ ચેક પોસ્ટ ઉપર ચેકિંગ દરમિયાન ઘનશ્યામ બાવાભાઈ પટેલ (રહે. રાજકોટ) તથા અન્ય શખસોએ કાવતરૂ રચી એસ.આર.ઈન્ડસ્ટ્રીઝ જુનાગઢના નામના ખોટા બિલ, જૂનાગઢ વેચાણ વેરા કચેરીના સર્ટિફીકેટમાં છેડછાડ કરી બેન્કમાં એસ.આર. ઈન્ડસ્ટ્રીઝના નામે ખોટું એકાઉન્ટ બનાવી, વરસાણા ઈસ્પાત લી.માં ખોટા બિલોથી પાંચ કરોડ જેટલો લોખંડનો ભંગાર મોકલાવી, વરસાણા ઈસ્પાત લી. દ્વારા ચેકથી ચુકવેલ ચાર ટકા ટેક્સ સહીતની રકમ બેન્કમાંથી ઉપાડી અને ટેક્સની રકમ રૂપિયા વીસ લાખ વેચાણ વેરા ખાતામાં જમા નહી કરાવી ગુજરાત સરકારના વેચાણ વેરા ખાતાના ટેકસના રૂપિયા વીસ લાખ ઓળવી જઈ સરકાર સાથે છેતરપિંડી કરવા સબબ ભચાઉ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી આરોપીઓની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી બાદ આરોપીઓ વિરૂધ્ધ ભચાઉની કોર્ટમાં ચાર્જશીટ દાખલ થયું હતું.

આ કેસ ભચાઉ કોર્ટમાં ચાલવા ઉપર આવતા આરોપીઓના એડવોકેટએ પોતાની દલીલમાં એવું જણાવેલ કે હાલના કેસમાં ફરિયાદ પક્ષ દ્વારા વાદગ્રસ્ત બિલો તથા આરોપીની સહીઓ એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ હોવાનું રેકર્ડ પર હોવા છતાં ફરીયાદ પક્ષ દ્વારા એફ.એસ.એલ.નો અભિપ્રાય કોર્ટના રેકર્ડ ઉપર લાવવામાં ફરિયાદ પક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ હોય તેમજ તમામ સાહેદોનો પુરાવો સદંતર એક બીજાથી વિરોધાભાષી છે એવી દલીલો ધ્યાને લઈને એડિશનલ ચીફ જ્યુટિશિયલ મેજિસ્ટ્રેટે ફરિયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધ પોતાનો કેસ નિઃશંકપણે પૂરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય એવું ઠરાવી તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવ્યો હતો. આ કામમાં આરોપી વતી રાજકોટના વરિષ્ઠ ધારાશાસ્ત્રી શ્યામલભાઈ સોનપાલ, મનોજભાઈ તંતી, નિલેષભાઈ વેકરીયા, મલ્હાર સોનપાલ, અજય દાવડા, મિત સોમૈયા, યશ ચોરેલા, જીગર દતાણી રોકાયા હતા.

# ૯૯-મેરીગોલ્ડ એપાર્ટમેન્ટના રહીશોની ફરિયાદને પગલે બિલ્ડરને ગ્રાહક કોર્ટનું તેડું

## બ્રોશરમાં દર્શાવેલા સાધનો, સગવડો નહીં આપ્યાની ફ્લેટધારકોની રાવ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં નાનામવાના વિમલનગર મેઈન રોડ ઉપર રાધે હોલની સામે, આવાસ યોજનાની બાજુમાં '૯૯ મેરીગોલ્ડ' નામની રહેણાંકની બહુમાળી ઈમારતમાં બિલ્ડર્સ દ્વારા પ્રોજેક્ટના બ્રોશરમાં દર્શાવેલી ફેસેલીટીસ, એમેનિટીસ પ્રોજેક્ટ કમ્પલીટ થયા બાદ નહીં અપાતાં ૬૭ જેટલા ફ્લેટહોલ્ડરો દ્વારા ગ્રાહક તકરાર કમિશનમાં ફરિયાદ થતા બિલ્ડરને આગામી મુદતે હાજર થવા ફરમાન થયું છે.

આ અંગેની હકીકત મુજબ ૯૯-મેરીગોલ્ડ પ્રોજેક્ટનું બાંધકામ કરવા માટે સને-૨૦૨૧માં બાંધકામ પ્લાન રા.મ્યુ.કોર્પો.માં મંજુર કરાવ્યા બાદ કંમ્પલીશન સર્ટિફિકેટ તા. ૧૧/૧/૨૪ના રોજ મેળવ્યા બાદ આશરે ૭૦ જેટલા ફલેટના બિલ્ડરે વેચાણ દસ્તાવેજ કરી આપ્યા હતા.

દરમિયાન બિલ્ડરે ફ્લેટ વેંચાણ કરતી વખતે કરેલા બ્રોશરમાં વિવિધ ફેસેલીટી અને એમેનીટીઝ જેવી કે, ઓપન એર થિયેટર, ગઝેબો, મંદિર, વોકિંગ ટ્રેક, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, ફાયર ફાઈટીંગ સિસ્ટમ, ૨૪ કલાક સિક્યુરીટી, કોમન બોર, ઈલેક્ટ્રીક રૂમ, જનરેટર વિગેરે આપવાનો ઉલ્લેખ કરેલ. તેમજ દરેક બાબતે સારી ગુણવતાના મટીરીયલ્સના વપરાશ અને સુવિધાઓ બતાવી ફ્લેટ વેચાણ કર્યા હતા. ફ્લેટનો કબ્જો મેળવી સ્થળ ઉપર રહેવા જતા ફ્લેટધારકોને માલુમ પડેલ કે, ઓપન થિયેટરના નામે ચિલાચાલુ કંપનીનું પ્રોજેક્ટર આપી દીધેલ, તેની ઈલેક્ટ્રીક લાઈન કે વિઝયુઅલ સ્ક્રીન, ઓપન થિયેટર સ્પીકર વિગેરે આપેલ નથી. ગઝેબોના નામે લોખંડના પાઈપ ઉપર છાપરા નાખી ઝુંપડું બનાવેલ. અગાસી સહિતની ફ્લોરિંગ ટાઈલ્સમાં હલકું મટીરીયલ વપરાશ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ બ્રોશરમાં બતાવ્યા છતાં બનાવવામાં આવેલ નથી. ફાયર ફાઈટીંગ સિસ્ટમના કોઈ ગેરેંટી વોરંટી કાર્ડ ફ્લેટ ધારકોને આપવામાં આવેલ નથી, આ ઉપરાંત બ્રોશરમાં એમિટીઝ ફેસીલીટીસ નહીં અપાતા આ બાબતે બિલ્ડરને મળતા તેણે અલગ અલગ બહાનાઓ કરી સમય વ્યતિત કરેલ છે. અને છેલ્લે થાય તે કરી લેવા જેવો તોછડો જવાબ આપેલ છે. જેથી ૮૦માંથી ૬૭ ફ્લેટધારકોએ ગ્રાહક કમિશનમાં કુલ ૬૭ ફરીયાદ કરી છે. બહોળા સમુદાયના આ પ્રશ્નની ગંભીરતા ધ્યાને લઈ ગ્રાહક ફરિયાદ નિવારણ કમિશને ફ્લેટધારકોને અને બિલ્ડર યોગેશ વલ્લભદાસ ઘોડાસરાને આગામી મુદતે રૂબરૂ હાજર રહેવા આદેશ કર્યો છે. આ કામમાં ૯૯-મેરીગોલ્ડના ૬૭ ફ્લેટધારકો વતી એડવોકેટ દરજજે વિકાસ કે. શેઠ, અલ્પા શેઠ, પ્રકાશ બેડવા, ફાતેમાં ભારમલ રોકાયા છે.

# જસદણ-વિંછીયા પોલીસે રૂ.૪૪ લાખનો દારૂ નાશ કર્યો

**અબતક, હિતેશ ગોસાઈ,જસદણ**

જસદણ અને વિંછીયા પોલીસ સ્ટેશનની ટીમે દારૂબંધી કાયદાને સખત રીતે અમલમાં મૂકવાના પ્રયાસોમાં મોટી સફળતા હાંસલ કરી હતી. ૧૧ પ્રોહિબિશન ગુન્હાઓમાં જપ્ત કરાયેલ ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૭,૬૬૧ બોટલો, જેની કિંમત રૂ. ૪૪,૧૪,૫૬૩ હતી તેનો જસદણના વીંછીયા રોડ પર આવેલ જુના પોલીસ સ્ટેશનની ખુલ્લી જગ્યામાં નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરી ગેરકાયદેસર દારૂના વેચાણ સામે લડવાની પોલીસની પ્રતિબદ્ધતાનું ઉજ્જ્વળ ઉદાહરણ હતું. જસદણ સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ આર.આર.ખાંભરાના નેતૃત્વમાં હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં જસદણ પોલીસ ઈન્સ્પેકટર ટી.બી.જાની, વિંછીયા પોલીસ ઈન્સ્પેકટર જે.પી.રાવ, નશાબંધી અને આબકારી વિભાગના અધિકારી પી.બી.હિંગરાજીયા, પ્રાંત કચેરીનો સ્ટાફ તથા બંને પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સફળ કામગીરીએ સ્થાનિક સમુદાયમાં ગુજરાતના દારૂબંધી કાયદા પ્રત્યે વિશ્વાસ જગાડ્યો હતો. આ પગલું ગેરકાયદેસર દારૂના વેપારને નાથવા અને સમાજમાં સકારાત્મક વાતાવરણ ઊભું કરવાની દિશામાં મહત્વનું યોગદાન આપશે. જસદણ અને વિંછીયા પોલીસની આ પ્રશંસનીય કામગીરી અન્ય વિસ્તારો માટે પણ પ્રેરણાદાયી બની રહેશે.

## શહેરમાં વધુ એકવાર તબીબી બેદરકારી

# ૧૧ માસની મીતાંશ્રી બાનો ગળાની ગાંઠના ઓપરેશન બાદ જીવનદીપ બુઝાઈ ગયો

## ઓપરેશન બાદ પરિવારજનોની જાણ બહાર અન્ય હોસ્પિટલમાં રીફર કરી દેવાય, તબીબી બેદરકારીનો પરિવારનો આક્ષેપ

**અબતક રાજકોટ**

જામનગર જિલ્લાના રવાણી ખીજડીયા ના ક્ષત્રિય પરિવાર ની ૧૧ મહિનાની માસુમ દીકરીનું ગળા ના ઈન્ફેક્શન ના નિદાન બાદ થયેલા ઓપરેશન પછી બાળકી નું મૃત્યુ નીપજયાના બનાવમાં તબીબી બેદરકારી નો પરિવારે આક્ષેપ કર્યો છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ રવાણી ખીજડીયા ના જનકસિંહ જાડેજા ની ૧૧મહિનાની દીકરી મિતાશ્રી બા ને ગળામાં સોજો આવતા રાજકોટ નાના મવા રોડ પર આવેલ કિસ હોસ્પિટલમાં તબિયત બતાવતા ગળામાં ઈન્ફેક્શન નું નિદાન થયું હતું અને માં શારદા હોસ્પિટલમાં ઓપરેશન માટે રિફર કરવામાં આવી હતી અને ડોક્ટર જીતેન્દ્ર ગાંધી દ્વારા સાંજના સાત એક વાગે ઓપરેશન કરવામાં આવ્યું હતું, ઓપરેશન બાદ પરિવારજનો ને કોઈ જાણ કર્યા વગર બેભાન અવસ્થામાં મિતાશ્રી બા ને સૌરાષ્ટ્ર હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી જ્યાં તેનું મૃત્યુ નીપજ્યું હતું.

મિતાશ્રી બા ના પિતા જનકસિંહ જાડેજાએ આક્ષેપ કર્યો છે કે જ્યાં ઓપરેશન થયું ત્યાં ઓક્સિજન કે વેન્ટિલેટર ની કોઈ વ્યવસ્થા ન હતી, અને મારી દીકરીને અમારી જાણ વગર જ સૌરાષ્ટ્ર હોસ્પિટલમાં મોકલી દેવામાં આવી રસ્તામાં બે વાર ટ્રાફિક પોઈન્ટ પર ઓક્સિજન કે વેન્ટિલેટર વગરની એમ્બ્યુલન્સ ટ્રાફિકમાં રોકાઈ જતા કલાકનો સમય વીતી ગયો હતો અને ઓક્સિજનના અભાવે મારી દીકરીનું મૃત્યુ નીપજ્યું હતું.



માં શારદા હોસ્પિટલમાં રાત્રે તબીબ ન હોવાથી સૌરાષ્ટ્ર હોસ્પિટલમાંમિતાશ્રી બા ને રીફર કરાઈ હોવાનો હોસ્પિટલ નો બચાવ

જામનગરના રવાણી ખીજડીયા નીમિતાશ્રી બા જનકસિંહ જાડેજા નું ઓપરેશન બાદ મૃત્યુ થયાની ઘટનામાંમાં શારદા હોસ્પિટલ ના સંચાલકોએ બાળકીને હોસ્પિટલમાંથી ઓપરેશન બાદ તાત્કાલિક રીફર કરવા ના કારણોમાં જણાવ્યું હતું કે હોસ્પિટલમાં રાત્રે ફરજ પર કોઈ તબીબ ન હોવાથી ઓબ્ઝર્વેશન માટે સૌરાષ્ટ્ર હોસ્પિટલમાં રીફર કરવામાં આવી હતી પરિવારજનોએ એવો આક્ષેપ કર્યો છે કે જો રસ્તામાં ઓક્સિજન અને વેન્ટિલેટરની પૂરતી સુવિધા હોત તો દીકરી બચી ગઈ હોત..



સૌરાષ્ટ્ર હોસ્પિટલ દ્વારા આ અંગે પોલીસમાં જાણ કરતા માલવિયા નગર પોલીસ હેડ કોન્સ્ટેબલ કેજી ઝાલા અને સ્ટાફ હોસ્પિટલ દોડી આવ્યા હતા અને જરૂરી કાર્યવાહી કરી બાળકીના મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો પરિવારે ફરિયાદ નોંધવા માંગ કરી છે મતાંશીબા એક ભાઈ અને એક બહેનમાં નાના હતા, પરિવાર એક તબક્કે મૃતદેહ સ્વીકાર વાનો ઈનકાર કરી દેતા તંત્ર ને દોડધામ થઈ જવા પામી હતી

### મારી દીકરીનું ડોક્ટરની બેદરકારીના કારણે મૃત્યુ થયું છે : જનકસિંહ જાડેજા

૧૧ માસની મૃતક બાળકીના પિતા જનકસિંહ જાડેજાએ અબતક મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મારી ૧૧ માસની બાળકીને સામાન્ય તાવ આવતા ક્રિસ્ટલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી જે બાદ નાના મોવા રોડ પર આવેલ મા શારદા હોસ્પિટલમાં રીપેર કરવામાં આવી હતી. હોસ્પિટલ દ્વારા રીફર કરીને ઓપરેશન કરવામાં આવ્યું હતું જેના મેં ૪૨ હજાર રૂપિયા ચૂકવ્યા હતા. અને અમને કોઈ પણ જાતના બિલ પણ આપવામાં આવ્યું નથી અને અમને જાણ કર્યા વગર અહીંથી સૌરાષ્ટ્ર હોસ્પિટલમાં રીફર



કરી દેવામાં આવી હતી. ત્યારે મારી બાળકીને વગર વેન્ટિલેટર કે ઓક્સિજન વગર લઈ જવામાં આવી હતી જેમાં મારી બાળકીનું મૃત્યુ થયું હતું ત્યારે આવું બનાવો કોઈ અન્ય લોકો સાથે ન બને અને અમને ન્યાય મળવો જોઈએ . મારી દીકરી ને કોઈપણ જાતની બીમારી ન હતી. માત્ર ત્રણ દિવસથી તાવ આવતો હતો મારી દીકરીનું ૧૦:૦૦ વાગ્યા આસપાસ મૃત્યુ થયું હતું. ત્યારે અહીંથી મને ૧૧:૩૦ વાગ્યે જાણ કરવામાં આવી. મારી દીકરીનું ડોક્ટર જીતેન્દ્ર દાઢી દ્વારા સારવાર ચાલુ હતી ત્યારે આ પૈસાના લાલચું માણસ છે ત્યારે અમારી માંગ છે કે આ ડોક્ટરનું લાઈસન્સ રદ થાય જેથી આ ડોક્ટર દ્વારા કોઈનું ઓપરેશન ન કરી શકે જેથી કોઈ પરિવાર તેનું સ્વજન ના ગુમાવે.

## લીલા હોતી જુની નાતર, જો પેં વલ્લભપ્રભુ પ્રગટ ન હો તે વસુધા રહેતી સુની નાતર

# પુષ્ટિ પ્રવર્તક શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો આજે પ્રાગટ્યોત્સવ

## વલ્લભાચાર્યજીના ૫૪૮ પ્રાગટય દિને શોભાયાત્રા અને ધર્મસભા સહિત કાર્યક્રમ



**અબતક,રાજકોટ**

કયાંક કયાંક પાંડિત્ય છે પરંતુ જયાં પાંડિત્ય છે ત્યાં બધા વેદની સાચી જાણકારી નથી. કયાંક ભકિતમાર્ગ સાથે વેદનું જ્ઞાન છે તો તે મુજબનો આચાર નથી. કયાંક વૈદિક ધર્મનું આચરણ છે પણ ભકિતમાર્ગની જાણકારી નથી. કયાંક આ બધા સાથે ભકિત પણ છે. છતાં શ્રી વ્રજપતિ કૃષ્ણ માં પ્રેમ નથી. આ સર્વે ગુણો એકમાત્ર શ્રી વલ્લભમાં જ છે. અન્યત્ર આ સર્વે ગુણો એક સાથે જોવામાં આવતા નથી. તેવા

શ્રી પુષ્ટિ પ્રવર્તક શ્રી વલ્લભાચાર્યજીનો ૫૪૮ પ્રાકટય દિન વિશ્વમાં દેશભરમાં ઉજવાઈ રહયો છે. માયાવાદનું ખંડન કરી શુદ્ધાદ્વૈત-બ્રહ્મવાદનું સ્થાપન કરવા પ્રગટ થયેલા શ્રી વલ્લભાચાર્યજીનું પ્રાકટય વિ.સં. ૧૫૩૫ ના ચૈત્ર વદ એકાદશીને રવિવારે છતીસગઢ ના રાયપુર નજીક આવેલા ચંપારણ્યમાં થયુ હતું. આજથી પાનસો વર્ષ ઉપર જયારે ભારતીય સંસ્કૃત અને હિંદુ ધર્મ પર ભયંકર આફત હતી તે વખતે દક્ષિણના કેટલાય સંતોએ ભારતના ધર્મની રક્ષા કરી હતી. તેમાં શ્રી વલ્લભાચાર્યજીનો ફાળો અનન્ય હતો. શ્રી મહાપ્રભુજીને બાલ સ્વરૂપે સાથે લઈ પિતા લક્ષ્મણ ભટ્ટ તથા માતૃશ્રી ઈલ્લમાજી સાથે કાશીમાં સ્થિરવાસ કરીને રહયા અને આઠ વર્ષની વયે યજ્ઞોપવિત સંસ્કાર કર્યા અને ગોપાલમંત્રીની દિક્ષા આપી. માત્ર બે જ વર્ષમાં વેદ, વેદાંત, દર્શન, પુરાણ, કાવ્ય વગેરે વિષયોમાં અભૂતપૂર્વ નિપૂણતા મેળવી લીધી હતી. તથા અન્ય સંપ્રદાયોના ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો હતો. આપની આવી અત્યંત કુશાગ્ર બુધ્ધિના અદભૂત પ્રભાવથી કાશીના વિદ્વાનો આશ્ચર્યચકિત થયા અને બાલ સરસ્વતી તથા વાકપતિ કહીને આદરથી બોલાવતા હતા.

શ્રી મહાપ્રભુજી તેમના બાવન વર્ષના ભૂતલ પર જીવનકાળ દરમ્યાન ત્રણ વખત ભારતની પરિક્રમાઓ કરી હતી. આજથી પાનસો વર્ષ પૂર્વે કોઈ રસ્તાની સગવડ નહિ, વાહનોની સગવડ નહિ. આ પરિક્રમા દરમ્યાન આપે જયાં જયાં શ્રી ભાગવતજી, ગીતા કે અન્ય ધર્મગ્રંથોનું પારાયણ કર્યુ હતું તે સ્થળને બેઠકજીના નામથી દેશભરમાં ઓળખાય છે. શ્રી મહાપ્રભુજીની કુલ ૮૪ બેઠકજી છે કે જે સમગ્ર દેશમાં આવેલી છે. જે પૈકી ૨૪ બેઠકજી વ્રજમંડલમાં, ૨૨ બેઠકજી ગુજરાતમાં તેમજ અન્ય બેઠકજી રામેશ્વર થી બદ્રિનાથ અને જગન્નાથપૂરી થી દ્વારકા સુધી સમસ્ત ભારતમાં છે. તેમાંથી કેટલીક બેઠકજી આજે અપ્રગટ છે. આ બેઠકજીઓ પુષ્ટિમાર્ગના પવિત્ર તિર્થસ્થાનો છે. આપશ્રીના જીવનકાળમાં (અનુ. આઠમા પાને)

## રાજયમાં ૨૦ બેઠકજી પર શ્રીમદ વલ્લભાચાર્ય પ્રાગટય ઉત્સવના વધામણાં

### સોમનાથ, ગુપ્ત પ્રયાગ માધવપુર અને જુનાગઢ સહિત બેઠકોમાં વૈષ્ણવો દ્વારા ધામેધૂમે ઉજવણી

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

ચૈત્ર વદ એકાદશીના પાવનકારી દિવસે વંદનીય શ્રીમદ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો પ્રાગટય ઉત્સવ છે.સોમનાથ, પ્રભાસ પાટણમાં ત્રિવેણી સંગમ પાસે આવેલ ગોલોક ધામ સંકુલમાં વલ્લભાચાર્યજીની બેઠક આવેલ છે. એમ કહેવાય છે કે આ સ્થાને વલ્ભભાચાર્ય મહાપ્રભુજીએ સાત દિવસ સુધી શ્રીમદ ભાગવત કથાનું પારાયણ કર્યુ હતું. અને સમગ્ર ભારતમાં આવી ૮૪ બેઠકો છે. જેમાંની આ ૬૫મી બેઠક છે.



ગીર સોમનાથના ઉના પાસે આવેલ દેલવાડા નજીક ગુપ્ત પ્રયાગ ખાતે પણ મહાપ્રભુજીની બેઠક આવેલ છે.

જે ૬૭મી બેઠક છે. જે સવંત ૧૫૬૬માં ગુપ્ત પ્રયાગ આવ્યાનું મનાય છે. જુનાગઢ ખાતે દામોદરરાય મંદિર અને મુચકંદ ગુફાના વચ્ચેના ભાગમાં મહાપ્રભુજીની બેઠક આવેલી છે. અહીં પણ મહાપ્રભુજીએ ભાગવત કથા કરેલ તે ૬૪મી બેઠક છે. માધવપુર ખાતે પણ દર્શનીય ૬૬મી બેઠક આવેલ છે.

મહાપ્રભુજીની ભારતમાં કુલ ૮૪ બેઠકો છે. જેમાંની ૨૦ ગુજરાતમાં છે. સુરત ૫૩મી બેઠક, ભરૂચ ૫૪મી બેઠક, મોરબી ૫૫મી બેઠક, જામનગર ૫૬મી બેઠક, ખંભાળી ૫૭મી બેઠક, પિંડતારક ૫૮મી બેઠક, મુળ ગોમતા ૫૯મી બેઠક, દ્વારકા ૬૦મી બેઠક, ગોપી તળાવ ૬૧મી બેઠક, બેટ શંખોદ્ધાર (દ્વારકા) ૬૨મી બેઠક, નારાયણ સરોવર ૬૩મી બેઠક, જુનાગઢ ૬૪મી બેઠક, પ્રભાસ પાટણ ૬૫મી બેઠક, માધવપુર ૬૬મી બેઠક, ગુપ્તપ્રયાગ ૬૭મી બેઠક, તગડી (અમદાવાદ) ૬૮મી બેઠક, નરોડા (અમદાવાદ) ૬૯મી બેઠક, ગોધરા ૭૦મી બેઠક, ખેરાલુ ૭૧મી બેઠક, સિદધપુર ૭૨મી બેઠકઆ આસ્થા સ્થાનકોએ વૈષ્ણવો દ્વારા ભકિતપ્રદ કાર્યક્રમો યોજાયા છે.

## જૈન સોશિયલ ગ્રુપ મીડટાઉનના પ્રમુખ પદે ચિરાગ દોશીએ શપથ લીધા

### મીડટાઉનના શપથવીધી કાર્યક્રમમાં ઉપપ્રમુખ પદે ફેનીલ મહેતા સેક્રેટરી પદે પરાગ દોશીએ શપથ ગ્રહણ કર્યા

**અબતક, રાજકોટ**

જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ મીડટાઉન ૨૦૨૫-૨૭નાં પ્રથમ પ્રોગ્રામ શપથ વિધીનાં કાર્યક્રમનું શાનદાર આયોજન શ્રી હેમુ ગઢવી મીની હોલ, ટાગોર રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ હતો.





સાલ ૨૦૨૫-૨૭ ની શપથવિધિ સમારોહમાં જેએસજી રાજકોટ મીડટાઉનનાં પ્રમુખ તરીકે ચિરાગભાઈ દોશી ને સૌરાષ્ટ્ર રીજીયન ચેરમેન સેજલભાઈ કોઠારી દ્વારા શપથ લેવડાવવામાં આવેલ હતા. ત્યારબાદ સૌરાષ્ટ્ર રીજીયનનાં સેક્રેટરી મેહુલભાઈ દામાણી દ્વારા ઓફીસ બેરર્સનાં ઉપપ્રમુખ ફેનીલભાઈ મહેતા, સેક્રેટરી પરાગભાઈ દોશી, જોઈન્ટ સેક્રેટરી હેમાંગભાઈ પારેખ, ટ્રેઝરર કિર્તીભાઈ દોશી તથા કમીટી મેમ્બરઓ બીપીનભાઈ મહેતા, ભરતભાઈ વખારીયા, તન્મયભાઈ શાહ, અમીષભાઈ દોશી, જીતેન્દ્રભાઈ લાખાણી, ઈલેશભાઈ લાખાણી, અતુલભાઈ મહેતા શપથવિધિ કરાવેલ હતી.

લેખક જવલંતભાઈ છાયા ઉપસ્થિત રહી પરિવારનું વિશ્વ અને વિશ્વનું પરિવાર વિષય ઉપર ખૂબ સારું વકતવ્ય આપેલ, મેમ્બરોએ આ વકતવ્ય ખૂબ વખાણેલ. ત્યારબાદ રસ પુરી સાથેનું ડીલીસીયસ ડીનરનો સભ્યમિત્રોએ ભરપુર આનંદ માણ્યો.

આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર રીજીયન ચેરમેન સેજલભાઈ કોઠારી, ફેડરેશનનાં આઈ.ડી. નિલેશભાઈ કામદાર, સૌરાષ્ટ્ર રીજીયનનાં વાઈસ ચેરમેન જયેશભાઈ વસા, સૌરાષ્ટ્ર રીજીયનનાં સેક્રેટરી મેહુલભાઈ દામાણી અને જોઈન્ટ સેક્રેટરી રાજેશભાઈ મોદી, રાજકોટ ઝોન કો-ઓર્ડીનેટર જીજ્ઞેશભાઈ મહેતા, સંગીની કનવીર સેજલબેન મનીષભાઈ દોશી, સૌરાષ્ટ્ર રીજીયન પી.આર.ઓ. હીરબેન એમ. દામાણી, સૌરાષ્ટ્ર રીજીયન એડમીન પી.આર.ઓ. મીરાબેન દોશીએ વિશેષ હાજરી આપી હતી. નવા વરાયેલા પ્રમુખ ચીરાગભાઈ દોશી તથા તેમની ટીમને વર્ષ ૨૦૨૫-૨૭ માટે શપથ ગ્રહણ કરાવેલ અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ હતા. કાર્યક્રમનું સુંદર સંચાલન ઉપપ્રમુખ ફેનીલભાઈ મહેતા દ્વારા કરવામાં આવેલ હતો.

## આતંકી હુમલાના વિરોધમાં પ્રભારી વિજયભાઈ રૂપાણીનું ચંદીગઢના માર્ગો પર વિરોધ પ્રદર્શન

### પંજાબના ભાજપ સહ-પ્રભારી ડો.નરેન્દ્ર રૈના, ડો.સુભાષ શર્માજી, વિનીત જોશી સહિતના અગ્રણીઓએ રેલી યોજી સખત શબ્દોમાં નિંદા કરી

**અબતક, રાજકોટ**

પહેલગામમાં થયેલી હૃદયદ્રાવક ઘટનાના પગલે સમગ્ર દેશમાં લોકોમાં ઊંડો શોક અને આક્રોશ જન્માવ્યો છે, જેના કારણે વિવિધ સંગઠનો અને નાગરિકો સ્વયંભૂ રીતે રસ્તા પર ઉતરી આવ્યા છે. તમામ વર્ગના લોકો, જેમાં રાજકીય નેતાઓ, સામાજિક કાર્યકરો, વેપારીઓ અને સામાન્ય નાગરિકોનો સમાવેશ થાય છે, આ આતંકવાદી હુમલાની સખત શબ્દોમાં નિંદા કરી રહ્યા છે. લોકો આ ઘટનાને કાયરતાપૂર્ણ કૃત્ય ગણાવી રહ્યા છે. વિરોધ રેલીઓ અને માર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં લોકો સૂત્રોચ્ચાર કરી રહ્યા છે અને પીડિતોને ન્યાય અપાવવાની માંગ કરી રહ્યા છે. આ પ્રદર્શનોમાં ત્રાસવાદ વિરૂદ્ધ અને (અનુ. આઠમા પાને)



## ભાજપના ભ્રષ્ટાચારને ઉજાગર કરશે કોંગ્રેસનો રથ

### અતુલ રાજાણી, ગોપાલ અનડકટ અને રમેશ ઝુંઝા સહિતના મહિલા આગેવાનો પ્રચારરથમાં જોડાયા





**અબતક, રાજકોટ**

ભારતીય જનતા પાર્ટીના ભ્રષ્ટાચારો ની સામે ની ઝુંબેશ માં શહેરમાં રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રચાર રથ ફેરવવામાં આવી શહેરભરમાં ભાજપના ભ્રષ્ટાચાર અંગેની પત્રિકા વિતરણ કરવામાં આવી હતી જેમાં રાજકોટ શહેરના વોર્ડ નંબર ૧૪માં ગોપાલભાઈ અનળકટ, પ્રવીણભાઈ, કાકડીયા, રમેશભાઈ ઝુંઝા, ભરતભાઈ શિયાળ, જયાબેન ચૌહાણ, પ્રતિમાબેન વ્યાસ, લાલજીભાઈ ચાંડપા, ફેનીલ વોરા, અશોકભાઈ મકવાણા વોર્ડ નંબર ૨ માં કૃષ્ણદતભાઈ રાવલ, નયનાબા જાડેજા, જીતુભાઈ ઠાકર મયુરભાઈ શાહ દેવેન્દ્રસિંહ રાણા વોર્ડ નંબર ૩માં અતુલ રાજાણી, જગદીશભાઈ મોરી, દિલીપભાઈ આસવાણી, વોર્ડ નંબર ૪માં શિવુભા જાડેજા, નંદાભાઈ ડાંગર, અલ્પેશ ટોપીયા, રામભાઈ (અનુ. આઠમા પાને)

### વોઈસ ઓફ લોયર આયોજિત

## એડવોકેટ સ્વ.રાજકુમારસિંહજી રાત્રિ પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો આજથી પ્રારંભ

### જજીશો અને ઓર્ગેનાઈઝર ઈલેવન વચ્ચે ફ્રેન્ડલી મેચ સાથે ઉદઘાટન સેરેમની: ૧૬ ટીમો વચ્ચે જંગ જામશે

**અબતક, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના ક્રિકેટ રસિકો માટે વોઈસ ઓફ લોયર આયોજિત આજથી ત્રી દિવસીય સ્વ એડવોકેટ રાજકુમારસિંહજી રાત્રી પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનો લાહવો લેવાનું અવસર પ્રાપ્ત થઈ રહ્યો છે. શહેરના જામનગર રોડ પરાપીપળીયા પાસે આવેલ કૃષ્ણા ક્રિકેટ ગ્રાઉન્ડમાં સાડા પાંચ વાગે વોઈસ ઓફ લોયર આયોજિત સ્વ એડવોકેટ શ્રી રાજકુમારસિંહજી ક્રીપાલસિંહજી પરમાર મેમોરિયલ રાત્રી પ્રકાશ ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.કૃષ્ણા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ૨૪, ૨૫ અને ૨૬ એપ્રિલ દરમિયાન રાત્રી પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટ માં ૧૬ વકીલ ટીમો વચ્ચે ચોક્કા છક્કા નો જંગ જામશે ટુર્નામેન્ટની ઉદઘાટન સેરેમનીનો જજીસ અને ઓર્ગેનાઈઝર વચ્ચે ફ્રેન્ડલી મેચ રમી



ઉજવણી કરવામાં આવશે આ ટુર્નામેન્ટને સફળ બનાવવા વોઈસ ઓફ લોયરના કન્વીનર ભગીરથભાઈ ડોડીયા, પરેશ મારુ, પ્રમુખ ઈન્દ્રસિંહ ઝાલા, સહ કન્વીનર જે બી શાહ ,ભાવેશ રંગાણી, ઉપપ્રમુખ અમિત વેકરીયા, નિલેશ અગ્રાવત, રવિ વાઘેલા, જોઈન્ટ સેક્રેટરી બિમલ જાની ,હિમાલય મીઠાણી અને જયેન્દ્ર ગોંડલીયા સહિતના મેમ્બરો દ્વારા જહેમત ઉઠાવી રહ્યા છે. ક્રિકેટ ઉદઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેવા વોઈસ ઓફ લોયર રાજકોટ ના યુવા એડવોકેટ રૂપરાજસિંહ પરમાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.





# પગના તળિયાની બળતરાને ન સમજો તો અનેક રોગને "નોતરૂ"

## પગમાં બળતરાની સમસ્યા થાઈરોઈડ ગ્રંથી સક્રિય ન હોવાને કારણે બને છે.



**અબતક, રાજકોટ**

પગના તળિયામાં બળતરાથી ઘણી પરેશાનીઓ થાય છે. પગના તળિયા ગરમ થઈ જવા, સુન્ન પડી જવા, કળતર થવી, ઝણઝણાટી થવી જેવી સમસ્યાઓ આવે છે. ખાસ કરીને રાતે આ સમસ્યા વધી જાય છે. આવી સ્થિતિમાં તળિયામાં થતી આ સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે પહેલા તેનું કારણ જાણવું જરૂરી છે. જેથી તળિયામાં થતી બળતરાનો ઉપાય કરી શકાય.થાઈરોઈડ ગ્રંથિની ઓછી સક્રિયતાને કારણે, થાઈરોઈડ હોર્મોન્સ શરીરમાં અસંતુલિત થઈ જાય છે. જેના કારણે નર્વ ડેમેજ થાય છે.

પગમાં બળતરાની સમસ્યા થાઈરોઈડ ગ્રંથિ સક્રિય ન હોવાને કારણે થાય છે.પોષક તત્વની કમીના કારણે પણ પગના તળિયામાં બળતરા થાય છે. વિટામીન બી૧૨ સિવાય ફોલેટ, થાયમીન, વિટામીન બીની કમીના કારણે પગના તળિયામાં બળતરા થાય છે.કેટલીક વખત પગની જો યોગ્ય રીતે સારસંભાળ ન લેવાતી હોય આપ હાઈજીનનું ધ્યાન ન રખાતું હોય કેટલીક વખત ફૂટવેર પણ આ સમસ્યાનું કારણ બની શકે છે.

ત્વચાને નુકસાન ન પહોંચાડે તેવા મટિરિયલ્સના ફૂટવેર પસંદ કરવા જોઈએ.

### વિટામિન બી૧૨ની ઉણપ

પોષક તત્વોની ઉણપને કારણે પણ પગમાં થાય છે. આજકાલ મોટાભાગના લોકો વિટામિન બી૧૨, વિટામિન બી૬, વિટામિન બી૯ એટલે કે ફોલેટની ઉણપથી પીડાય છે. આ વિટામિન્સની ઉણપને કારણે તળિયામાં બળતરા થાય છે. જેના કારણે પગ અને સ્નાયુઓ વચ્ચે તાલમેલનો અભાવ રહે છે. શરીરમાં રેડ બ્લડ સેલ્સની ઉણપથી એનિમિયા થાય છે જે વિટામિન બીની ઉણપને કારણે જ થાય છે. બીજી તરફ, જો એનિમિયાની સાથે નબળાઈ, સુસ્તી અને શ્વાસ લેવામાં તકલીફ હોય તો તે વિટામિન બીની ઉણપનો સંકેત છે.

### શરીરમાં પિત્તનું પ્રમાણ વધવાની સાથે પગ તળિયાની સમસ્યા શરૂ: ડો. સંજય જીવરાજાની

અબતક સાથેની વાતચીતમાં ગુજરાત આયુર્વેદિક મેડિકલ ઓફ યુનાની ના પ્રમુખ ડોક્ટર સંજય જીવરાજાની જણાવ્યું હતું કે ખાસ કરીને ઉનાળામાં શરીરમાં હીટ વધે છે તેને કારણે પાચન પ્રક્રિયા ધીમે બને છે અને શરીરમાં પિત્તનો વધારો થાય છે તેમને કારણે પણ પગના તળિયામાં બળતરા થાય છે તેમજ બી૧૨ની ખામી અને શરીરમાં યુરિક એસિડ નો વધારો થાય ત્યારે પણ આ સમસ્યાનો ભોગ બને છે ખાસ કરીને આ સમસ્યા નિવારવા માટે ઉનાળામાં દૂધ ,દહીં ,ખીર તેમજ સાકરટેટી પિત શામક વસ્તુઓ ખાવી નહીં દરરોજનું ત્રણથી ચાર કિલોમીટર ચાલવું



### બ્લડ સુગર નિયંત્રણમાં ન રહે તો આ સમસ્યાનો શિકાર

ડાયાબિટીક ન્યુરોપથી - જો લાંબા સમય સુધી બ્લડ સુગર નિયંત્રણમાં ન રહે તો તેનાથી રકતવાહિનીઓને નુકસાન થાય છે. જેના કારણે તેને સિગ્નલ મળવાનું બંધ થઈ જાય છે અને ઝણઝણાટી થાય છે. ડાયાબિટીક ન્યુરોપથી - જો લાંબા સમય સુધી બ્લડ સુગર નિયંત્રણમાં ન રહે તો તેનાથી રકતવાહિનીઓને નુકસાન થાય છે. જેના કારણે તેને સિગ્નલ મળવાનું બંધ થઈ જાય છે અને ઝણઝણાટી થાય છે.

### કિડનીની બિમારીથી પીડિત લોકોને પગની સમસ્યા વધુ

જ્યારે કિડની યોગ્ય રીતે કામ કરવાનું બંધ કરી દે છે, ત્યારે લોહીમાં ઝેરી તત્વો બનવા લાગે છે. જેના કારણે સ્વાસ્થ્ય સંબંધી અનેક સમસ્યાઓ ઉભી થાય છે. જેમાંથી એક પેરિફેરલ ન્યુરોપથી છે જેમાં પગમાં બળતરા થાય છે. કિડનીની બિમારીથી પીડિત દસ ટકાથી વધુ લોકોને પગના નીચેના ભાગમાં સોજો અને બળતરા થાય છે.

# રાજકોટમાં રૂ.૧૨.૮૯ લાખના ડ્રગ્સની ડિલિવરી આપવા આવેલો રાણાવાવનો મુસ્તાક ઝડપાયો

## સેલ્ફ ડ્રાયવમાં કાર ભાડેથી મેળવી મુંબઈથી ખેપ મારીને આવનાર શખ્સની રૂ. ૧૭.૯૫ લાખના મુદ્દામાલ સાથે નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ પરથી ધરપકડ કરતી એસઓજી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર એસઓજીની ટીમે રૂ. ૧૨.૮૯ લાખના એમડી ડ્રગ્સ સાથે રાણાવાવના મુસ્તાક શેખની ધરપકડ કરી છે. સેલ્ફ ડ્રાઈવમાં કાર ભાડેથી મેળવી મુંબઈથી ખેપ મારી રાજકોટના નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર ડિલિવરી આપવા આવેલા પેડલરને એસઓજીની ટીમે દબોચી લઈ રૂ.૧૭.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

રાજકોટ શહેર વિસ્તારમાં યુવાધનને નશાના કાળા અંધારામાં ધકેલાતા બચાવી નાર્કોટિક્સ પદાર્થનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત કાર્યવાહી કરવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે એસઓજી પીઆઈ એસ એમ જાડેજાના માર્ગદર્શન હેઠળ એસઓજી શાખાના હેડ કોન્સ્ટેબલ ફિરોજભાઈ રાઠોડ, દિગ્વિજયસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમારની સંયુક્ત બાતમીના આધારે શહેરના નવા દોઢસો ફૂટે રીંગ રોડ ઉપર હોટલ રોયલ રીટ્રીટની બાજુમાં વર્ધમાન



એવન્યુ એપાર્ટમેન્ટના ગેટ પાસેથી ૧૨૮.૯ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ જેની કિંમત રૂ.૧૨. ૮૯ લાખ સાથે મુસ્તાક રજાકભાઈ શેખ (ઉ.વ. ૩૩ રહે, રાણાવાવ હિન્દુસ્તાન ટ્રાન્સપોર્ટની સામે,પોરબંદર)ની ધરપકડ કરવામાં આવી હતી પોલીસે મુસ્તાક પાસેથી ડ્રગ્સ, મોબાઈલ, કાર અને રોકડ મળી કુલ રૂ.૧૭,૯૫, ૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

ઉલ્લેખની છે કે, મુસ્તાક શેખ અગાઉ પણ બે વાર એનડીપીએસના ગુનામાં જામનગર ખાતે ઝડપાઈ ચૂક્યો છે. અગાઉ ૬૦ ગ્રામ અને ૫૪ ગ્રામ ડ્રગની ખેપ મારીને આવતા જામનગર પોલીસે તેને ઝડપી લીધો હતો અને એ ડિવિઝન અને બી ડિવિઝન પોલીસમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી. જે બાદ ફરીવાર મુસ્તાક શેખ સેલ્ફ ડ્રાયવમાં કાર ભાડે મેળવી મુંબઈથી ડ્રગ્સની ખેપ મારી ડિલિવરી આપવા આવતા રાજકોટ ખાતે ૧૨૮. ૯ ગ્રામ મેફેડ્રોન સાથે ઝડપાયો છે. હાલ યુનિવર્સિટી પોલીસે મામલામાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી-સાવરકુંડલા નેશનલ હાઈવે પર વાહન અડફેટે સિંહબાળનું મોત

## રોડની બંને તરફ ફેન્સિંગ કરી આપવા સિંહ પ્રેમીઓની માંગઃ અકસ્માત કરનારા વાહન ચાલકની શોધખોળ માટે તપાસનો ધમધમાટ

**અબતક**
**પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી સાવરકુંડલા રોડ ઉપર દેવળિયાના પાટિયા પાસે અજાણ્યા વાહન સાથે આશરે ત્રણેક વર્ષના સિંહબાળનું અકસ્માતમાં મોત થયું હતું, આમતો અમરેલી તાલુકાના ખારાપાટ વિસ્તારોમાં ઘણાબધા સિંહો વસવાટ કરી રહ્યા છે અવાર નવાર શિકારની શોધમાં ગામમાં પણ ઘૂસી જવાના બનાવો બનતા રહે છે, વાહન અને ટ્રેન હડફેટે આવી જવાથી ઘણા બધા સિંહો મોતને ભેટી ચૂક્યા છે ત્યારે આજે અમરેલી સાવરકુંડલા નેશનલ હાઈવે ઉપર એક સિંહબાળ અજાણ્યા વાહનની હડફેટે આવી જતા મોત નિપજ્યાની ઘટના બનતા સિંહ પ્રેમીઓમાં નારાજગી જોવા મળી છે આ વિસ્તારમાં શેત્રુંજી સિવાય અન્ય સ્થાનિક નદીઓમાં પાણી હોવાના કારણે સિંહો અહીં અવર જવર કરતા રહે છે અને આસપાસના જંગલ વિસ્તારમાં પોતાનું રહેઠાણ પણ બનાવી ચૂક્યા છે જેના જેના કારણે રોડ ઉપર આવી જતા વાહનોની ઝપટમાં આવી જતા હોય છે અને ઈજાગ્રસ્ત થાય છે અથવાતો મોતને ભેટે છે , વન વિભાગ પણ આ બાબતે સતત સતર્કતાથી સિંહોના રક્ષણ માટે કાર્યશીલ છે છતાં પણ આવા અકસ્માતો થતા રહે છે આજે વહેલી સવારે રસ્તો ક્રોસ કરતા આશરે ત્રણેક વર્ષનું સિંહબાળ અજાણ્યા વાહન ના હડફેટે આવી જતા મોત નીપજ્યું છે, ઘટનાની જાણ થતાં લીલીયા વન વિભાગ ઘટના સ્થળે દોડી આવી સિંહના મૃતદેહનો કબજો લઈ પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો અને અકસ્માત સર્જનાર અજાણ્યા વાહનની શોધખોળ માટે તપાસ હાથ ધરવામાં આવી છે , ત્યારે આ વિસ્તારમાં રોડની બંને સાઈડ તાર ફેન્સિંગ કરી દેવામાં આવે જેથી આગામી દિવસોમાં આવી કોઈ ઘટના ના બને તેવી સિંહપ્રેમીઓ એ માંગ કરી છે.

# જેતપુરના ખારચીયા ગામના બસસ્ટેન્ડ નજીકથી ૧.૯૮૧ કિલો ગાંજો ઝડપાયો

## વિસાવદરના અલ્કેશ સાવલિયાની ધરપકડ કરી રૂ.૨૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરતી રાજકોટ ગ્રામ્ય એસઓજી

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય એસઓજી ટીમે જેતપુરના ખારચીયા ગામના બસ સ્ટેન્ડ નજીકથી ૧.૯૮૧ કિલોગ્રામ ગાંજા સાથે વિસાવદરના શખ્સની ધરપકડ કરી છે.



જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ દ્વારા રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં એનડીપીએસ એક્ટ હેઠળ વધુમાં વધુ કેસો કરી યુવા ધનને નશાના કાળા અંધારામાં જતા અટકાવવા માટેની સૂચના આપવામાં આવી હોય જે અનુસંધાને એસઓજી પીઆઈ એફ એ પારગીની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ ઈન્દ્રસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ, વીરરાજભાઈ ધાધલને સંયુક્ત બાતમી મળી હતી કે, અલ્કેશ કાંતિભાઈ સાવલિયા નામનો શખ્સ પોતાના કબ્જામાં ગેરકાયદેસર રીતે ગાંજાનો જથ્થો રાખી જેતપુર વિસાવદર રોડ પર ખારચીયા ગામના બસ સ્ટેન્ડની આજુબાજુમાં આટા ફેરા કરી રહ્યો છે. જે બાતમી મળતા એસઓજી ટીમે દરોડો પાડી અલ્કેશના કબજામાંથી ૧.૯૮૧ કિલોગ્રામ ગાંજો જેની કિંમત રૂ. ૧૯૮૧૦ મળી કુલ રૂ.૨૪,૮૧૦ નો મુદ્દામાલ કબજે કરી અલ્કેશ ઉર્ફે પીન્ટુ કાંતિભાઈ સાવલિયા (ઉ.વ.૩૦ રહે. મોટા કોટડા મેઈન બજાર, વિસાવદર,જુનાગઢ)ની ધરપકડ કરી હતી.

# મુંબઈ ઈન્ડિયન્સનો વિજયી ચોક્કોઃ ત્રીજા સ્થાને આવી ગયું

## મુંબઈએ ૧૪૪ રનનો લક્ષ્યાંક ૧૫.૪ ઓવરમાં મેળવી લીધોઃ રોહિત શર્માના અણનમ ૭૦ રન

**અબતક, નવી દિલ્હી**

મુંબઈ ઈન્ડિયન્સની ટીમ અહીં બુધવારે સતત ચોથી મેચ જીતી લીધી હતી. હાર્દિક પંડ્યાના સુકાનમાં એમઆઈની ટીમે સનરાઈઝર્સ હૈદરાબાદને વન-સાઈડેડ જેવી થઈ ગયેલી મેચમાં સાત વિકેટથી હરાવી હતી. એ સાથે, મુંબઈની ટીમ પોઈન્ટ્સ-ટેબલમાં છઠ્ઠા સ્થાનેથી ત્રણ ક્રમની છલાંગ લગાવીને ત્રીજા નંબર પર આવી ગઈ હતી. આ મેચ પહેલાં મુંબઈએ ચેન્નઈને, હૈદરાબાદને અને દિલ્હીને પરાજય ચખાડ્યો હતો.

બુધવારે રોહિત શર્મા (૭૦ રન, ૪૬ બોલ, ત્રણ સિક્સર, આઠ ફોર) ફરી ઝળક્યો હતો, પરંતુ જીતનો પાયો ફાસ્ટ બોલર ટ્રેન્ટ બોલ્ટે (૪-૦-૨૬-૪) નાખ્યો હતો. મુંબઈએ ૧૪૪ રનનો લક્ષ્યાંક ૧૫.૪ ઓવરમાં ૧૪૬/૩ના સ્કોર સાથે મેળવી લીધો હતો. વિલ જેક્સે બાવીસ રન કર્યા હતા અને સૂર્યકુમાર યાદવ ૪૦ રન કરીને અણનમ રહ્યો હતો. તેણે ૧૯ બોલની ઈનિંગ્સમાં બે છગ્ગા અને પાંચ ચોક્કા ફટકાર્યા હતા. તિલક વર્મા બે રન કરીને અણનમ રહ્યો હતો. પહેલાં, હૈદરાબાદે શરૂઆતથી જ મોટો ધબડકો જોયો હતો. એક તબક્કે ૧૩ રનમાં એની ચાર વિકેટ પડી હતી અને પાંચમી વિકેટ વખતે સ્કોર ૩૫ રન હતો. ટ્રેવિસ હેડ (૦), અભિષેક શર્મા (૮), ઈશાન કિશન (૧) અને નીતીશ રેડ્ડી (બે રન) સહિત આખો ટોપ-ઑર્ડર પાંચમી ઓવરના પ્રથમ બોલ સુધીમાં સાફ થઈ ગયો હતો. જોકે હિન્રિક ક્લાસેન (૭૧ રન, ૪૪ બોલ, બે સિક્સર, નવ ફોર) સુપર ઈનિંગ્સ રમ્યો હતો. તે પાંચમા ક્રમે બેટિંગમાં આવ્યો હતો અને અભિનવ મનોહર (૪૩ રન, ૩૭ બોલ, ત્રણ સિક્સર, બે ફોર) સાથે તેણે છઠ્ઠી વિકેટ માટે ૯૯ રનની બહુમૂલ્ય ભાગીદારી કરી હતી. હૈદરાબાદે ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૪૩ રન કર્યા હતા. ક્લાસેન ૧૯મી ઓવરમાં જસપ્રીત બુમરાહના બોલમાં તિલક વર્માના હાથમાં કેચઆઉટ થયો ત્યાર પછીની જ ઓવરમાં અભિનવ પોતાના ૪૩ રનના સ્કોર પર ટ્રેન્ટ બોલ્ટના બોલમાં હિટવિકેટમાં વિકેટ ગુમાવી બેઠો હતો. મુંબઈના બોલર્સમાંથી ટ્રેન્ટ બોલ્ટે સૌથી વધુ ચાર વિકેટ તેમ જ દીપક ચાહરે બે અને બુમરાહ-હાર્દિકે એક-એક વિકેટ લીધી હતી.

# રીજીયોનલ સાયન્સ સેન્ટરમાં શનિવારે સંશોધકો-ઉદ્યોગકારો માટે શિબિર

## સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા વિશ્વ બૌધ્ધિક સંપદા દિવસ અંતર્ગત આયોજીત કાર્યક્રમમાં બૌધ્ધિક સંપદાના નિષ્ણાંતો માર્ગદર્શન આપશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત ચાલતી સ્કીમ ફોર પેડેગોગી એન્ડ રિસર્ચ ઈન આઈ.પી.આર. ફોર હોલિસ્ટિક એજ્યુકેશન એન્ડ એકેડમીયા દ્વારા, રીજીયોનલ સાયન્સ સેન્ટરના સહયોગથી 'વિશ્વ બૌદ્ધિક સંપદા દિવસ - ૨૦૨૫' નિમિત્તે તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ થી બપોરે ૧:૩૦ સુધી રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ, ઈશ્વરિયા પાર્ક, માધાપર, રાજકોટ ખાતે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી નો વિશેષ સહયોગ મળ્યો છે. કાર્યક્રમમાં બૌદ્ધિક સંપદાના ક્ષેત્રમાં જાણકાર અને અનુભવી નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

આ અવસરે બે મુખ્ય વિષયો પર ચર્ચા કરવામાં આવશેઃ 'બૌદ્ધિક સંપદા અધિકારોના મૂળભૂત તત્વો અને તેના વિવિધ પ્રકારો વિશે સમજાવટ', જે નવીન વિચારોને કાયદેસર રીતે કેવી રીતે સુરક્ષિત કરી શકાય તે જણાવશે, અને 'પેટન્ટના કેસ સ્ટડીઝ અને તેમાં રહેલા કોમર્શિયલાઈઝેશનના અવકાશો વિશેની ચર્ચા', જેના માધ્યમથી નવોદિત સંશોધકો, સ્ટાર્ટઅપ સ્થાપકો અને ઉદ્યોગકારો માટે ઉપયોગી માર્ગદર્શન મળશે.

વિશિષ્ટ વિદ્વાનો તરીકે, એડવોકેટ હર્પ્રીત બેન્કર, અમદાવાદ, બૌદ્ધિક સંપદાના મૂળભૂત મુદ્દાઓ અંગે માહિતી આપશે અને એડવોકેટ મિસ ધરતી શાહ, અમદાવાદ, કેસ સ્ટડીઝના માધ્યમથી પેટન્ટની વ્યવહારિક અને વ્યાપારી દ્રષ્ટિથી સમજાવટ કરશે. આ કાર્યક્રમ ખાસ કરીને વિદ્યાર્થીઓ, સંશોધકો, સ્ટાર્ટઅપ સ્થાપકો, ઉદ્યોગસાહસિકો, નવીન વિચારો ધરાવતા ઈનોવેટર્સ, બિઝનેસ એસોસિયેશનો અને કાયદા વિષય સાથે જોડાયેલા વ્યાવસાયિકો માટે ખુબ જ ઉપયોગી છે. આ નિઃશુલ્ક કોઈપણ વ્યક્તિ ભાગ લઈ બૌદ્ધિક સંપદા અંગે માહિતી મેળવી શકશે.

આજના યુગમાં બૌદ્ધિક સંપદા માત્ર કાયદાની પરિભાષા નથી રહી, પણ તે એક મહત્વપૂર્ણ અર્થતંત્રનું સાધન બની ચૂકી છે. આ કાર્યક્રમનું મુખ્ય ધ્યેય એ છે કે વિચારથી બજાર સુધીની સફરમાં - વિચારને કેવી રીતે સુરક્ષિત કરવો અને તેનું વ્યાપારીકરણ કેવી રીતે કરવું તે અંગે એક સ્પષ્ટ દિશા દેખાડવી. આ માટે જો કોઈ પણ વ્યક્તિ પછી એ શાળા કોલેજોના વિદ્યાર્થીઓ હોય કે પછી કોઈ પણ વ્યક્તિ હોય અને તેઓની પાસે કોઈપણ પ્રકારનો ઈન્નોવેટીવ આઈડિયા, પ્રોડક્ટ, પ્રોસેસ છે તો આ કાર્યક્રમમાં ભાગ લેવા તેમને અપીલ કરાઈ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને ગુજકોસ્ટ દ્વારા આ પ્રકારના જાગૃતિ કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓ અને ઉદ્યોગકારોમાં આઈપીઆર પ્રતિ નૈતિક જાગૃતિ અને વ્યવહારુ સમજ વિકસાવવામાં આવી રહી છે. આ વિશ્વ બૌધ્ધિક સંપદા દિવસ નિમિતે યોજાયેલ કાર્યક્રમમાં જોડાઈને તેની સમગ્ર લાભદાયક માહીતી પ્રાપ્ત જાહેર અનુરોધ કરાયો છે.

## બાળકો, યુવાનો પર્વતારોહણ માટે થઈ જાઓ તૈયાર

# ઓસમ ડુંગર ખાતે યોજાશે પર્વતારોહણની સાહસિક શિબિર

**અબતક, રાજકોટ**

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, રાજકોટ દ્વારા ઓસમ ખાતે પર્વતારોહણની સાહસિક શિબિરનું આયોજન કરાયું છે.

આ શિબિરમાં ૮ થી ૧૩ વર્ષના બાળકો માટે એડવેન્ચર કોર્ષ,૧૪ થી ૩૫ વર્ષના યુવક-યુવતિઓ માટે બેઝિક કોર્ષ અને ૮ થી ૩૫ વર્ષના યુવક-યુવતિઓ માટે બિનનિવાસી એક દિવસીય તાલીમ શિબિરનું આયોજન ઓસમ (પાટણવાવ) તા.ધોરાજી જિ. રાજકોટ ખાતે યોજાનાર છે.

યુવાનોમાં સાહસિકતાના ગુણ વિકસે અને બાળકોમાં રહેલ સુષુપ્ત શકિતઓનો વિકાસ થાય તે હેતુથી સરકારશ્રી દ્વારા તાલીમાર્થીઓને પર્વતારોહણની એડવેન્ચર, બેઝિક અને એક દિવસીય બિનનિવાસી સાહસિક તાલીમ શિબિર યોજવામાં આવે છે. શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક તાલિમાર્થીઓએ નિયત નમુનામાં અરજી ફોર્મ સંપુર્ણ વિગતો ભરીને તા.૨૮/૦૪/૨૦૨૫ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી,૫/૫, બહુમાળી ભવન, રાજકોટ ખાતે મોકલી આપવા જિલ્લા યુવા વિકાસ અધિકારીએ જણાવાયું છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૧૧૪ | ૮૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૩૧૬ | ૧૪૦૦ | ૩૪૦૦ |
| સાકરટેટી | ૭૮ | ૨૫૦ | ૪૫૦ |
| તરબુચ | ૩૯૯ | ૨૦૦ | ૩૦૦ |
| બટેટા | ૩૨૪૦ | ૧૪૦ | ૩૧૧ |
| ડુંગળી સુકી | ૩૦૭૯ | ૭૫ | ૨૩૫ |
| ટમેટા | ૧૮૧૨ | ૧૦૦ | ૩૦૦ |
| સુરણ | ૯૩ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૬૨૫ | ૨૦૦ | ૫૦૦ |
| સકરીયા | ૧૩૪ | ૨૦૦ | ૪૦૦ |
| મુળા | ૩૩ | ૩૦૦ | ૪૫૦ |
| રીંગણા | ૪૩૫ | ૨૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૫૩૨ | ૪૦ | ૮૦ |
| ફલાવર | ૬૧૫ | ૪૫૦ | ૬૦૦ |
| ભીંડો | ૫૩૨ | ૫૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૪૩૦ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૧૦૪ | ૭૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૧૬૩ | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોળા | ૧૦૩ | ૮૦૦ | ૧૨૦૦ |
| દુધી | ૫૨૯ | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૩૧૫ | ૪૦૦ | ૬૪૦ |
| સરગવો | ૧૨૩ | ૧૦૦ | ૩૦૦ |
| તુરીયા | ૨૨૦ | ૭૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૫૯ | ૮૦૦ | ૧૦૫૦ |
| કાકડી | ૩૯૦ | ૪૫૦ | ૯૦૦ |
| ગાજર | ૪૪૦ | ૧૬૦ | ૩૪૦ |
| વટાણા | ૨૬૦ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૩૮૯ | ૪૦૦ | ૯૦૦ |
| બીટ | ૧૨૫ | ૬૦ | ૧૨૦ |
| મેથી | ૧૬૪ | ૨૦૦ | ૪૦૦ |
| વાલ | ૧૦૭ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૭ | ૧૫૦ | ૨૫૦ |
| આદુ | ૨૮૦ | ૬૦૦ | ૮૦૦ |
| મરચા લીલા | ૪૧૫ | ૨૦૦ | ૪૦૦ |
| લસણ લીલું | ૧૨૫ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| મકાઈ લીલી | ૩૧૪ | ૧૦૦ | ૧૬૦ |
| ગુંદા | ૪૫ | ૩૦૦ | ૬૫૦ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૪૦૦ | ૧૪૦૦ | ૧૫૩૫ |
| ઘઉં લોકવન | ૦ | ૪૮૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૦ | ૪૮૫ | ૬૨૦ |
| જુવાર સફેદ | ૮૦ | ૬૪૧ | ૮૨૨ |
| જુવાર લાલ | ૧૦ | ૭૦૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૫ | ૩૮૦ | ૪૫૦ |
| બાજરી | ૨૪ | ૩૫૩ | ૪૨૫ |
| તુવેર | ૧૨૫૦ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ચણા પીળા | ૦ | ૯૮૦ | ૧૧૦૫ |
| ચણા સફેદ | ૦ | ૧૨૨૫ | ૨૧૮૦ |
| અડદ | ૧૫૦ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| મગ | ૨૦૦ | ૧૧૫૦ | ૧૮૪૧ |
| વાલ દેશી | ૭૦ | ૮૧૫ | ૧૨૧૫ |
| વટાણા | ૮૦ | ૬૦૦ | ૧૭૩૧ |
| રાજમા | ૧૨૫ | ૩૫૦ | ૨૧૦૦ |
| મગફળી જાડી | ૧૪૪૦ | ૮૫૦ | ૧૦૪૨ |
| મગફળી જીણી | ૯૬૦ | ૯૦૦ | ૧૨૨૦ |
| તલી | ૩૫૦ | ૧૭૦૦ | ૨૦૦૪ |
| સુરજમુખી | ૬૦ | ૧૨૦૦ | ૧૭૫૦ |
| એરંડા | ૧૬૦૦ | ૧૧૩૦ | ૧૧૮૨ |
| અજમો | ૭૦ | ૯૦૦ | ૧૬૦૦ |
| સુવા | ૫૦ | ૧૪૫૦ | ૧૬૦૯ |
| સોયાબીન | ૯૭૦ | ૮૦૦ | ૮૩૦ |
| સીંગફાડા | ૪૨૦ | ૧૦૫૦ | ૧૩૩૫ |
| કાળા તલ | ૧૫ | ૩૦૦૦ | ૪૪૦૦ |
| લસણ | ૧૩૫૦ | ૮૫૦ | ૧૭૨૫ |
| ધાણા | ૨૫૦૦ | ૧૧૦૦ | ૧૫૮૦ |
| મરચા સુકા | ૦ | ૮૨૦ | ૨૧૨૦ |
| ધાણી | ૧૫૦૦ | ૧૨૦૦ | ૧૬૪૦ |
| વરીયાળી | ૧૨૧૦ | ૧૬૫૦ | ૨૭૦૦ |
| જીરૂ | ૬૬૦ | ૩૭૭૦ | ૪૪૯૦ |
| રાય | ૨૫૦ | ૧૦૭૦ | ૧૩૪૦ |
| મેથી | ૦ | ૮૧૦ | ૧૨૮૦ |
| ઈસબગુલ | ૨૦ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| અશેરીયો | ૧૨ | ૧૩૫૧ | ૧૩૫૧ |
| કલોંજી | ૧૫૦ | ૩૧૪૦ | ૩૭૭૦ |
| રાયડો | ૪૦૦ | ૯૫૦ | ૧૧૦૦ |

## પ્રાકૃતિક ખેતીને વેગ આપવા

# "પોષણ પ્રાકૃતિક ફાર્મ" દ્વારા ગૌમૂત્ર બેંક થકી ગાયના નિભાવના ખર્ચમાં થશે સહાય

## ગૌમૂત્રમાંથી બનાવાય છે પંચગવ્ય ઉત્પાદનોઃ અર્ક અને જૈવ રસાયણ દ્વારા પ્રાકૃતિક ખેતીને વધુ સમૃદ્ધ બનાવવાના પ્રયાસો કરતાં રાજુભાઈ પટોળીયા

**અબતક, રાજકોટ**

પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા વિવિધ રીતે ખેડૂતોને સહાય કરવામાં આવી રહી છે ત્યારે રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના બોરડી સમઢીયાળા ગામના ખેડૂત રાજુભાઈ પટોળીયાએ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને વ્યવહારુ રીતે પડતી મુશ્કેલીઓ વિશે જાણી વિશિષ્ટ બેંકની રચના કરી છે. રાજુભાઈ પટોળીયાએ પોતાના ત્રણ એકરના ખેતરમાં પ્રાકૃતિક ખેતી સાથે જ ગૌમુત્ર બેંક બનાવી અર્ક બનાવવાનું માળખું બનાવ્યું છે.



વર્ષ ૨૦૧૧માં પ્રાકૃતિક ખેતીના પાઠ ભણેલાં રાજુભાઈ પટોળીયાએ અન્ય ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે અવિરત પ્રયાસો કર્યા, ખેડૂતોની મુલાકાત સમયે તેમને જાણવા મળેલા પ્રશ્નોમાં ગાયના નિભાવનો પ્રશ્ન પણ હતો. જેને ધ્યાને લઈને રાજુભાઈએ પોતાના ખેતર "પોષણ પ્રાકૃતિક ફાર્મ" ખાતે ગૌમુત્ર બેંક બનાવી.આ બેંકમાં આસપાસના ખેડૂતો ૧૦ રૂપિયા પ્રતિ લીટર પોતાની ગાયનું ગૌમુત્ર વેચી શકે છે. આ પ્રકારે મળતી નાની સહાય પણ ગાયના નિભાવમાં મદદરૂપ બની રહી છે.

રાજુભાઈએ જણાવ્યું હતુ કે, ૨૦૧૧ થી પ્રાકૃતિક ખેતી કરતા અમે ૨૦૨૪માં રાજકોટ જિલ્લામાં આત્મનિર્ભર ગૌ -પ્રાકૃતિક સમૂહ બનાવ્યો. તેમાં અનેક ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે સતત શિબીરો કરી જોડવાના પ્રયાસો કર્યા, સાથે જ ખેડૂતોને મદદરૂપ થવા માટે ગૌમૂત્ર બેંક ચાલુ કરી.આ ગૌમૂત્ર બેંકમાં ગૌમુત્રની ખરીદી કરી તેનાથી પંચગવ્યના વિવિધ ઉત્પાદનો બનાવવામાં આવે છે. ખેતર ખાતે ખાસ કરવામાં આવેલી વ્યવસ્થામાં બોઈલરમાં ગૌમૂત્ર અને વનસ્પતિના પાનના મિશ્રણને ઉકાળી નિસ્યંદન પ્રક્રિયા દ્વારા પ્રાકૃતિક અર્ક બનાવવામાં આવે છે.આ અર્ક પ્રાકૃતિક દવા સ્વરૂપે ખેડૂતો કે કિચન ગાર્ડન કરતાં કોઈપણ પ્રાકૃતિક ખેતી પ્રેમી લોકોને વેચવામાં આવે છે. આમ, ગૌમૂત્ર ખરીદી દ્વારા તો ખેડૂતોને મદદરૂપ થવામાં આવી જ રહ્યું છે સાથે જ આ પ્રાકૃતિક દવાઓ તૈયાર કરી ખેડૂતોને આપવાથી નાના અને અતિ વ્યસ્ત ખેડૂતોનો સમય બચે છે.

# જાફરાબાદઃ ક્રિકેટ મેચ જોતી વખતે ખારવા સમાજના બે જૂથો વચ્ચે ખેલાયું ધીંગાણું..!

**અબતક ચેતનવ્યાસ રાજુલા**

જાફરાબાદ માં નગરપાલિકાની ચૂંટણીનો રાજકીય માહોલ જામ્યો છે ત્યારે ગઈકાલે રાત્રે પાનની દુકાને આઈ પી એલ મેચ જોતી વખતે ખારવા સમાજના બે પ્રતિસ્પર્ધી જૂથો વચ્ચે મારામારી નો મામલો વાયા સોશિયલ મીડિયા થઈ પોલીસ સુધી પહોંચ્યો છે

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ જાફરાબાદમાં ગત મોડી રાત્રે પાનના ગલ્લે ચાલતી આઈપીએલ મેચ જોતી વખતે ગત નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઉભા રહેલા યુવાનો અને પાંચેક સાથીદાર ઉપર હુમલો થયો હતોજાફરાબાદ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નો પુત્ર, કારોબારી ચેરમેન સહિત ૯ સામે હુમલો કર્યાનો આક્ષેપ થયો છે હાથો હાથની જામી પડેલી લડાઈ અંગે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વિડીયો બાદ સામ સામે પોલીસ ફરિયાદ નોંધાય છે તેમાં જાફરાબાદ ખારવા સમાજના પટેલ કનૈયાલાલ સોલંકી, નગરપાલિકાના ચેરમેન, માછીમાર બોટ એસોસિએશન જાફરાબાદ ના પ્રમુખ સુરેશભાઈ સોલંકી, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ભગુભાઈ ના પુત્ર અને તેના પરિવારજનો રાજેશભાઈ ભગુભાઈ સોલંકી ના પુત્ર વિશ્વાસ સોલંકી ધવલ સોલંકી સહિતના રાજકીય આગેવાનો ના નામે સામ સામે ફરિયાદ નોંધાતા જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણી પહેલા જ શહેરમાં રાજકીય માહોલ ગરમાઈ જવા પામ્યો છે

# ગુજરાત શોકમગ્નઃ ભાવનગર - સુરતમાં હતભાગીઓની અંતિમ યાત્રામાં જન સૈલાબ

## પહેલગામ હુમલામાં મોતને ભેટેલા ભાવનગરના પિતા-પુત્રની સ્મશાન યાત્રામાં ખૂદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાઃ પરિવારજનોને સાંત્વના પાઠવી, સુરતમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ અને ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી હતભાગીની અંતિમ યાત્રામાં સામેલ થયા







**અબતક, રાજકોટ**

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ગત મંગળવારે પ્રવાસીઓ પર આતંકવાદીઓએ કરેલા હુમલામાં ૨૮ નિર્દોષ નાગરીકોના મોત નિપજયા છે. ભાવનગરના પિતા-પુત્ર યતિનભાઈ પરમાર અને સ્મીતભાઈ પરમારને આતંકવાદીઓએ ગોળી ધરબી મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ ઉપરાંત સુરતના શૈલેષભાઈ કળઠીયાનું પણ હુમલામાં મોત નિપજયું હતું. આજે ત્રણેય મૃતકોની ભાવનગર અને સુરત ખાતે અંતિમ વિધી કરવામાં આવી હતી. જેમાં હજારોની સંખ્યામાં અશ્રભીની આંખો સાથે લોકો જોડાયા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ભાવનગર ખાતે સદગતોની સ્મશાન યાત્રામાં જોડાયા હતા. તેઓએ હતભાગીઓના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. સુરત ખાતે શૈલેષભાઈની અંતિમ વિધીમાં કેન્દ્રીય જળ શકિત મંત્રી અને ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલ અને ગુજરાત સરકારના ગૃહ રાજય મંત્રી હર્ષદભાઈ સંઘવી સામેલ થયા હતા.

જમ્મુ કાશ્મીરનાં અનંતનાગ જિલ્લાના પહેલગામ ખાતે જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના બે સ્વર્ગસ્થ નાગરિકોના મૃતદેહ ગઈકાલે રાત્રે વિમાન માર્ગે અમદાવાદ એરપોર્ટ પર લવાયા હતા. એરપોર્ટ પર આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, પ્રોટોકોલ મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, મંત્રી મુકેશ પટેલે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

પહેલગામ આતંકવાદી હુમલાના ભોગ બનેલા ત્રણ ગુજરાતી પ્રવાસીઓના મૃતદેહને શ્રીનગરથી વિમાન માર્ગે ગુજરાત પરત લાવવા માટેની તમામ વ્યવસ્થા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સતત દિશાનિર્દેશનમાં રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગર દ્વારા કરવામાં આવી હતી ભાવનગરના બે મૃતકોને અમદાવાદ સુધી હવાઈ

(અનુ. આઠમા પાને)

### મુખ્યમંત્રીએ હતભાગીઓના ઘરે જઈ મૃતકનાપરિવારજનોને સાંત્વના પાઠવીઃ સંવેદના વ્યક્ત કરી

જમ્મુ કાશ્મીરનાં પહેલગામમાં થયેલાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા ભાવનગરના સ્વર્ગસ્થ પિતા-પુત્રને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના ઘરે જઈ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ભાવનગરના કાળિયાબીડ વિસ્તારમાં આવેલ નંદનવન સોસાયટીમાં રહેતાં યતીશભાઈ સુધીરભાઈ પરમાર અને તેમના પુત્ર સ્મિત યતીશભાઈ પરમારનું આતંકી હુમલામાં દુઃખદ અવસાન થયું છે. તેમના મૃતદેહને મોડી રાત્રે ભાવનગર ખાતે લાવવામાં આવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે હતભાગીઓના ઘરે જઈ મૃતકના પરિવારજનોને સાંત્વના પાઠવી સંવેદના વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સ્વર્ગસ્થ પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી દિવંગત આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રીની સાથે કેન્દ્રિય રાજય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, મેયર ભરતભાઈ બારડ, ધારાસભ્યો સર્વ જીતુભાઈ વાઘાણી, શ્રીમતી સેજલબેન પંડ્યા, ભીખાભાઈ બારૈયા, ગૌતમભાઈ ચૌહાણ, જિલ્લા કલેકટર ડો. મનોજકુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી હનુલ ચૌધરી, રેન્જ આઈ.જી ગૌતમ પરમાર સહિતના અગ્રણીઓએ મૃતક પિતા-પુત્રને શ્રદ્ધાંજલિ અર્પણ કરી આ દુઃખની ઘડીમાં સહભાગી બન્યા હતા.

# કાશ્મીર ફરવા ગયેલા રાજકોટના તમામ ૧૩ પ્રવાસીઓ સલામત

### જિલ્લા વહીવટી તંત્રને સતત સંપર્કમાંઃ તમામ મદદની ખાતરી

**અબતક, રાજકોટ**

કાશ્મીરના પ્રવાસે ગયેલા રાજકોટના ૧૩ પ્રવાસીઓ સંપૂર્ણ સલામત છે. જિલ્લા કલેકટરના દિશા નિર્દેશ મુજબ તમામ પ્રવાસીઓને રૂબરૂ મળીને તેમની સલામતીની હૈયાધારણા સંબંધિત વિસ્તારના મામલતદારો પાઠવી હતી.

જિલ્લા વહીવટી તંત્રના જણાવ્યા મુજબ, કાશ્મીરના પ્રવાસે ગયેલા રાજકોટના કુલ ૧૩ પ્રવાસીઓ હાલ સંપૂર્ણ સલામત છે, કુલદીપસિંહ નકુમ, રુચિ નકુમ, રાજદિપસિંહ વાઘેલા, વૈશાલીબા વાઘેલા, જગદિપ રસિકલાલ પારેખ, નીતાબેન જગદીશ પારેખ, મહેન્દ્રભાઈ એમ. મહેતા , મયુરીબેન એમ મહેતા, નીરવ રમેશભાઈ આચાર્ય, કિંજલબેન નીરવભાઈ આચાર્ય, જ્ઞાનેશ નિરવભાઈ આચાર્ય, તીર્થ નિરવભાઈ આચાર્ય અને હેત મનોજભાઈ માંકડહાલ કાશ્મીરમાં છે.

કલેકટર પ્રભવ જોશીના દિશા નિર્દેશ મુજબ ઉપરોકત તમામ વ્યકિતઓનો સંબંધિત વિસ્તારના મામલતદારોએ સંપર્ક કરીને કાશ્મીરની મુલાકાતે ગયેલા તેમના સ્વજનો સહી સલામત હોવાની હૈયાધારણા પાઠવી છે, અને જિલ્લા વહીવટી તંત્રના તમામ સહયોગની ખાતરી આપી છે. જમ્મુ કાશ્મીરમાં પહલગામ ખાતે થયેલા આતંકવાદી

(અનુ. આઠમા પાને)

### ગુજરાતના મૃતકોના પરિજનોને પાંચ લાખની સહાય જાહેર કરતી રાજય સરકાર

જમ્મુ - કાશ્મીરના પહલગામના બૈરાસનમાં ગત શુક્વારે થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ પ્રવાસીઓના મોત નિપજયા હતા. જેમાં ગુજરાતના ત્રણ પ્રવાસીઓનો સમાવેશ થાય છે. સૌરાષ્ટ્રના ભાવનગરના બે અને દક્ષિણ ગુજરાતના સુરતના એક પ્રવાસીનું મોત નિપજયું છે. ગઈકાલે રાતે ત્રણેય મૃતદેહને રાજકોટ લાવવામાં આવ્યા હતા. રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જમ્મુ-કાશ્મીરમાં આતંકી હુમલામાં માર્યા ગયેલા ત્રણ ગુજરાતી પ્રવાસીઓના પરિવારજનોને પાંચ લાખની આર્થિક સહાય આપવાની ઘોષણા કરી છે જયારે ઘાયલોને ૫૦ હજારની સહાય આપવામાં આવશે તેવી જાહેરાત કરાય છે.

### આતંકી હુમલાના ઘેરા પ્રત્યાઘાતો

## મોરબીની બજારોમાં દુકાનો પર 'ધર્મ પુછીને સામાન ખરીદો'ના સ્ટીકરો લાગ્યા

### વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળે આ હિન્દુની દુકાન છે, ધર્મ પુછીને સામાન ખરીદો તેવા સ્ટીકરો લગાવ્યા

**અબતક, ઋષી મહેતા, મોરબીઃ** કાશ્મીરના પહેલગામમાં આંતકવાદીઓ દ્વારા ૨૭ જેટલા હિન્દૂ-પર્યટકોની ધર્મ પૂછીને કરાયેલી હત્યાની ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે, જેમાં મોરબી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા બજારની દુકાનો પર આ હિન્દુની દુકાન છે અને ધર્મ પૂછીને સમાન ખરીદો જેવા સ્ટીકરો લગાવાયા છે, આ સ્ટીકરોમાં હુમલાની હૃદયદ્રાવક તસવીરો પણ મૂકાઈ છે. તાજેતરમાં કાશ્મીરના પહેલગામમાં સમગ્ર વિશ્વને હચમચાવી દે તેવો આંતકવાદી હુમલો થયો હોવાની ઘટનામાં આતંકવાદીઓએ હિન્દુ-પ્રવાસીઓને તેના ધર્મ પુછીને હત્યા કરી હતી. આ ઘટના સમગ્ર દેશમાં શોક અને રોષની લાગણી પેદા કરી રહી છે. આ ઘટનાને આધારે મોરબી શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા વિરોધ રૂપે એક અનોખુ પગલું ઉઠાવવામાં આવ્યું છે. મોરબીની બજારોમાં આવેલા વિવિધ વિસ્તારોમાં અનેક દુકાનો પર વિશિષ્ટ પ્રકારના સ્ટીકરો ચોટાડવામાં આવ્યા છે. આ સ્ટીકરોમાં લખાણ છે કે, ''આ હિન્દુની દુકાન છે'', ''ધર્મ પુછીને સમાન ખરીદો'', તથા ''પહેલગામ હુમલાની ભયાનક યાદ અપાવે તેવી તસવીરો'' મુકવામાં આવી છે.




પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ
અબતક
સાંધ્ય દૈનિક

વાર્ષિક લવાજમ યોજના
૦૧-૦૫-૨૦૨૫ થી ૩૦-૦૪-૨૦૨૬

યોજના નં. ૧
લવાજમ રૂ.૧૦૫૧/-
સિગ્નેચર બ્રાન્ડનું પરફ્યુમ તથા ડિઓ




યોજના નં. ૨
લવાજમ રૂ.૧૨૫૧/-
ડબલ હાથી મસાલાનું ૧ કિ.ગ્રા. મરચું, ૫૦૦ ગ્રામ હળદર તથા ૫૦૦ ગ્રામ ધાણાજીરૂ

૧ કિ.ગ્રા.
૫૦૦ ગ્રામ
૫૦૦ ગ્રામ




વિશેષ નોંધઃ
(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળઃ અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.
આજે જ સંપર્ક કરો : MO:- +૯૧ ૭૦૪૮૧ ૩૦૦૦૧, ૦૨૮૧- ૨૪૬૧૨૩૪